આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક
આવતી કાલનાં નાગરિકોના ઘડતર માટેનું આજનું માસિક


કુમાર

સંસ્થાપક
રવિશંકર
રાવળ



નાગરાજ. અજંતાની ૧૫-૧૬મી ગુફા પાસેની એક પ્રતિમા, ખંડિત છતાં તેની ગરિમામંડિત અંગછટા અને સૌમ્ય, ધ્યાનમગ્ન સ્વસ્થ મુખમુદ્રાથી પાતાલેન્દ્ર નાગરાજના રાજત્વયુક્ત ગૌરવનો પ્રભાવ પ્રસારે છે. (જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ)

આવતી
કાલનાં
નાગરિકોના
ઘડતર
માટેનું
માસિક
સુવર્ણજયંતી
વર્ષ
અંક ૧૧મો
નવેમ્બર
૧૯૭૩
તંત્રી
બચુભાઈ
રાવત
સળંગ અંક
૫૯૯



◁
બપોર
ધોમ તડકામાં
ગામડાના
શાંત-સૂનકાર
વાતાવરણને
તાદૃશ ઉઠાવ આપતું
સુંદર જલરંગ-ચિત્ર.





ચિત્રકાર અને શિલ્પી
જયંતીલાલ ઠાકરની
ત્રણ કૃતિઓ.
(જુઓ 'કલાવાર્તા')

ઉપર:
'ફળ વેચનારીઓ'
એક શિલ્પાંકન

ડાબી બાજુ :
**મુંબાઈના મસ્જિદબંદરનાં
છાપરાં**
ઊભી અને તીરકસ રેખાઓ
તથા તેજછાયાના પલટાથી
ઉઠાવ પામતું આલેખન.

કુમાર

નવેમ્બર ૧૯૭૩ · અંક ૫૯૯

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫

હાથ પહોંચતો હોય તેમને

'કુમાર'નો આવતો અંક એ તેનો ૬૦૦મો – સુવર્ણજયંતી અંક હશે. અમારા એવા સંખ્યાબંધ ગ્રાહકો-ચાહકો હશે જેઓ અમે આવા કપરા કાળમાં ઉપાડેલા આવા મોટા ખર્ચના સાહસમાં સહાયભૂત થઈ શકે. એવા મહાનુભાવોને પોતાના ઉદ્યોગ/પેઢીની જાહેરખબર આપીને અમને હૂંફ આપવાની આથી વિનંતી કરીએ છીએ. જાહેરખબરના દર તથા તેની સાથે ભેટ મોકલાતું સુંદર ત્રિરંગી ચિત્ર તેઓ અમારી પાસેથી મંગાવી લે અને અમારે પડખે ઊભા રહે. □

વાચકો લખે છે

दीपावली-मंगलम्

शेफालिका-परिमलैर्मुदिता धरित्री
क्षेत्रेषु गोप-ललनाः ललितं स्वनन्ति।
दीपावली विघटयँ स्तमसां वितानम्
दूरी-करोतु दुरितं मनसां जनानाम्॥

संमोदतां सुकृषिणा सुफला धरित्री
सारस्वती विजयतां रचना समाजे।
तेजो चिवर्धतु सदा मुनि सत्तमानाम्
कल्याणमस्तु जगतां, तमसां विनाशः॥
(एवं भावयति–विद्यालंकारः शंकरदेवः)

∞

જેવી વહે શરદની સુપ્રસન્ન ગંગા,
બંને તટે સભર ગંભીર, નિસ્તરંગા;
એવી સમૃદ્ધ ઊજળી પુરુષાર્થધારા,
વ્હેજો ભરી જીવનજાહ્નવીના કિનારા.
જાગો પ્રજા દૃઢ, બલિષ્ઠ, પ્રફુલ્લ યૌવને,
હોમાનલે પુનિત ભારતનાં તપોવને.

—નાથાલાલ દવે

∞

સ્વાધ્યાયમાં અચલ આસન હો ગિરિનું,
વૈચારિકી ગતિ મરાલની પાંખભેળી.
ને લેખણે વહત જાહ્નવી શબ્દની હો,
સર્વત્ર સાત્ત્વિકી કલા વિલસો સદૈવ.

—ભાનુપ્રસાદ પંડ્યા

∞

કરામત

મૃત્તિકાના કણકણે,
કિરણો રમે ને
રૂપ જેનું રૂમઝૂમે
તૃણના ઝૂલતા હેજ ઢીલે:
હો નિત્યતાના આભલાની
લાખ આંખો મ્હેંકતી રહે:
તિમિરનાં અંજન શીળાંની
શી કરામત!
...આપણી યે કૈં કુટિરના
આંગણે, નમણે ડગે
ટૂકે અનાગત:
ફાકીની ભીનપ સુવાસે
નીતરે ગરવી ધરાનું
ગૌર સ્વાગત!

—વ્રજલાલ દવે

સૂર્ય દીવો પેટાવતો નથી
તારા ફૂલઝડી ઉડાડતા નથી
ધરતી ચકરડી ચકરાવતી નથી
કે વીજળી ટેટા ફોડતી નથી.
તળાવ મોજાં માંજતું નથી
પહાડો સરવૈયાં માંડતા નથી
વૃક્ષો સ્નેહીઓને ભેટતાં નથી
કે ગુલમોર greetings લખતાં નથી.
ચકલીઓ મોહનથાળ શેકતી નથી
મોરલા સાથિયા પૂરતા નથી
કોકિલ શરણાઈ છેડતા નથી
કે અમાસ ચંદ્ર ચીતરતી નથી.
આપણે–માત્ર આપણે જ
કૃત્રિમ આયાસો...
પર્વ નથી માટે જ ને?!
નવા વર્ષે
પર્વ બનવા આયાસ કરીએ.

—હસમુખ રાવલ

∞

આપો એવું બસ સરવ કે ખૂટતું ના કદીયે
આપ્યે રાખ્યે ફરી ફરી ફળે ને પુનઃ વૃદ્ધિ પામે;
જાણે શૈલે ગુપત જલશક્તિ વહે ચેતના એ
ને સિન્ધુની સભર-તરલા સમૃદ્ધિ શુભ્ર જામે!

—સુધાંશુ

∞

ઑગસ્ટ અંકમાં ભાઈશ્રી ખોડીદાસ પરમાર અને શ્રી હરિવલ્લભ ભાયાણી વચ્ચે 'નરકેશરી' અને 'રાજેશરી' શબ્દોના અર્થો કરવાની ચર્ચામાં મને રસ પડ્યો છે. હું નરકેશરી અને રાજેશરીના સમાસો નરકેશરી એટલે નરોમાં સિંહ–નર-સિંહ જેવો, અને રાજેશરી તે રાજ્યશ્રી–રાજ્યની શોભા, એવા જુદા જ અર્થસમૂહો હોવાનું માનું છું. અગાઉ પત્રવ્યવહારમાં રા. રા. (રાજ્યમાન્ય રાજ્યશ્રી) લખાતું તે હવે શ્રીમાન ભાઈશ્રી લખાય છે. 'નરકેશરી'ને નરકનો શ્રી કહેવામાં અરુચિ પેદા થાય છે.

મારી પોતાની અવટંક 'રાવળ' હોવાથી હું વર્ષો સુધી 'રાવળ' અભિધાન બ્રાહ્મણ કોમમાં કેમ આવ્યું તેની તપાસમાં રહ્યો છું. મેવાડના રાજવી પણ 'રાવળ' કહેવાય છે અને દાતણ વેચનાર પણ પોતાને 'રાવળ' કહે છે, જે લોકોક્તિમાં 'રાવળિયા' એવો ભ્રષ્ટ શબ્દ બન્યો છે.

પ્રથમ મેં મારા ઇતિહાસકાર મિત્ર સ્વ. રત્નમણિરાવ ભીમરાવ જોટને પૂછેલું ત્યારે તેમણે કહેલું કે 'રાવળ' શબ્દ માનવાચક છે. જ્ઞાતિ કે સમાજમાં જે શ્રેષ્ઠ હોય તેને 'રાવળ' પદ અપાય છે. ધીરેધીરે તેમાંથી રાવ, રાવ સાહેબ, રાય સાહેબ, રાવબહાદુર, રાયબહાદુર આદિ શબ્દોનો સંબંધ સર્જાયો. એમાં મૂળ પ્રભાવ 'રા' અક્ષરનો છે. 'રી' પણ એવો જ શબ્દ છે.

મારા અભ્યાસમાં જણાયું છે કે પ્રાચીન ઇજિપ્તના ઈષ્ટદેવતા 'રા' એટલે સૂર્ય હતા અને તે અક્ષર પ્રકાશ કે તેજનો સૂચક હોઈ બધાં તેજસ્વી નામોમાં પ્રથમ આવે છે. ઇજિપ્તમાં ઈષ્ટદેવ 'રા' હતા એટલે રાજા રામેસીસ થયા. રોમમાં પ્રથમ રાજા રેમ્યુલસ રીમસ થયા. ભારતમાં રામ સૂર્યવંશી અવતાર ગણાયા, અને જ્યાં જ્યાં ભાષામાં 'ર'નો પ્રયોગ થાય છે ત્યાં કંઈક પ્રભાવનું સૂચન છે. અભ્ર, સાભ્ર વગેરે. વળી રાજા, રાજવી, રાજેન્દ્ર; અંગ્રેજી રેઈન (રાજ્ય), રેલ્મ (વિશાળ રાજ્ય). આમ 'રા' પરથી 'ર' નો વિસ્તૃત ઉપયોગ સમજાય તો 'રાજેશરી' કે 'નર-કેશરી'ના ભાવો સહજ પ્રકટ થશે.

(અમદાવાદ) —ર. મ. રાવળ

∞



આ સાથે એક પથ્થર પર લખાએલા લેખનો ફોટો મોકલું છું, કોઈ મિત્ર એ ઉકેલી આપશે તો આનંદ થશે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

તો યે...! / ગીતા પરીખ

• સવૈયા •

કુરુક્ષેત્ર ના, વિશ્વયુદ્ધ શાં અહીં મચ્યાં તોફાન,
ફરિયાદોની હારમાળથી મૂઢ બન્યા મુજ કાન;
ઊથલપાથલ, મારામારી, અસહ્ય શોરબકોર
—બધું શમ્યું ક્યાં?—
તમે ગયાં ત્યાં ઘર આખાનો વહી ગયો વંટોળ!

વાવાઝોડા સમ જીવનથી વ્યાકુળ મનને ત્રાસ,
માંડ લઇ છુટકારો પળનો ઉચ્ચારે ઉર 'હાશ!'...

...'હાશ'! વદું ત્યાં અસ્તવ્યસ્ત સૌ ચીજમહીં પડઘાય,
ટેબલ, ખુરશી, ખાટ નીચેથી 'હુક્!' કરી સંતાય.
મારો થપ્પો કરવા માટે હજી કેટલી યાદ
ઘરને ખૂણેખૂણે છુપાઈ કરે અગોચર સાદ!

કોલાહલને વ્યગ્ર વલોણે તરી રહે કિલ્લોલ,
સ્તબ્ધ ગેહના શૂન્યાકાશે વ્હાલપનો હિલ્લોલ.

એકાંતે અટવાઈ શાંતિ મુજ, ભણકારે ભરમાય,
ઝંઝા બાદ નીરવતા... તો યે નેવાં ટપકી જાય!

તો યે: બાળકોનાં શોરબકોર અને તોફાનમસ્તીથી કાયર થઈ શાંતિ ઈચ્છતી માતાને એમના ગયા પછીની નીરવતા જ કેવી અસહ્ય થઈ પડે છે. તેનું ભાવભર્યું ગૃહચિત્ર તાદૃશતાથી અહીં આલેખાયું છે. એ બાળકોની અનુપસ્થિતિમાં પણ એ જ શોરબકોર અને તોફાનમસ્તીભર્યું વાતાવરણ શાંતિમાં અટવાએલા માતાના મનને ભણકારાથી ભરી દે છે, ફરી કિલ્લોલ છાયી રહે છે, એ ગદ્‌ગદ ભાવ કાવ્યાંતે ઝંઝા બાદની નીરવતા પછી ટપકી જતાં નેવાંના સમુચિત કલ્પનથી અભિવ્યક્ત કરાયો છે. **ગઈ:** શક્યતામાં અશક્યતા અને અશક્યતામાં શક્યતા જેવી વિરોધી ભાવપરિસ્થિતિને વિવિધ અને સચોટ રીતે આલેખતી ગઝલ. **પંખો:** પાંખો છતાં ય ગગન નહિ, ફેર ચડે તો ય પતન નહિ, પવન ઢોળે પણ પોતામાં પવન જેવું નહિ, એમ વિવિધ રીતે પોતાની દેખાય છે તે કરતાં જુદી જ સ્થિતિનું નિરૂપણ કરતી પંખાની પ્રતીકાત્મક ઉક્તિ.

ગઈ / મનસુખ વાઘેલા

• ગઝલ •

જલ બધું સામે છતાં કૈં ના થયું,
મૃગજળો જોઇ તરસ લાગી ગઈ!

ના યમુના, ના કોઈ ગોકુળ અહીં
વાંસળી કયાંથી અરે! વાગી ગઈ!

આંખનાં દ્વારો બધાં યે બંધ છે,
રાત પાંપણ એટલે જાગી ગઈ!

છું ઊભો હું હાથ લંબાવી છતાં
તું જ મારા શ્વાસને માગી ગઈ!

ચોતરફ 'મનસુખ'ને મળવા જાઉં છું,
આંખ મુજને એટલે ત્યાગી ગઈ!

નવા નવા / 'રાઝ' નવસારવી

- ગઝલ -

દેખાય છે જે આજ અહીં પથ્થર નવાનવા,
કાલે બની જવાના એ ઈશ્વર નવાનવા.

તારા વિષેનો પ્રશ્ન અનાદિથી એક છે,
કિંતુ મળે છે હર યુગે ઉત્તર નવાનવા.

તો પણ ન જાણે કેમ સતત ખાલી હાથ છે!
અલ્લાહ રોજ દે છે મુકદ્દર નવાનવા.

મંઝિલ મળી શકે છે સરળતાથી એમ તો,
રસ્તાથી છે અજાણ આ રાહબર નવાનવા.

તારા મિલનની શક્યતા જીવંત રાખવા
પેદા કરું છું રોજ હું અવસર નવાનવા.

તારા વિરહમાં એવો દીવાનાનો હાલ છે.
જાણે નદીને શોધે છે સાગર નવાનવા.

પંખો / અરવિંદ ભટ્ટ

• ગઝલ •

ને સતત આકાશને વીંઝયા કરું,
મારી પાંખોમાં ગગન જેવું નથી.

કે મને પણ ફેર ચડતા હોય તો
આ ગતિમાં કંઈ પતન જેવું નથી.

મેં રચ્યા ભ્રમના વલયમાં કેદ છું
તો ય મારામાં જીવન જેવું નથી.

કોઈ મારા ભેદને સમજો હવે,
કંઈ જ મારામાં પવન જેવું નથી.

૬૦૦મો અંક સલામત મેળવવાની યોજના

આવતા માસનો અંક ૬૦૦મો અને સુવર્ણજયંતી અંક હોઈ સમૃદ્ધ અને દળદાર હશે. 'કુમાર'ના ચાલુ સામાન્ય અંક પણ ટપાલમાં ગુમ થવાની સંખ્યાબંધ ફરિયાદો અમને મળે છે, એટલે આપનો આ અંક એવો અનુભવ ન કરાવતાં આપને સલામત મળી રહે એમ જો આપ ઈચ્છતા હો તો એની ચોક્કસ યોજના નિરૂપતું કાર્ડ આ અંક સાથે જોડ્યું છે. એ અચૂક વાંચો—અને અમલ કરો.


'કુમાર'ના કાગળ વિષે

વાચકો કદાચ જાણતા હશે કે દેશમાં કાગળની તીવ્ર તંગી ઊભી થઈ છે. છેલ્લા બેએક અંકથી 'કુમાર'ના કાગળોમાં દેખાતા ફેરફારનું આ કારણ છે. આશા છે કે પરિસ્થિતિ સમજીને વાચકો આ નિભાવી લેશે. છસોમા અંકને આની અસર ન પહોંચે તે માટે અમે પ્રયત્નશીલ છીએ જ. —તંત્રી

આધુનિક મહારાષ્ટ્ર સારસ્વતના વ્યાસ

કોશકાર કેતકર

લેખક : પ્રો. વસન્ત જોષી



ડૉ. કેતકરની સાહિત્યસૃષ્ટિ વિષે વિચાર કરું છું ત્યારે સ્મૃતિપટલ પર એમ અકારણ જ અંકાઈ ગએલાં બેએક ચિત્રો ફરી દૃષ્ટિગોચર થાય છે.

ઈ. ૧૯૨૮ના જૂન માસની એક સાંજ. બારણે ટકોરો થયો. બારણું ઉઘાડતાં પહેલું ધ્યાન ગયું સહાસ્ય મુદ્રા પર. પછી દેખાયું વિશાલ કપાળ ને તાલવાળું માથું. પગમાં બૂટ હતા, પણ તેના પર કદી પૉલિસ થતું હોય એમ ન લાગ્યું. મોજાં દેખાયાં નહિ. સૂટ ચોળાએલો હતો. રેશમી કાપડનો હોય છે એવો ક્રીમ કે પીળો રંગ કોઈ વાર એનો હશે. મેલો હતો એટલે મૂળ રંગ વિષે તર્ક આગળ ચાલ્યો નહિ. લાલ નેકટાઈ પહેરેલી ને હાથમાં નાની બૅગ. વિચિત્ર મૂર્તિ! મને જોઇને કહે : 'ઘરમાં કોઈ છે? હું ડૉ. કેતકર.' નામ અજાણ્યું ન હતું. દોડતો ઘરમાં ગયો. પિતાજી બહાર આવ્યા. ડૉ. કેતકર બોલ્યા : 'જ્ઞાનકોશ ખરીદી શકશો? સવારથી ગ્રાહકોની શોધમાં ફરું છું.' આ એક ચિત્ર.

એક દિવસ ડૉ. કેતકર ક્યાંક જતા હતા, ત્યાં છોકરાઓનું ટોળું મશ્કરી કરતું એમની પાછળ પડ્યું. તાળીઓ પાડતા જાય ને હુરિયો બોલાવતા જાય! મધ્ય વયનો માણસ બીચારો કેટલો સમય સહન કરી શકે? આમ તો એ નીડર હતા. પહેલાં છોકરાઓને ગણકાર્યા નહિ. તોફાન વધશે અને એકાદ પથ્થર વાગશે એવો ડર લાગ્યો એટલે સામે જોગલેકરની હોટેલ દેખાઈ એમાં ઉતાવળથી ઘૂસી ગયા.

આખી જિંદગી આ રીતે સહન કરવું પડ્યું. મહારાષ્ટ્રમાં વિદ્વાનોની પરંપરા ચાલે છે. પણ ડૉ. કેતકર જેવા વિદ્વાન ત્યાં યે વિરલ જ છે. એમની તોલે આવે એવો વિદ્વાન સાહિત્યકાર આજ દિન સુધી ત્યાં પાકયો નથી. છતાં લોકો એમને પારખી શક્યા નહિ. પોતાની વિદ્યાની મર્યાદાઓમાં નિષ્ણાત એવા ઘણા વિદ્વાનો હતા; પણ ડૉ. કેતકર એટલે સાહિત્ય, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, ગ્રંથપાલનશાસ્ત્ર...એક વિષય એવો ન હતો જેમાં અભ્યાસ કરી એમણે અધિકાર મેળવ્યો ન હોય! જ્યારે કોઈ અમેરિકા જતું ન હતું ત્યારે એ ત્યાં જઈ પીએચ. ડી. થયા હતા. એક અંગ્રેજ સ્ત્રીને પરણ્યા હતા. હિંદુ ધર્મમાં આમ માનતા ન હતા, છતાં હિંદુ **સમાજશાસ્ત્ર** વિષેના એ પહેલા લેખક હતા. વર્ણવ્યવસ્થામાં માનતા ન હતા, પણ પોતાના બ્રાહ્મણત્વ વિષે અભિમાન ધરાવતા! સારાં કપડાં પહેરવામાં બહુ રસ ધરાવતા, પણ રૂઢિમાન્ય કપડાં પહેરતા નહિ. પાટલીવાળું ધોતિયું પહેરે, પગમાં લાલ જોડા, માથે પાઘડી, પણ ગળે નેકટાઈ! અથવા નીચે ધોતિયું ને માથે હૅટ! વિચારોમાં જેવા બળવાખોર એવા જ વેશભૂષામાં! એક દિવસ નક્કી કર્યું કે લોકોને 'શૉક' આપવો છે. જપાની ઢબનો કિમોનો પહેરી સિનેમામાં ગયા! ઘરમાં એક ટી-કોઝી હતી. એક વાર એ માથે મૂકી, ત્યાં કોઈએ કહ્યું : સારી લાગે છે. બસ થઈ રહ્યું! એ ટી-કોઝી ટોપીની માફક માથે મૂકી ફરવા ગયા! રસ્તામાં લોકો આ નવી શૈલીની ટોપી કુતૂહલથી જોઈ રહ્યા. આખરે એકે પૂછ્યું : 'આ પાઘડી આપ ક્યાંથી લાવ્યા? પરદેશમાં મેં આવી પાઘડીઓ જોઈ છે. પણ એ તો ચાની કિટલીઓ પર મૂકવા માટે વપરાય છે.' ઠાવકાઇથી ડૉક્ટરસાહેબે જવાબ આપ્યો : 'પણ મારી પાઘડી સ્વદેશી છે!' આવા રમતિયાળ પણ ગંભીર, વિદૂષક જેવા પણ વિદ્વાન, રૂઢિભંજક પણ હિંદુ ધર્મના ગૌરવમાં માનનાર ડૉ. કેતકર વિષે લોકોમાં અનેક જાતની માન્યતાઓ હતી. લોકોની મૂર્ખતા જોઈ એ ગુસ્સે થતા, પણ હસતા. આખરે ઈ. ૧૯૬૯માં—એમની બત્રીસમી, પુણ્યતિથિ પર—એમનાં પત્નીએ 'આ મારે જ કહેવું જોઇએ' નામથી લખેલાં સંસ્મરણો બહાર પાડયાં અને માણસ તરીકે ડૉ. કેતકર જેવા હતા તેવા પહેલી વાર દેખાયા.

'મેં જોયું છે'–ડૉ. કેતકર એક ઠેકાણે લખે છે : '–કે જીવવાની રીત નક્કી કરવાનું સ્વાતંત્ર્ય માણસને મળ્યું હોતું નથી. માણસ તો પ્રભુના હાથમાં રમકડું જ હોય છે. એને ગમે તેવી આકાંક્ષા ભલેને હોય, પણ પ્રભુને યોગ્ય લાગે ત્યારે એ માણસને એવી ગુલાંટ ખવડાવી દે છે કે ન પૂછો વાત, મારું જ જુઓને! હું સારી રીતે ભણું એવી મારા પિતા અને કાકાની ઇચ્છા હતી. હવે 'સારી રીતે' એટલે તમે જાણો છો તેમ શિક્ષણ પછી સારા પગારવાળી નોકરી મળે જેથી શિક્ષણ માટે ખરચાએલી મૂડી લેખે લાગી કહેવાય, અને 'સારું શિક્ષણ' એટલે નિયત કરેલાં પુસ્તકો ગોખી, ઊંચે નંબરે પાસ થઈ અને પછી સરકારમાં જે વિદ્યાની કે પદવીની કિંમત ગણાતી હોય તે વિદ્યા કે પદવી મેળવી આવવી— ઇંગ્લૅન્ડથી જ તો! જાણે ઇંગ્લૅન્ડ સિવાયના દેશોમાં વિદ્વત્તાનો અભાવ જ હોય છે! મારા પિતાને એવી ઇચ્છા હતી કે હું આઈ. સી. એસ. માટે વિલાયત જાઉં; જ્યારે મારા કાકાને લાગતું કે હું ડૉકટર બનું તો સારું. કોઈની ય ઈચ્છા ન હતી કે મારે ગ્રંથકાર થવું.' આમ આકાંક્ષાઓ ફલિત થઈ હોત તો કદાચ ડૉ. કેતકરનું આ જીવનચરિત્ર લખવાનો પ્રસંગ આવત નહિ. તેઓ સનદી નોકર થયા હોત, મોટરમાં ફર્યા હોત, પોતાનો બંગલો બાંધી તેમાં રહ્યા હોત ને...પણ પેલા રમકડાં રમાડનારને આવું બાંધી મૂઠીનું જીવન ગમે ખરું?

સુખવસ્તુ ગણાતા મધ્યમ વર્ગના કુટુંબમાં, બીજી ફેબ્રુઆરી ૧૮૮૪ને રોજ કેતકરનો જન્મ થયો. એમનું આખું નામ શ્રીધર વ્યંકટેશ કેતકર. ન્યાતે ચિત્પાવન બ્રાહ્મણ. એમના બાળપણમાં જ પિતાનું અવસાન થયું. માતા ગયાં. પછી મોટી બહેન અને મોટો ભાઈ બે ય ગયાં. એમનો ધીરગંભીર સ્વભાવ માતાના મરણ પ્રસંગે એમના મિત્રોને જોવા મળ્યો. કૉલેરા થયો અને મા એકાએક ગયાં. ત્યારે કેતકર મૅટ્રિકમાં હતા. અવસાનને દિવસે એ નિશાળે ન ગયા. બીજે દિવસે એક કવિતા ગણગણતા વર્ગમાં પ્રવેશ્યા. ત્યાં એક મિત્રે પૂછ્યું : 'કેમ કેતકર, માને કેમ છે?' શાંત જવાબ મળ્યો : 'ગઈ કાલે જ ગુજરી ગયાં.' પેલો બોલ્યો : 'તારી સિકલ પરથી તો લાગતું નથી.' કેતકરે પૂછ્યું : 'કેવી સિકલ રાખું તો મારાં મા ગુજરી ગયાં છે એવું લોકોને લાગે?' કોઈને આ વર્તનમાં

એમની તોલે આવે એવો વિદ્વાન સાહિત્યકાર આજ દિન સુધી મહારાષ્ટ્રમાં પાકયો નથી

વિચિત્રતા જણાશે. પણ એ માનતા કે પુરુષે શોકનું પ્રદર્શન કરવાનું હોય નહિ. એણે સંયમ શીખી આત્મબળ કેળવવું જોઈએ.

થયું હતું એવું કે પિતાના મૃત્યુ પછી કેતકરને પોતાના કાકાને ઘેર રહેવું પડ્યું હતું. કાકા ભત્રીજાને કોઈ જાતનું સ્વાતંત્ર્ય આપતા નહિ. પોતે પરીક્ષાઓમાં ઘણી વાર નાપાસ થયા બાદ માંડ આગળ વધી શકેલા, એટલે ભત્રીજાને અભ્યાસ બહારનું વાંચવા દે નહિ. ભત્રીજો એવો કે રોજ એક પુસ્તક પૂરું કરે! અને એની સ્મરણશક્તિ એવી કે એક વાર વાંચે એ બધું એની જીભને ટેરવે વસે! હાથમાં પાઠ્ય પુસ્તક રાખે. એમાં બહારનું પુસ્તક છુપાવેલું હોય. આંખો અંદરનું પુસ્તક વાંચતી જાય અને જીભ પાઠ્ય પુસ્તકમાંના લેસન કકડાટ બોલતી જાય! કાકા માને કે ભત્રીજાનો અભ્યાસ ચાલે છે. પરિણામ એ આવ્યું કે નિશાળના એક શિક્ષકે કેતકરને 'એન્સાઈક્લોપીડિયા' એવું નામ આપ્યું!

ઘરમાં ખાવાનું પેટપૂરતું ન મળે. સમાન વયના છોકરાઓ સાથે રમવું, ટીખળ-તોફાન કરવાં એમાં નાના બાળકનો જીવ હોય. પણ કાકા એવા કડક કે ભત્રીજાને બહાર જવા દે નહિ. દરેક રીતે ઉપવાસ : શારીરિક લાગણીઓનો, અને કાકાનું ચાલે ત્યાં બૌદ્ધિક જીવનનો પણ ખરો. કેતકર તક મળે કે ઘરમાંથી ભાગ્યા જ હોય. રસ્તામાં ખુમચાવાળા પાસેથી કે દુકાનમાંથી જે વડે થોડા પૈસામાં વધુ પેટ ભરાય એવી વસ્તુઓ ખરીદી ત્યાં ને ત્યાં જ એ ફાકી જાય. આગળ જતાં કેતકર મહારાષ્ટ્રના જ્યોતિર્ધર થયા, મહર્ષિ વ્યાસના જાણે બીજા અવતાર હોય એવી રીતે સમાજમાં સ્વીકારાયા, અને ઘેર ઘેર ફરીને 'જ્ઞાનકોશ' વેચવાની ફરજ એમણે માથે લીધી એ કાળે, સવારના પહોરમાં હાથમાં આવેદનોથી તથા પુસ્તકોથી ભરેલી બૅગ લઈ બહાર નીકળતા, પરસેવાથી રેબઝેબ થઈ આખો દિવસ રખડતા, અને નીરાંતે ક્યાંક બેસીને ખાવા જેટલી ય ફુરસદ મળતી નહિ ત્યારે રસ્તામાં ગમે ત્યાંથી ભજિયાં વેચાતાં લઈ ગજવામાં મૂકતા અને એકેક ભજિયું ખાતા રસ્તે ચાલતા! આવા વર્તનને લોકો વિચિત્ર ગણતા, કારણ કે ટૂંકી જિંદગીમાં ડૉ. કેતકરને કેવું મહાભારત કાર્ય કરવાનું હતું એનો ખયાલ એમને ન હતો.

આજકાલની કેળવણીમાં કેતકર માનતા નહિ. કેળવણીથી ગોખણિયા જ પેદા થાય છે, એમનું શિક્ષણ વ્યક્તિને સમાજને કે રાષ્ટ્રને જરા ય ખપ લાગતું નથી, એવા એમના વિચારો હતા. આવી કેળવણીમાં ઝળકતી ફતેહ મેળવતા વિદ્યાર્થીઓને અને એવી ફતેહમાં ગૌરવ લેતા વાલીઓને તેઓ તિરસ્કારથી 'પરીક્ષામોજૂ' (પરીક્ષાના માપથી જોખનારા) કહેતા. કૉલેજમાં ભણતા ત્યારે વર્ગમાં બેસી પ્રાધ્યાપકોનાં કંટાળાભર્યાં વક્તવ્યો કે ગોખેલાં ભાષણો સાંભળવાને બદલે તેઓ લાયબ્રેરીનો પૂરો ઉપયોગ કરતા. એમણે ખૂબ વાંચ્યું હતું એટલે દેશની દુર્દશાનો ખયાલ પણ એમને આવ્યો હતો. કૉલેજમાં પરદેશી પ્રાધ્યાપકો ભારતના લોકોની અને તેમના ઇતિહાસની મશ્કરી કરતા, કૉલેજના જીવનમાં માતૃભાષાને જરા ય સ્થાન હતું નહિ, લોકોમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ પ્રવર્તતી હતી, એ બધાંથી કેતકર સભાન થયા હતા. એમને લાગી ગયું હતું કે રાષ્ટ્રના ઉદ્ધાર ખાતર એક મોટું કામ કરવાનું હતું: અંગ્રેજોને આ દેશમાંથી કાઢી મૂકવા જોઈએ. એ લોકો કંઈ એમને પગે લાગવાથી કે એમને વિનંતી કરવાથી અહીંથી ખસવાના ન હતા. એમના મનમાં ભય જગાડવાની જરૂર હતી. જિંદગીને જોખમે કોઈ પરદેશમાં રાજીખુશીથી રહેવા તૈયાર ન જ હોય. એટલે, બાપટ ઈંગ્લૅન્ડ જઈ બૉંબ બનાવવાની વિદ્યા શીખ્યા હતા એમના ચેલા બની એમની પાસેથી એ વિદ્યા શીખી લેવી, અને ભારત પાછા આવી અહીં રાજ્ય કરતા અંગ્રેજો પર એ વિદ્યા અજમાવવી એવો એમનો ઈરાદો હતો. લોકો એ સમયે સરકારી નોકરી મેળવવાની લાયકાત કેળવવા ઇંગ્લૅન્ડ જતા. પણ કેતકરને તો સ્વતંત્ર રહેવું હતું અને દેશની આઝાદી માટે શક્ય તેટલા પ્રયત્નો કરવા હતા. વળી અહીં શિક્ષણ પૂરું થવાની શક્યતા હતી નહિ : છેલ્લી પરીક્ષામાં નાપાસ થયા હતા! તેમજ ઇંગ્લૅન્ડમાં રહી, નિરર્થક શિક્ષણ લેવા માટે પાસે દ્રવ્યની જોગવાઈ પણ ન હતી. એમણે સાંભળ્યું હતું કે અમેરિકામાં વિદ્યાર્થીઓ મજૂરી-નોકરી કરી પૈસા કમાય છે અને ભણવાનું ચાલુ રાખે છે. મિત્રોએ એમને સમજાવ્યા કે અમેરિકામાં વિદ્વત્તાનું પ્રમાણ ઇંગ્લૅન્ડ કરતાં ઓછું છે. પણ સ્વાવલંબનને પ્રોત્સાહન આપે એવી વિદ્યાને વધુ મહત્ત્વ આપી કેતકરે અમેરિકા જવાનો નિશ્ચય કર્યો. સાથે હતા એમના મિત્ર શિલોત્રી. અમેરિકા જનારા ભારતીય વિદ્યાર્થીઓની આ પહેલી પેઢી. ડૉ. શિલોત્રી અર્થશાસ્ત્રી તરીકે આગળ જતાં જાણીતા થયા. (એમની કન્યા અને દૌહિત્રીઓ-શોભના સમર્થ, ને નૂતન-તનુજા ચલચિત્રો દ્વારા દેશભરમાં વિખ્યાત થઈ.)



કુ. ઇડિથ કોહેન જે પાછળથી શ્રીમતી શીલવતી કેતકર બન્યાં

અમેરિકાને કિનારે ઊતર્યા ત્યારે પાસે ઝાઝી મૂડી ન હતી. વડોદરાના ગાયકવાડ સરકાર તરફથી ત્રણ વર્ષ માટે શિષ્યવૃત્તિ તો મળેલી, પરંતુ એ પણ નજીવી જેવી હતી. એટલે કામ કરી પૈસા મેળવવાના હતા. અમેરિકામાં પાંચ વર્ષ રહ્યા એ દરમિયાન એમણે બગીચાઓમાં પાણીના પંપ ચલાવ્યા, ખેતરોમાંથી બટાકા ખોદી કાઢવાનું કામ કર્યું, કૅમેરાના કારખાનામાં કાગળનાં ખોખાં બનાવ્યાં, હોટેલોમાં પીરસણિયાનું કામ કર્યું, છાત્રાલયમાં રકાબીઓ ધોઈ, લોકોને ઘેર જઈ માલ વેચવાનું કામ કર્યું—અને સાથેસાથે અભ્યાસ ચાલુ રાખ્યો. બી. એ. ને એમ. એ. થયા અને પીએચ. ડી. શરૂ કર્યું. કૉર્નેલ યુનિવર્સિટીમાં અધ્યયન માટે જોડાયા. દિવસમાં પંદર પંદર કલાક ગ્રંથાલયમાં બેસી વાંચતા. જેમાં રસ પડતો એવા પ્રાધ્યાપકોના વર્ગો ભરતા.(વર્ગમાં હાજર રહેવાની ફરજ અમેરિકામાં હોતી નથી.) સમાજશાસ્ત્ર એમનો મુખ્ય વિષય હતો, પણ સાથે ભૂસ્તરશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ઇતિહાસ, સંશોધનશાસ્ત્ર, પુરાવસ્તુશાસ્ત્ર જેવા વિષયોના વર્ગોમાં પણ બેસતા. ઈ. ૧૯૦૯માં એમનો મહાનિબંધ તો પૂરો થયો, પણ નિયુક્ત વાચન અને ફ્રેંચનો અભ્યાસ પૂરાં કર્યાં ન હતાં તેથી ડિગ્રી મળી નહિ. તે બીજે વર્ષે મળી, ભારતમાં ત્યારે સમાજ સુધારાનો પવન વાતો હતો. પ્રૌઢ વિવાહની હિમાયત ચાલતી હતી. ભારતને પ્રૌઢ વિવાહ હિતકારક થશે કે કેમ એ જોવા એમણે પ્રૌઢ વિવાહનાં પરિણામો વિષે અમેરિકામાં ત્રણ ગામડાંઓમાં સંશોધન કરેલું.

વિદ્યાપીઠની પરીક્ષાઓમાં કેતકર ચાર વાર નાપાસ થએલા. એમની જિજ્ઞાસા પાઠ્ય પુસ્તકોથી તૃપ્ત થઈ શકતી ન હતી. પાઠ્ય પુસ્તકો વિષે એમના મનમાં ઘૃણા રહેતી ને હમેશાં તેઓ બહારનું વાચન ચાલુ રાખતા. લોકમાન્ય ટિળક પણ એમ. એ. માં આવી જ રીતે નાપાસ થયા હતા. પણ આ રીતે પરીક્ષામાં નાપાસ થવું એ પુરુષનું ભૂષણ ગણાવું જોઈએ. મર્યાદિત પાઠ્ય પુસ્તકો વાંચવાની પણ શક્તિ ન ધરાવતા એવા ઘણા બુદ્ધિના બળદિયાઓ પરીક્ષામાં નાપાસ થાય છે. પરંતુ સરસ્વતીની અનન્ય ભાવથી ઉપાસના કરી પાઠ્ય પુસ્તકોની ઉપેક્ષા કરી નાપાસ થવાનો પુરુષાર્થ કરનારા ટિળક-કેતકર જેવા વિરલા જ હોય છે.

દુર્દમ્ય આશાવાદ એ એમની મોટી મૂડી હતી

અમેરિકામાં જીવન જોગવવા કેતકર ચોપડીઓ વેચતા. એમના દાદાની ચોપડીઓની દુકાન હતી. દુકાનમાં વકરો બહુ થાય નહિ એટલે દાદા બળદનું ગાડું જોડી એમાં ચોપડીઓ ભરી તે વેચવા ગામડાંઓમાં જતા. ત્યારે નાનો શ્રીધર એમની સાથે જતો અને રસ્તામાં ચોપડીઓ વાંચતો. હવે અમેરિકામાં ચોપડીઓ વેચવાનો પ્રસંગ આવ્યો. પુસ્તકમાં શું છે તે ઘરાકને સમજાવી શકાય તો એને ખરીદવાનું મન થાય. એટલે કેતકર વેચવાની ચોપડીઓ વાંચી લેતા. એમાં એક વાર એમને 'એન્સાઈક્લોપીડિયા' વેચવાનું કામ આવ્યું. એમણે જોયું કે અમેરિકન અને બ્રિટિશ જ્ઞાનકોશોમાં ઘણો ફેર હતો. એનો અર્થ એ થયો કે જુદાજુદા દેશો માટેના જ્ઞાનકોશો જુદાંજુદાં દૃષ્ટિબિંદુથી લખાવા જોઈએ. એમણે એમ પણ જોયું કે પરદેશમાં બહાર પડેલા જ્ઞાનકોશોમાં ભારત વિષેની માહિતી ભૂલભરેલી કે ક્ષતિપૂર્ણ હતી. એમણે પ્રકાશકનું ધ્યાન એ વાત તરફ દોર્યું. પ્રકાશકે કહ્યું કે તમે જ લેખક તરીકે આવી જાઓ તો ?

પણ અમેરિકામાં રહી લેખક તરીકે જીવવા કેતકર ત્યાં ગયા ન હતા. ભારતની આઝાદી માટે બધું કરી છૂટવાનું વ્રત એમને લીધું હતું. બહારની દુનિયા જોયા પછી, અભ્યાસની ક્ષિતિજો વધાર્યા પછી હવે એમને હિંસામાં વિશ્વાસ રહ્યો ન હતો. બૉંબ બનાવવાની વિદ્યા શીખવા ગયા હતા, પણ હવે વૈચારિક બૉંબ બનાવવા–ફોડવામાં માનતા થયા હતા. ભારત આવતાં પહેલાં ઇંગ્લૅન્ડ જોવું હતું. એટલે ઇંગ્લૅન્ડમાં તેઓ એકાદ વર્ષ રહ્યા. અભ્યાસ અને વાચન એ જ ત્યાં મુખ્ય કામ હતું. બ્રિટિશ મ્યૂઝિયમમાં આખો દિવસ વાંચતા. બ્રિટિશ લોકો સાથે પરિચય કેળવવાનો ઈરાદો પણ ખરો. એથી 'નૉબાડીઝ ક્લબ' નામની સંસ્થા એમણે ત્યાં શરૂ કરી અને એક સ્કૉટિશ સન્નારી સાથે એ સંસ્થાના સહમંત્રીપદે રહ્યા. ત્યાં ઘણા લોકોના સંપર્કમાં આવ્યા. એમાં ઇડિથ કોહેન નામની આદર્શવાદી યુવતી સાથે પરિચય થયો અને બંને એકબીજા તરફ આકર્ષાયાં. શ્રીયુત કોહેન—ઇડિથના પિતા–પણ એમને સારીરીતે ઓળખતા હતા. ઇચ્છા હોત તો કેતકર ઇંગ્લૅન્ડમાં નોકરી પણ મેળવી શકત. એક કૉલેજમાં વ્યાખ્યાતાની જગ્યા ખાલી હતી. પણ ત્યાં કરેલી અરજીનો જવાબ આવે ત્યાર પહેલાં એક નિકટના સગાની બીમારીના સમાચાર સાંભળી કેતકરે ભારત પાછા ફરવાનું નક્કી કરી નાખ્યું. છેલ્લી ઘડીએ ખબર આવી કે નોકરી મળવાની છે. પણ હવે નિશ્ચય પાકો થયો હતો.

ભારતમાં શું કરવું એ સવાલ તો હતો જ. ઇંગ્લૅન્ડની કોઈ ડિગ્રી હોત તો તો તરત જ નોકરી મળત; પણ અમેરિકામાં લીધેલા શિક્ષણની કિંમત ધૂળ જેવી હતી. છતાં સદ્ભાગ્યે કલકત્તા વિદ્યાપીઠના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે નીમાયા. કામ થોડું જ રહેતું. પણ છળ-પ્રપંચથી ખદબદતા વાતાવરણમાં પોતે રહી શકશે એમ લાગ્યું નહિ, અને એકાદ વર્ષમાં તો નોકરી છોડી પાછા પૂના આવ્યા. આજીવિકાનો પ્રશ્ન મૂંઝવતો હતો. જ્ઞાનકોશ બહાર પાડવાના વિચારો ફરી જાગ્યા.

એ સમયે લોકમાન્ય ટિળક ભારતના જાણે અનભિષિક્ત રાજા હતા. માર્ગદર્શન માટે બધા જ એમની પાસે જતા, અને સૌને સહાનુભૂતિથી સાંભળી ટિળક એમને સલાહ પણ આપતા. એક દિવસ કેતકર એમને મળવા ગયા. પૂછ્યું: 'મહારાષ્ટ્રમાં મરાઠી ભાષામાં જ્ઞાનકોશ બહાર પાડવાનો વિચાર તમને કેવો લાગે છે?' ટિળકે જવાબ આપ્યો: 'વિચાર સારો છે, પણ કોઈ તે અમલમાં મૂકી નહિ શકે. માર્ગમાં ઘણી મુશ્કેલીઓ નડશે.' 'એ તો હું જાણું છું.' કેતકર બોલ્યા: 'પણ હું જ્ઞાનકોશ બહાર પાડું તો તેમાં આપ શી મદદ કરશો?' આ ઉદ્ધત જેવા લાગતા યુવાનનો સવાલ ટિળકને ગમ્યો નહિ. બોલ્યા: 'તમે જુવાન છો. કેવી મુશ્કેલીઓ નડશે એનો તમને ખયાલ નથી. જરા વિચાર કરજો ને પછી મને મળવા આવજો.' સહજતાથી કેતકરે જવાબ આપ્યો: 'આપની સલાહ માટે આભાર. પૂરતો વિચાર કરીને જ મેં નિશ્ચય કર્યો છે. મારે હવે કોઈનો ઉપદેશ જોઇતો નથી. આપ મને કેવી મદદ કરી શકશો એટલું જ કહેશો?' ટિળક જોઈ શક્યા કે મહારાષ્ટ્રમાં એક નવો આગ્રહી વિદ્વાન આવી રહ્યો હતો. દુર્દમ્ય આશાવાદ એ એની મોટી મૂડી હતી.

જ્ઞાનકોશની યોજના બહાર પડી. મહારાષ્ટ્રના વિદ્વાનોના સહકાર માટે માગણી કરવામાં આવી. ફ્રેંચ, જર્મન, ડચ, પોર્તુગીઝ અને યુરોપની અન્ય ભાષાઓના વિદ્વાનો પાસે લખાણ માગવામાં આવ્યાં. કામ નાનું ન હતું. વર્ષો સુધી ચાલવાનું હતું. લેખકો–સંપાદકો રોકવાના હતા. કેતકર અમેરિકામાં ભણ્યા હતા, એટલે કોઈની પાસેથી મફત કામ કરાવવામાં માનતા ન હતા. સવેતન સહાયકો રાખવાના હતા અને ગ્રંથો છપાવવાના હતા. ગ્રંથના ત્રેવીસ ભાગ બહાર પાડવાના હતા. એ માટે કેતકરે એક લિમિટેડ કંપનીની યોજના જાહેરમાં મૂકી. કંપનીના શેર વેચવા તેઓ જાતે મહારાષ્ટ્રમાં ઘૂમ્યા. એમાં 'ચક્રમ' તરીકે ઓળખાયા. વ્યાપાર કે ઔદ્યોગિક ઉત્પાદન માટે કંપની કાઢી શકાય, પણ પુસ્તક પ્રકાશન માટે! વાત અશક્યપ્રાયઃ હતી. પણ કેતકરનો ઉત્સાહ અજબ. અંતે 'જ્ઞાનકોશ મંડળ' સ્થાપવામાં એ સફળ થયા. એક લાખની મૂડી ભેગી કરી. ઈ. ૧૯૧૫માં કામ શરૂ થયું અને ૧૯૩૦માં ગ્રંથનો છેલ્લો ભાગ બહાર પડ્યો. એના મંગલાચરણથી તો પછી મહારાષ્ટ્રમાં 'કોશયુગ'ની શરૂઆત થઈ. 'જ્ઞાનકોશ' પછી આવ્યો સાત ભાગમાં 'શબ્દકોશ', પછી 'શાસ્ત્રીય પરિભાષા કોશ', 'વાકસંપ્રદાય અને કહેવત કોશ', 'વ્યાયામકોશ', 'વ્યાવહારિક કોશ', 'સંસ્કૃતિકોશ' અને હવે આવ્યો છે 'વિશ્વકોશ'. આ બધા કોશોમાં પહેલ કરી ડૉ. કેતકરના જ્ઞાનકોશે. અને એમની તાલીમમાં તૈયાર થઈ વિદ્વાનોએ જુદાજુદા કોશોની રચના કરી.

કોશ તૈયાર કરવો એ એક કામ હતું, પણ એને વાચકો સુધી પહોંચાડવો એ કઠિન કાર્ય હતું. પુસ્તકોની કિંમત દોઢસો જેટલી થવાની હતી. ગરીબ મહારાષ્ટ્રમાં એટલો મોંઘો ગ્રંથ કોણ ખરીદવાના હતા? કેતકર એકલા વિદ્વાન ન હતા. અમેરિકન સમાજના જુદાજુદા સ્તરોમાં ભળી એમણે મનુષ્યસ્વભાવ સારી રીતે જોયો હતો અને લોકોને ઘેર જઈ પુસ્તકો વેચ્યાં હતાં. હવે એ જ કામ સ્વદેશમાં કરવાનું હતું. દાદા પણ પુસ્તકો વેચતા જ હતા ને? ત્યારે આ કામમાં નાનમ ક્યાં હતી? દરરોજ ચૌદ ચૌદ કલાક ડૉ. કેતકર 'જ્ઞાનકોશ' વેચવા માટે રખડતા, લોકોને મળતા, એમને સમજાવતા, અને પુસ્તક વેચી શકતા ત્યારે આનંદિત થતા. એક બિસ્કિટવાળા પાસે ગયા. એને સમજાવ્યો. એ ભાઈ કહે: 'પણ સાહેબ, દોઢસો રૂપિયા ક્યાંથી લાવું?' એને જવાબ મળ્યો: 'મારે ઘેર દરરોજ બિસ્કિટ મોકલજોને—દોઢસો રૂપિયા જ્ઞાનકોશ કાર્યાલયમાં વસૂલ થાય ત્યાં સુધી!' કેતકરનાં કુટુંબીઓને આ ખૂબ ગમ્યું. બિસ્કિટ ખરીદવા પૂરતા ય એમના ગજવામાં પૈસા ક્યારે રહ્યા હતા?! એક મુસલમાન દુકાનવાળાને અને એક ઘાંચીને પણ એમણે 'જ્ઞાનકોશ' ખરીદવા સમજાવ્યા હતા. ગ્રંથની ત્રણ હજાર નકલ વેચાઈ એમાં કેતકરે એકલાએ બે હજાર નકલ વેચી હતી!

જ્ઞાનકોશનું કામ પારકાં છાપખાનાંઓમાં કરાવવાનું બહુ ફાવ્યું નહિ, એટલે કેતકરે પોતાનું છાપખાનું ઊભું કર્યું. યંત્રો ચાલે એટલે એમને રોજ કામ તો મળવું જ જોઈએ. એટલે કેતકરે સાથે 'વિદ્યાસેવક' નામનું માસિક પત્ર શરૂ કર્યું. એમાં મોટે ભાગે એમનાં જ લખાણો આવતાં. એમણે સાતેક નવલકથાઓ લખી છે. એ કથાઓમાં વાર્તા કે શૈલી આકર્ષક નથી, પણ એમાં માનવસ્વભાવનું સૂક્ષ્મ નિરીક્ષણ, અને આજના ભારતીયોની કેટલીક મુખ્ય સમસ્યાઓનું સમાજશાસ્ત્રી અને મનોવિજ્ઞાનશાસ્ત્રી તરીકે એમણે કરેલું વિશ્લેષણ મરાઠી સાહિત્યમાં અનન્ય છે. આ નવલકથાઓ ઇંગ્લૅન્ડમાં લખાઈ હોત તો કેતકરને દુનિયામાં કીર્તિ મળી હોત. તે ઉપરાંત અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સાહિત્યશાસ્ત્ર,

સંગીત-સમજ: ૨૫

સંધિપ્રકાશ રાગ

સાધુરામ ન્યા. ચોધ

એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના અહોરાત્રની નિરંતર ચાલતી ઘટમાળ પ્રતિની સજગતા આપણી દિનચર્યામાં પણ ઝિલાઈ છે. સૂર્યોદય તથા સૂર્યાસ્ત જેવા પ્રત્યક્ષ સંધિ સમયે સૂર્યને સંધ્યા-વંદન કરવાના આદેશ પાછળ આવું પણ એક કારણ છે. મધ્યાહ્ન તથા મધ્ય રાત્રિ એ પણ સંધિકાળ જ છે, પણ એ સૂર્યોદય-સૂર્યાસ્ત જેટલા સ્પષ્ટ નથી. છતાં પિતૃતર્પણ જેવી ક્રિયાઓ મધ્યાહ્નને અને મંત્રસાધના જેવી ક્રિયાઓ મધ્યરાત્રિએ કરવાનો શાસ્ત્રાદેશ સહેતુક છે તે સમજી શકાય છે.

જીવનમાં વિશિષ્ટ સ્થાન અને અસર ધરાવતું સંગીત તો એક સૂક્ષ્મ કલા છે. સામવેદમાંથી તેનો ઉદ્ભવ થયો હોઈ આવી પ્રકટ અને ગૂઢ સંધિઓના સમયનું રાગગાન વિશિષ્ટ સ્વરનિયોજનયુક્ત હોય એ સ્વાભાવિક છે. સૂર્યોદય થતાં મનુષ્ય ઉષ્મા અને તાજગી અનુભવે છે તો સાંજે દિલભરના પરિશ્રમ પછી એ શાંત ચિત્તે ઈશ્વરસ્તવન કરવા પ્રેરાય છે. આ સમયે ગવાતા રાગો પણ આવા ભાવ પ્રકટ કરે એવી એની સ્વરરચના સહેજે સમજાય તેમ છે. આ રાગોને તે તે કાળના, એટલે કે પ્રાતર્ગેય તથા સાયંગેય સંધિપ્રકાશ રાગો કહે છે. સૂર્યોદય કે સૂર્યાસ્તના સંધિકાળને તે વ્યક્ત કરે છે. આનો અર્થ એ કે આવા રાગોમાંનો કોઈ પણ એક રાગ ગાવાથી તે તે સમયને અનુરૂપ શાંત ગંભીર વાતાવરણ પ્રગટ થઈ જે તે સંધિકાળનું સૂચન કરે છે. અને ગાયકમાં ભાવ પ્રકટાવવાની શક્તિ હોય તો તેના શ્રવણથી હૃદયના ઉચ્ચોચ્ચ ભાવો જાગૃત થાય છે. ઉત્તમ રાગશ્રવણથી આંખમાં અશ્રુ ઉભરાતાં હોવાનો અનુભવ ઘણાને હશે.

વધુ રાગસમજ મેળવતાં પહેલાં આવા સંધિપ્રકાશ રાગોનાં સ્વર-સંયોજન તથા સ્વરનાં પ્રાબલ્ય તથા દૌર્બલ્ય પર રચાએલા કેટલાક મહત્ત્વના સામાન્ય મુદ્દાઓ આપણે અહીં જોઈએ.

(૧) સંધિપ્રકાશ રાગોમાં ઋષભ (રે) તથા ધૈવત (ધ) સ્વરો કોમલ તથા અન્ય સ્વરો શુદ્ધ હોય છે.

(૨) સવારમાં ગવાતા (પ્રાતર્ગેય) સંધિપ્રકાશ રાગોમાં તથા સાંજે ગવાતા (સાયંગેય) સંધિપ્રકાશ રાગોમાં સરખા જ સ્વરો હોય છે, પણ સવારના રાગોમાં મધ્યમ (મ) શુદ્ધ લેવાય છે જ્યારે સાંજના રાગોમાં મધ્યમ (મં) તીવ્ર લેવાય છે. આ રીતે મધ્યમ (મ) સ્વર 'અધ્વદર્શક' (માર્ગસૂચક) ગણાયો છે.

(૩) સવારના સંધિપ્રકાશ રાગો તેના ઉત્તરાંગમાં વધુ ખૂલે છે, જ્યારે સાંજના રાગો તેના પૂર્વાંગમાં. દા. ત. ભૈરવ અને પૂર્વી રાગ. બંનેના સ્વરો સરખા છે, પણ ભૈરવ સવારનો રાગ હોઈ ઉત્તરાંગમાં અને (તીવ્ર મધ્યમ સાથેનો) પૂર્વી સાંજનો રાગ હોઈ પૂર્વાંગમાં વધુ ખૂલે છે.

(૪) સવારના સંધિપ્રકાશ રાગોના વાદી-સંવાદી સ્વરો ઉત્તરાંગમાં તેમજ સાંજના સંધિપ્રકાશ રાગોના વાદી-સંવાદી પૂર્વાંગમાં દેખાય છે.

(૫) સૂર્યોદય થતાં પૂર્વેના રાગોમાં ગાયકોએ તાર ષડજ (સાં) વધુ પ્રમાણમાં ચમકાવ્યો હોઈ સૂર્યોદય થતાં જ ગાયક સંધિપ્રકાશ રાગમાં તાર ષડજ પરથી ઊતરી, કોમલ ધૈવત (ધ) પર આંદોલન લઈ, પંચમ કે મધ્યમ પર મુકામ કરે છે. 'સાં, નિ, ધ, પ' એ સ્વરો આ રીત પ્રકટ કરે છે. જ્યારે સાયંકાળે ગાયક મધ્ય સપ્તકનો ષડજ લઈ, મંદ્ર નિષાદ (નિ) પર ઊતરી, 'નિ રે ગ, મં' પ' જેવા સ્વરો લઈ રાગ પ્રકટ કરે છે.

મારવા ને પૂરિયા જેવા રાગોમાં ધૈવત શુદ્ધ લેવાય છે, તેમજ મારવામાં મધ્ય સપ્તકનો ધૈવત વિશેષ ચમકે છે એ અપવાદ ગણી શકાય. અન્યથા આ રાગોનું સ્વરૂપ સંધિપ્રકાશ રાગો જેવું જ છે.

(૬) મધ્યરાત્રિ પછી કાનડાના પ્રકારો તથા બહિહાર, ભંકાર જેવા રાગોમાં ધૈવતનું જોર નથી હોતું તેમજ ઋષભ (રે) સ્વર ઉત્તમ રીતે ચમકતો હોવાથી સૂર્યોદય થતાં જ આ બંને સ્વરો બદલાઈને કોમલ થતા હોય તેમ લાગે છે. વળી સવારના આવા રાગોમાં ધૈવત, પંચમ તથા મધ્યમ સ્વરો જોરદાર રીતે ચમકતા હોવાથી તેમજ અવરોહમાં ઋષભ ઉપર આંદોલિત મુકામ થતો હોઈ ગાયકો સ્વાભાવિકરીતે જ આરોહમાં એ સ્વરો દુર્બલ કરે છે. એવી જ રીતે અંતરામાં નિષાદ પણ કોઈક વખત દુર્બલ દેખાય છે. સંધ્યાકાળના આવા રાગોમાં ગાંધાર તથા પંચમ કે ઋષભ તથા પંચમની સ્વરસંગતી વિલક્ષણ અસર ઉપજાવે છે.

(૭) સવારના આવા રાગો ગવાતાં પહેલાં બહુધા 'લલિત' તેમજ સાયંકાળના આવા રાગો ગવાતાં પહેલાં 'મુલતાની' રાગ ગવાય છે. ફક્ત તીવ્ર મધ્યમ તથા શુદ્ધ ધૈવત તેમાં અગાઉના પ્રહરનો નિર્દેશ કરે છે. આના પરથી એવું સૂચન મળે છે કે હવે પછીના ભૈરવ આદિ રાગોમાં આ સ્વરો નહિ લેવાય. તેવી જ રીતે મુલતાનીમાં બધા સ્વરો પૂર્વીના છે, પણ તેમાંનો કોમલ ગાંધાર (ગ) અગાઉના પ્રહરનો નિર્દેશ કરે છે જે હવે પછીના રાગોમાં વર્જ્ય થવાનો છે. આથી આ રાગો પર-મેલ—પ્રવેશક રાગ તરીકે પણ ઓળખાય છે.

આટલી પૂર્વસમજ પરથી – ખાસ કરીને કોમલ ઋષભ તથા કોમલ ધૈવત અને અધ્વદર્શક મધ્યમના આધારે પ્રાતર્ગેય તથા સાયંગેય રાગોની પરખ વધુ સરળ બની રહેશે. □

રાજકારણ આદિ વિષેના સેંકડો લેખો એમણે લખ્યા. જ્ઞાનકોશના ત્રેવીસ ખંડ બાદ કરતાં યે એમનાં બીજાં વીસ પુસ્તકો બહાર પડયાં હતાં.

જ્ઞાનકોશ માટે અંગ્રેજી ઉપરાંત અન્ય ભાષાઓમાંથી સામગ્રી મેળવવાની હતી. એ માટે પોતાની મિત્ર કુ. કોહેનને ભારત આવવા કેતકરે લખ્યું. ભારત વિષે કુ. કોહેને ખૂબ વાંચ્યું હતું. વસિષ્ઠ-વિશ્વામિત્ર જેવા ઋષિઓના આશ્રમો આજના ભારતમાં ય હશે એવી તેમની માન્યતા હતી, અને ડૉ. કેતકર જેવા દરિદ્રતાને વરેલા બ્રહ્મર્ષિ જોડે એમને મિત્રતા થઈ હતી! ઈ. ૧૯૧૯માં તે 'જ્ઞાનકોશ'માં કામ કરવા ભારત આવ્યાં અને ૧૯૨૦માં કેતકર જોડે વિવાહબદ્ધ થયાં. વિવાહ માટે કોઈ પુરોહિત મળતો ન હતો. મડમ ચિત્પાવન બ્રાહ્મણને પરણે એવા લગ્નમાં કયો ધર્મનિષ્ઠ પૌરોહિત્ય કરવા તૈયાર થાય? સેનાપતિ બાપટે પુરોહિત તરીકે કામ કર્યું! ઇડિથ કોહેન હવે શીલવતી કેતકર બન્યાં! હિંદુ સતીને શોભે એ રીતે એમણે ડૉક્ટર કેતકરને સાચવ્યા અને એમના મૃત્યુ પછી એમનું અપૂર્ણ કાર્ય પૂરું કરવામાં મશગૂલ રહ્યાં.

ડૉ. કેતકરનું કૌટુંબિક જીવન બહુ સુખી હતું. જોકે આર્થિક વિવંચનાઓમાંથી એ કોઈ દિવસ મુક્ત થયું ન હતું. લેખો કે પુસ્તકો માટે જે કંઈ પુરસ્કાર મળે એમાં જીવન નભાવવાનું હતું. હમેશાં ચિંતા! એમાં કેતકરને મધુપ્રમેહનો પ્રાદુર્ભાવ થયો. એ જમાનામાં વિજ્ઞાન આજ જેટલું પ્રગત ન હતું. રોગ અસાધ્ય ગણાતો. એક દિવસ એમને બૂટમાંની ખીલી વાગી. ઘણા દિવસોથી શીલવતીબાઈ કહેતાં હતાં કે મોચી પાસે સમી કરાવો! પણ વખત કોને હતો? ઘા રૂઝાયો નહિ. પગ કાપી નાખવો પડયો! અને એમાં જ ૧૦મી એપ્રિલ ૧૯૩૭ને દિને એમનું અવસાન થયું.

ઈ. ૧૯૨૩માં ડૉ. કેતકર એક નિકટના મિત્રની અંત્યયાત્રામાં ગયા હતા. અગ્નિસંસ્કાર કરી ઘેર આવ્યા પછી એમણે પત્નીને કહ્યું: 'ધાર, કે તારા પહેલાં હું મરી જાઉં, તો આ પ્રકાર (અગ્નિદાહ) થવા દઈશ નહિ.' પતિની ઇચ્છાનો અનાદર સતીથી થાય નહિ. લોકોનો વિરોધ હતો, પણ શીલવતી અડગ રહ્યાં. નદીકિનારે એક શાંત સુંદર જગ્યા શોધવામાં આવી અને કેતકરને ત્યાં દફનાવવામાં આવ્યા!

કાકાસાહેબ કાલેલકરના જાહેર જીવનના પ્રારંભની લેખમાળા: ગંગનાથ વિદ્યાલય · ૧૦

મારા સાહિત્યસ્નેહી નાગેશરાવ ગુણાજી

ગંગનાથમાં હું આચાર્ય તરીકે ગયો, ત્યારે વાસુદેવરાવ દેશપાંડે ત્યાં અધીક્ષક (સુપરિન્ટેન્ડેન્ટ)ની જગ્યાએ કામ કરતા હતા. કેટલાંક સ્થાનિક કારણોને લીધે વાસુદેવરાવ ગંગનાથ છોડીને ચાલ્યા ગયા. કેશવરાવ (સાહેબ) મારો અને બેલગામના ગુણાજીનો સંબંધ જાણતા હતા. એમણે મને સૂચના કરી કે ગુણાજીને અધીક્ષક તરીકે બોલાવો. એમની સૂચના મેં માન્ય કરી અને ગુણાજીને કાગળો લખ્યા. તેઓ ઝટ આવે નહિ, એટલે સાહેબને થાય કે મારો જ ઉત્સાહ ઓછો પણ છે એવું ન હતું. મેં એમને આવવાનો પૂરતો આગ્રહ કર્યો હતો.

સારો પગાર, રહેવાનું ઘર, આખા કુટુંબનું આવવા-જવાનું ભાડું અને કાંઈ નહિ તો નોકરી એક વર્ષ માટે કાયમ છે એ જાતનું આશ્વાસન, આટલા વગર તેઓ આવી શકે એમ ન હતા. એ બધું નક્કી કરી એમને આણ્યા. એમની સાથે, એમની ભલામણથી બે કાર્યકરો પણ આવ્યા. એક જણ સાથે એમનાં એક વિધવા બેન પણ હતાં. આપણે એમને 'બહિણાબાઈ' કહીશું. એમને વિષે એક આખું સ્વતંત્ર પ્રકરણ છે. પણ તે બીજે આપીશું. અહીં તો મારા સાહિત્યસ્નેહી નાગેશરાવ ગુણાજી વિષે જ થોડું લખવું છે.

નાગેશરાવ મારા કરતાં ઉમરે ઠીકઠીક મોટા. મારા એક મોટા ભાઈ સાથે એ કૉલેજમાં ભણતા. તેથી એમની સહેજસાજ ઓળખાણ હતી. પછી હું જ્યારે શિક્ષણ પૂરું કરી બેલગામમાં એક ક્રાંતિકારી રાષ્ટ્રીય શાળામાં આચાર્ય તરીકે કામ કરતો હતો, ત્યારે નાગેશરાવ સાથે મારો સંપર્ક વધ્યો. તે કાળે આપણાં અંગ્રેજી માસિકોમાં સ્વામી રામતીર્થના વેદાન્ત વિષયક સરસ લેખો આવતા. એમાં સ્વામી વિવેકાનંદના સાહિત્ય જેવી જ ચમક અમને દેખાઈ. અમે સ્વામી રામતીર્થનાં લખાણના ભક્ત બન્યા.

આગળ જતાં મહારાષ્ટ્રની જનતાને આવા તેજસ્વી વિચારો વાંચવા મળે તો ઉત્તમ, એવો વિચાર કરી એ કામ અમે હાથમાં લીધું. નાગેશરાવ બી. એ., એલએલ. બી. થઈને વકાલત કરતા હતા. મારા કરતાં ઉમરે મોટા, એટલે હું રોજ સાંજે એમને ત્યાં સાઈકલ પર જતો. મને હાથે લખવાનો કંટાળો, અને નાગેશરાવના અક્ષરો મોતીના દાણા જેવા. હું અંગ્રેજી ચોપડી હાથમાં લઈ દરેક વાક્યનો અનુવાદ કરતો જાઉં. એમાં નાગેશરાવને કોઈ વધારે સારો શબ્દ સૂઝે તો કહેતા જાય. આ પ્રમાણે એ કામ ચાલ્યું. કોકકોક વાર ભાષાંતર રહી જાય અને અમે તે તે વિષયની વિગતોની ચર્ચામાં ઊતરીએ. આગળ જતાં અમે સ્વામી રામતીર્થનું અંગ્રેજી અને હિંદી આખું સાહિત્ય મંગાવ્યું. એમના ભક્તો અને શિષ્યો સાથે અમારો સંબંધ બંધાયો. સ્વામી વિવેકાનંદ પછી વેદાન્ત ઉપર આટલું સરસ લખાણ ભાગ્યે જ કોઈએ નિર્માણ કર્યું હશે.

રામતીર્થના સાહિત્ય પછી અમે અમેરિકાની નિગ્રો (હબસી) કોમના આગેવાન બુકર ટી. વૉશિંગ્ટનનું સાહિત્ય મંગાવી, એ પરથી પણ મરાઠીમાં બેત્રણ ચોપડીઓ કરી હતી. હું તો પ્રથમથી કેળવણીકાર રહ્યો એટલે નિગ્રો કેળવણીકાર નેતા બુકર વૉશિંગ્ટનનું સાહિત્ય મરાઠીમાં આણવું જ જોઈએ એવો મારો આગ્રહ. વેદાન્તના અને મરાઠી સંતોના સાહિત્યમાં અમે ખૂબ ઊંડા ઊતર્યા. અમારી વચ્ચેનો ઉમરનો ફરક અમે ભૂલી ગયા અને જોડિયા સાહિત્યિક હોઈએ એવી રીતે વાચન–લેખન અને ચર્ચાની પ્રવૃત્તિ ચલાવવા લાગ્યા. મારા કહેવાથી નાગેશરાવ વડોદરા આવ્યા. અમે ત્યાં ખૂબ કામ કર્યું. તેમના આવવાથી મને જેટલો વધારે વખત મળતો તે હું મારા વિદ્યાર્થીઓને આપવા લાગ્યો.

પણ અમારી ક્રાંતિકારી કેળવણીની પ્રવૃત્તિ તે વખતની અંગ્રેજ સરકારથી કેમ સહન થઈ શકે? એવામાં બાદશાહના દિલ્લી દરબારના પ્રસંગે ગાયકવાડે કરેલી અધૂરી કુર્નિશનું બહાનું સરકારને મળ્યું. પરિણામે કેશવરાવ દેશપાંડેને વડોદરાની સૂબાની નોકરીનું રાજીનામું આપવું પડ્યું અને અમારે ગંગનાથ બંધ કરવું પડ્યું. એ બધું કેમ થયું એ હવે પછીના પ્રકરણમાં આવી જશે. અહીં એટલું જ કહીશ કે વડોદરાના ગંગનાથ વિદ્યાલયનો ઇતિહાસ એટલે બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડેની દેશભક્તિનો, સ્વાર્થત્યાગનો અને અંતે એમના બલિદાનનો ઇતિહાસ ગણવો જોઇએ. એ સંસ્થા પાછળ અનંત બુવા મર્ઢેકર, વાસુદેવરાવ નાના દેશપાંડે, બાપુરાવ વાઈકર, 'સ્વામી'ને નામે ઓળખાતા રામભાઉ ગાડગીલ, ચિંતામણ શાસ્ત્રી, મામા ફડકે, તાત્યા ઉટગીકર, બહુસુખરામ શુક્લ, તુળજાશંકર યાજ્ઞિક, મદ્રાસ તરફના રાજંગમ (અણ્ણા હરિહર શર્મા), વિરમાડકર, નાગેશરાવ ગુણાજી, રામભાઊ કામત ઇત્યાદિ કેટલાયે શિક્ષકોની અને સેવકોની શ્રદ્ધાયુક્ત સેવા રેડાએલી હતી.

અમે લોકોએ રાષ્ટ્રીય કેળવણીના જે પ્રયોગો ત્યાં કર્યા, ભૂલો કરી, મતભેદને કારણે અંદર અંદર લડયા ને શ્રદ્ધાળુ વિદ્યાર્થીઓ ઉપર અમારા કેળવણીના વિચારો અજમાવ્યા એ બધાંનું રાષ્ટ્રીય મૂલ્ય નાનું ન ગણાય.

અને એ આખા જમાનામાં અમારા જેવા આઝાદીના ભક્ત ને કેળવણીકારોને, તેમજ અમારી સંસ્થાઓને વિદ્યાર્થીઓએ જે સાથ આપ્યો અને સામાજિક તિરસ્કાર સહન કર્યો, તે પણ ખરેખર આખા રાષ્ટ્રનું ઉત્તમોત્તમ ચારિત્ર્યધન જ હતું. કેશવરાવના જ શબ્દોમાં કહીએ તો 'અમારું ગંગનાથ અનેક પ્રદેશોમાં વવાઈ ગયું.' મારા જેવાઓએ ગુજરાતમાં અને આખા દેશમાં જે સેવા ચલાવી એ ખરેખર ગંગનાથની જ પ્રવૃત્તિ વ્યાપક રૂપે ચાલી એમ કહી શકું.

નાગેશરાવે વડોદરા છોડયા પછી રમણ મહર્ષિના પ્રસંગમાં આવ્યા. એમનું સાહિત્ય પણ એમણે મરાઠીમાં આણ્યું છે. નાગેશરાવ જુવાન વિદ્યાર્થી હતા ત્યારથી પોતાનું શરીર કસવા તરફ ખાસ ધ્યાન આપેલું. જાતજાતની કસરતોમાં અને કુસ્તીઓમાં તેઓ પ્રવીણ હતા. આગળ જતાં એમણે યોગનાં આસનો વગેરે દિશામાં પણ ખૂબ પ્રગતિ કરી હતી; અને કહેતાં સંતોષ થાય છે કે છેલ્લે છેલ્લે એમની એ માલિશ આદિ કળાનો લાભ એક વખતે તેઓ પૂ. ગાંધીજીને પણ આપી શક્યા હતા.

નાગેશરાવનાં પુત્રી ઇન્દુએ પોતાના પિતાનો સેવાધર્મ ઉત્તમ રીતે ચલાવ્યો છે, એટલું ઉમેરીને મારાં આ શ્રાદ્ધ-વચનો પૂરાં કરું છું. મામા ફડકે વિષે તો જુદાં પ્રકરણોમાં આવી જ ગયું છે. બીજા સાથીઓનો ફક્ત ઉલ્લેખ જ કરી શકું. અનંત બુવા મર્ઢેકર એક અત્યંત ત્યાગી, સેવાપરાયણ સમાજસેવક હતા. મારા પ્રત્યેના પ્રેમને કારણે તેઓ મારી સાથે હિમાલયની યાત્રામાં આવ્યા હતા. તાત્યા ઉટગીકર કર્ણાટક તરફના સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને સંયમી ગૃહસ્થાશ્રમી. રામભાઊ કામત બેલગામ તરફના સંત ભક્ત. એમણે મહારાષ્ટ્રના સંતોનાં જીવનકાર્ય અને સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. રાજંગમ (અણ્ણા) તો આગળ જતાં ગાંધીજીના આશ્રમમાં જોડાયા હતા અને એમણે મદ્રાસ તરફ ગાંધીવિચારના પ્રચારમાં ઘણી સેવા આપી છે. એમની હિંદીસેવા તો દક્ષિણ ભારત કોઈ કાળે ભૂલી ન શકે. □

કેતકર જીવતા હતા ત્યાં સુધી એમનું 'ચક્રમ'પણું લોકોને તરત જ દેખાતું. એમની વિદ્વત્તા સમજવાની શક્તિ બહુજન સમાજમાં ન હતી. પણ એમના મૃત્યુ બાદ એમના સાહિત્યનો ઘણો અભ્યાસ થયો અને હવે ડૉ. કેતકરને મહારાષ્ટ્ર-સારસ્વતની એક અતિમહાન વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. વ્યાસના 'મહાભારત'માં બધું જ છે એમ કહેવાય છે. તેવી જ રીતે જેના સાહિત્યમાં બધું જ મળી શકે છે એવા મહારાષ્ટ્રના આધુનિક વ્યાસ તરીકે ડૉ. કેતકરને ઓળખાવવામાં ઔચિત્યભંગ નહિ થાય. □

ફે.....કરુણાશંકરનો

બંસીકુમાર બારોટ

'શું ઊભો છો બાધાશંકરની જેમ? લઈ જા એ લોચો, ને લાવ પાણી...' સાહેબના પ્રત્યેક ટાંપામાં ખડે પગે રહેવા છતાં તેની હથેળીમાં જશરેખા નહિ હોય એમ એ હડધૂત થયે જતો હતો. હડધૂત થવાની ટેવને એ કોચવાતા મને શીખી રહ્યો હતો. અત્યાર સુધીની જિંદગીમાં એ ઠેરઠેરથી માન-અકરામ પામ્યો હતો. સમાજમાં તેનો મોભો હતો. વડીલપણું ને શાણપણ તેને સામે ચાલીને મળેલાં હતાં. ઘણાંનો તે સલાહકાર અને વિશ્વાસુ મિત્ર હતો. તેનું નોકરીનું અને સામાજિક પાસું સુદૃઢ વ્યક્તિત્વવાળું હતું. અગાઉના સાહેબ આગળ પણ તેની છાપ પીઢ અને માની માણસની હતી. પણ કોણ જાણે આ નવા બૉસ આગળ જ તેનું આ વ્યક્તિત્વ છિન્નભિન્ન થઈ જતું. તેની હોશિયારી, ચપળતા, ડહાપણ, સૂઝશક્તિ ને આવડત આ બધું જ કોણ જાણે બૉસની પાસે આવતાં વિખેરાઈ જતું, સુગ્રથિત કરુણાશંકર રૂંવેરૂંવેથી છૂટો પડીને રૂના પોલ જેવો ઢીલો ઢફ બની જતો.

ભીતિભર્યો કરુણાશંકર પાણી લાવ્યો. ધ્રૂજતા હાથે તેણે પ્યાલો ધર્યો અને બીજા હાથે કપાળને લૂછ્યું.

'અલ્યા ભગાના ભાઈ, ટ્રેમાં પાણી લાવતાં શીખ હવે...વીશેક વર્ષ મુંડાવ્યું તો ય...' પાણી પીતાંપીતાં બૉસે બળાપો કર્યો.

'જી...જી...હવેથી ટ્રરરે...' બીતાંબીતાં તેણે વાક્યને થૂંકમાં પલાળીને ગળે ઉતારી દીધું.

'એનો એ ભઈલા...પડી પટોળે ભાત્ય...' શબ્દોનું કાતિલ તીર ફેંકીને સાહેબે ટેબલ પરની ફાઈલો ખોલી.

કરુણાશંકર બીકમાં ને બીકમાં પ્યાલો ભૂલીને કૅબિન બહાર નીકળ્યો, પુશડોર ચરરરર કરતાં બિડાયું–કરુણાશંકરના હૃદયમાં ઘડી પહેલાં પડેલા ચિરાડા જેવું, વસાયું ન વસાયું ને મોતની નોબત જેવી બેલ રણકી.

'જી...' કહેતો કરુણાશંકર સાફાનું છોગું ઠીક કરતો પ્રવેશ્યો.

'એ વરરાજા, આ ગ્લાસ લઈ જાઓ!' કહીને બૉસે વિફરેલા સિંહની માફક નયનસંધાન કર્યું.

'જી...' કહેતાં કરુણાશંકરે ગ્લાસ લઈ લીધો. શરમથી ખરડાએલા ચહેરે એ નીચી મૂંડીએ કૅબિન બહાર નીકળ્યો. પુશડોર બિડાતાં આ વખતે તેના બરડામાં વાગ્યું—કોઈએ ધબ્બો માર્યો હોય એમ. જિંદગીનાં બધાં વર્ષો પાણીમાં વહી ગયાં હોય એવી હતાશા તેને ઘેરી વળી. સાહેબ સાથેના પ્રત્યેક કાર્યમાં તેને મૃત્યુનો અનુભવ થવા લાગ્યો હતો. હવે તો ઑફિસમાં પગ મૂકતાં જ તે પારેવા જેમ ફફડી જતો.

કૅબિન બહાર બૅંચ રહેતી. કરુણાશંકર ત્યાં જઈ બેઠો. તેની આંખોમાં અપમાનિત આત્માની ભરચક વેદના ડોકાઈ રહી. મોં પડી ગયું. બૉસનો કરડાકીભર્યો ચહેરો દીવાલો સોંસરો તેને જોઈ રહ્યો છે એવો સંભ્રમ થયો. બીકનો માર્યો કરુણાશંકર બાથરૂમ તરફ ગયો. કોઈ પોતાની ઉદાસી કળી જાય એવા હેતુથી તે સ્વસ્થ થવા લાગ્યો. બાથરૂમમાં તેણે ઉપરાઉપરી બે બીડીઓ પીધી, ગટરમાં થૂંક્યો. વૉશબૅસિન પર હાથ-મોં ધોયાં. મૂછે વળ દીધો. જીર્ણ રૂમાલ વડે તેણે જીર્ણ ચહેરાને સાફ કર્યો ને ઊપડ્યો...

સામે મળેલા હેડકલાર્કે કરુણાશંકરને ઊભો રાખ્યો, તબિયતના સમાચાર પૂછ્યા, થોડી ગૃહસંસારની વાતો કરી. થોડી હૂંફ મેળવીને કરુણાશંકર પોતાને સ્થાને પાછો ફર્યો. 'થોડું આપનું કામ છે કાકા, મળજો ને!' હેડકલાર્કના શબ્દોએ તેને પોરસ આપ્યો. ભાંગી પડતો તેનો જીવ વળી ટટ્ટાર થયો. એ આવકારના શબ્દોને બોખા મોંએ મમળાવતો કરુણાશંકર જિંદગીની એવી ધન્ય ક્ષણોને પંપાળી રહ્યો. તેના કરચલીવાળા મોંની રેખાઓમાંથી હતાશાઓ ખંખેરાઈ ગઈ.

પણ ત્યાં તો વળી બૉસની બે-રહમ ઘંટડી ગાજી. જાણે થ્રી નૉટ થ્રીની ગોળીઓ વછૂટી.

'જી.' કરુણાશંકર સલામ ભરીને પૂતળાની માફક ઊભો રહ્યો.

'મોરચે જવાનો હોય એમ સલામ ઠોકીને શું ઊભો છો? લઈ જા આ ફાઈલોને...સહીમાં મૂકી જાય તે પછી લઈ જવી જોઈએ એવું કેટલીક વાર શીખવવું? જા ભાઈ, જા; હદ થઈ ગઈ...' 'જી.'

'ઑય તારું જી!!' કહીને બૉસે કઢંગો મચકોડ કર્યો. કરુણાશંકરે ભીતિભર્યા હાથે ફાઈલોનો થોકડો ઉઠાવ્યો. એક ફાઈલ પડી ગઈ. કાગળો વેરાયા ને પંખાના પવને ફરફરિયાંની માફક ઊડવા લાગ્યા. ઝપટ કરીને એણે કાગળો એકઠા કર્યા. બૉસ દાંત કચકચાવી રહ્યા.

બૉસનું મૌન પણ ભયંકર હતું. હમણાં હૃદય બેસી જશે, કાં તો મગજ ગાંડું થઈ જશે એવી તંગ મનોદશામાં કરુણાશંકર બે હાથે ફાઈલોનો થોકડો ઉપાડી ઝટપટ ચાલતો થયો.

ભિડાતા પુશડોરને હેડકલાર્કે પકડી લીધું. ન ચરેરાટ થયો, ન તો વાગ્યું. કરુણાશંકરે બેન્ચ પર ફાઈલો મૂકીને મુક્તિનો શ્વાસ માણ્યો. નવા બૉસ કેમે ય કરીને પોતાનાથી રીઝાશે નહિ તેની પ્રતીતિ કરુણાશંકરને થઈ ગઈ. 'હવે કેમ નભાશે...કેમ નોકરી થશે...' તેની ચિંતા તેના વૃદ્ધ મગજમાં જળોની માફક ચીટકી રહી.

તેના દીકરાની વર્ષગાંઠ જેમજેમ નજીક આવતી ગઈ તેમતેમ ચિંતા બેવડાવતી રહી. 'આ સાહેબ બીજી ભાતના છે!' એવો તેનો પ્રત્યેક દિવસનો અનુભવ હતો. વચન નાખવા માટે હા-નાની અવઢવમાં એ ગોથાં ખાઈ રહ્યો. પણ અંતે તેણે દીકરાની વર્ષગાંઠને આગલે દિવસે હિંમતનાં તણખલાંને એકઠાં કરીને કહ્યું. 'સાહેબ...'

'ફ્રાડચ...શું આવ્યો છો?' 'સાહેબ એક...'

'એક કે બે!' વ્યંગસહ મરકીને સાહેબે પૂછ્યું.

'સાહેબ એક વિનંતી છે...' કહેતાં તેની પોચી આંખે પાણી ભરાયું.

'બોલ...શી વિનંતી છે?' બૉસે ધીમે પડતાં કહ્યું.

'સાહેબ, મારે એક જ દીકરો છે ને કાલે તેની વર્ષગાંઠ છે.'

'હં...મ'

'સાહેબ, એ દિવસે મારા અન્નદાતાને જમાડવાનો મારો રિવાજ છે.'

'હં...'

'સાહેબ, આપની પહેલાંના પાઠક સાહેબે ય પધારતા ને આશિષ આપી જતા.' 'હં...'

'સાહેબ, કાલે આપ પણ પધારો, પ્રસાદી લેવા.' કહીને કરુણાશંકરે પાઘડી હાથમાં લઈને આરજુ જેવી વંદના કરી. સાહેબ માથું ખજવાળીને વિચારે છે ત્યાં હેડકલાર્કે પ્રવેશ કર્યો, વાતને તેણે ઉપાડી લીધી.

'સર હી ઈઝ હેબિચ્યુએટેડ ટુ ઈન્વાઈટ ઈન એ યર...ઍન્ડ ઑનલી ધ બૉસ!' 'આઈ મીન...અચ્છા...'

'જી...હા...' કહીને તેણે પાઘડી પહેરી.

'વારુ, ક્યારે આવવાનું મારે!'

'જી...કાલે સવારે દસ બજે હું આવી જઈશ.' કહીને કરુણાશંકર પ્લાવિત વદને સાહેબને બે હાથ જોડીને વંદી રહ્યો.

'સારું, જા...' બૉસે વચનસહ આજ્ઞા આપી. કરુણાશંકર ગયો. પુશડોર વાસંતી વાયુના વીંઝણા જેવું ફરકી રહ્યું. કરુણાશંકરના સાફાના

છાંગે મૃદુ સ્પર્શ થતો હોય એમ સ્પર્શી ગયું. પીઠ પર કોઈનો શાબાશી ભર્યો હાથ ફર્યો હોય એવું એને એ લાગ્યું.

કરુણાશંકર દબાતા પગલે આગળ ચાલતો હતો. પાછળ નવા બૉસ ચાલતા હતા. કરુણાશંકરની શેરી આવી. ઓળખીતાઓ કરુણાશંકરને ઊંચો હાથ કરીને 'રામરામ ગોરબાપા' કહેતા રહ્યા. 'એ કાકા, થોડું કામ છે', 'એ કાકા થોડું મૂરત જોવાનું છે.' 'વહુને કે'દિ તેડી લાવીએ ગોર બાપા?' 'એ અદા, ઓલા મણિયાને કંઈક શિખામણ આપો. સાલો રખડી ખાય છે.' 'એ અદા સત્નારણની કથા કે'વરાવવી છે... કે'દિ છુટ્ટી છે?' 'જરા સાંજુકના મળજો ને!' 'એ નાનિયા! ચૂપ મર, સાલા ભૂંડું બોલે છે? તે...જો, કેણાભા આવે છે...' ને છોકરા અદબ જાળવીને ચૂપ થઈ ગયા.

કરુણાશંકરે ચાલતાંચાલતાં જ એ બધાને સાંભળ્યા ને ધીરજથી આંખના ઈશારે પતાવ્યા. 'અત્યારે સાથે સાહેબ છે, પછી નિરાંતે વાત' એમ કહીને ચાલવા માંડ્યું. ગલી વટાવીને શેરીમાં...શેરી વટાવીને ફળીમાં કરુણાશંકરે પ્રવેશ કર્યો.

'બાપુ આવ્યા...બાપુ આવ્યા.' કહેતાં કરુણાશંકરની ચારેય દીકરીઓ અને નવ વરસનો દીકરો ઘેરી વળ્યાં.

'જુઓ, આપણે ત્યાં સાહેબ પધાર્યા છે, એમને વંદન કરો બેટા...' પાંચે ય સંતાનો આંખમાં ક્ષોભ ભરીને વંદી રહ્યાં. સાહેબે પણ સામેથી વંદન કર્યાં. તે જોઈને કરુણાશંકરની અંતરકળી અસંખ્ય પાંખડીએ ખીલી ઊઠી.

ફળીની નાનીમોટી વહુવારુઓ ઘૂમટો તાણતાં આછુંપાતળું જોઈને ઘરમાં સરકી ગઈ ને ધીંગામસ્તી કરતાં છોકરાંઓને ધમકાવીને કહેવા લાગી: 'જો તોફાન કરીશને તો કેણાભા પાસે લઈ જઈશ.' છોકરાં ચૂપ!

કરુણાશંકરે પાટીના પલંગ પર ગાદલું પાથર્યું, ઓછાડ કર્યો, ઓશીકું મૂક્યું, 'પધારો' કહીને સાહેબને બેસાડ્યા.

પછી પાટલો ને આસન પાથર્યાં. હાથમાં ધોળા તાંબાકૂંડીમાં પાણી કાઢ્યું. પડખે સ્વચ્છ નૅપકિન મૂક્યો. સાબુની ગોટી મૂકી. ધૂપ-દીપ કરીને સાહેબને જમવા ઉઠાડ્યા. સાહેબે હાથ-મોં ધોયાં.

આંગણામાં તુલસીનો ક્યારો હતો. અત્યારે તેમાં અગરબત્તી જલી હતી. નળિયામાં ધૂપ અને પડખે દીવો હતો. છોકરાંઓ ઘરમાં ગોઠવાઈને શાંતિથી વાતો કરી રહ્યાં હતાં. ઘર સાદું ને સુઘડ હતું. ઘરની દીવાલો ભાતીગળ લીંપણથી દીપી રહી હતી. તેમાં ગળી અને રમચીથી પ્રેરણાદાયી સૂત્રો અને આવકારવચનો આળેખેલાં હતાં, થોડી છબિઓ અને ચિત્રો પણ હતાં. રસોઈ સાદી પણ સ્વાદિષ્ટ હતી. પિત્તળનાં વાસણો પણ સુવર્ણની માફક ઝગઝગતાં હતાં. ઘરની પ્રત્યેક વસ્તુમાં કરકસરયુક્ત વલણ દેખાતું હતું, પણ તેની પાછળ એક આદર્શ ગૃહિણીની મહોર અને આદર્શ પતિની અનુજ્ઞા દેખાતી હતી.

બૉસ અત્યારે એક નાનકડા વિશ્વમાં વિહરી રહ્યા હતા, જ્યાં નહોતી કૅબિન કે નહોતી ફાઈલો...ને કરુણાશંકર? અલબત્ત, આ વિશ્વ કરુણાશંકરનું હતું....પણ અત્યારે એ બૉસનો કરુણાશંકર નહોતો. પોતાનો કરુણાશંકર હતો. ને તેનું સ્વરચિત આ વિશ્વ હતું. એક નાનકડા માણસની આદર્શ દુનિયાનો સાક્ષાત્કાર બૉસ કરી રહ્યા હતા; ને પોતાના જીવન વિષે આંતરદર્શન પણ.

કરુણાશંકર આગ્રહ કરી કરીને બૉસને જમાડી રહ્યો હતો. 'સાંજે હોટેલમાં જમીશું.' પત્ની અને પુત્રોના બળવા આગળ તેમનું ચાલેલું નહિ. સાંજે પિક્ચરનો પ્રોગ્રામ પણ હતો. બૉસે જ પરિવારને બોધપાઠ આપવાના હેતુથી એ બતાવવાનું નક્કી કર્યું હતું.

જમી રહેલા બૉસની નજર સામે ભીંત પર લગાડેલા મૂળાક્ષરના નાનકડા ચાર્ટ પર પડી. પહેલો જ અક્ષર વંચાયો 'ક.'

'...કરુણાશંકરનો!' મનોમન એમનાથી બોલાઈ ગયું. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૪

આમવાત

આ રોગને લોકભાષામાં સંધિવા કે ગાંઠિયો (ગઠીયો) વા કહે છે, જ્યારે સાંપ્રત વિજ્ઞાનમાં Rheumatism કહે છે.

'આમ' એટલે કાચો રસ. આ રોગમાં કાચા આહારરસ સાથે વાયુ ભળેલો જણાય છે અને આ રોગ પ્રાયઃ અગ્નિમાંદ્ય જનિત છે. આયુર્વેદના મત પ્રમાણે આહારરસને અને હૃદયને સીધો સંબંધ છે તેથી આ રોગ લાંબો સમય રહેવાથી હૃદયને અસર કરે છે. આ રોગ કષ્ટદાયક અને કષ્ટસાધ્ય છે.

લક્ષણ

(૧) ઢીંચણ, પિંડી, કોણી, કાંડાના સાંધા જેવા મોટા સાંધામાં સોજો આવે છે. (૨) સોજાને કારણે શરીર જકડાય છે. (૩) સાંધામાં વીંછી કરડયો હોય તેવી વેદના થાય છે. અને આ વેદના તથા સોજો એક સ્થાનેથી બીજા સ્થાને ફરતો રહે છે. (૪) રોગીને સહેજ તાવ રહે છે. (૫) ભૂખ ઓછી લાગે છે. (૬) શરીર ભારે લાગે, આળસ ચડે, મોઢું ચીકણું લાગે, ખાવામાં રુચિ ન રહે. (૭) મળ ચીકણો અને દુર્ગંધયુક્ત થાય. (૮) હૃદયના ભાગમાં દુખાવો જણાય અને (૯) ઠંડીમાં, ચોમાસામાં અને સવારે રોગ વધારે પીડે, ગરમીમાં રાહત જણાય.

ઉપચાર

(૧) રોગીને વેદના સ્થળે કે સોજાને સ્થળે તેલમાલિસ કરવું નહિ એથી રોગ વધે છે.

(૨) સોજા ઉપર ગરમગરમ દશાંગ-લેપ લગાડવો.

(૩) સોજા ઉપર ગરમ રેતીનો શેક કરવો. એરંડા, આકડા ને નગોડનાં પાનોને પાણીમાં ઉકાળી તેનો બાષ્પ સ્વેદ કરવો. અથવા આ પાન ગરમ કરી સોજા ઉપર બાંધવાં.

(૪) સૂંઠનો કે ગળોનો ઉકાળો કરી તેમાં દીવેલ-એરંડિયું એકાદ તોલો મેળવી રોજ સવારે પી જવું. આ પ્રયોગ લાંબો વખત કરવો. આમવાતની આ એક માત્ર કાયમી રાહત આપનારી રામબાણ સારવાર છે.

(૫) મહારાસ્નાદિ ક્વાથ, રાસ્નાપંચક ક્વાથ, દશમૂલ ક્વાથ, મહાયોગરાજ ગૂગળ, લઘુ યોગરાજ ગૂગળ, સિંહનાદ ગૂગળ, આમવાતારિ વટી, ચિંચાભલ્લાતક વટી, રાસ્નાદિ ગૂગળ કે ત્રિફલા ગૂગળ પણ અવશ્ય લાભ કરશે.

(૬) ચરકનો આ પ્રયોગ કરવા જેવો છે: લસણની કળીઓને તલના તેલમાં તળીને રોજ ભોજન સાથે ખાવી.

(૭) રોજિંદા આહારમાં સૂંઠ, આદુ, સરસવ કે તલનું તેલ, લસણ, રાઈ, હિંગ, મરી, અજમો, જવ, કળથી, સરગવો, પરવળ, કારેલાં વગેરેને પ્રધાનતા આપવી.

(૮) દહીં, દૂધ, માખણ, ઘી, ગોળ, ખાંડ, કેળાં, ટમેટાં, લીંબુ, કેરી, છાશ જેવા મીઠાં, ભારે, ખાટાં, ચીકાશવાળાં, ઠંડાં, કફકર દ્રવ્યો અને ખૂબ આરામ, ઊંઘ, શીતળ પવન, ઠંડા પાણીનું સ્નાન વગેરે ત્યજવાં.

(૯) ગરમ પાણી પીવું અને ઉપવાસ કરવો.

આ બધા સામાન્ય ઉપચારો છે અને બહુધા અસરકારક પણ. છતાં કારી ન ફાવે તો વધુ પ્રયોગોમાં ન ઊતરતાં નિષ્ણાતની સલાહ લેવી.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

આવતા માસનો ૬૦૦મો સુવર્ણજયંતી અંક સલામત મેળવવા માટેની યોજના

દરેક અંક બહાર પડે કે તરત જ ગ્રાહકો તરફથી અંકો ગુમ થયાની ફરિયાદો આવવા માંડે છે. અમે બધાં જ સરનામાં દર મહિને રજિસ્ટર સાથે ચેક કરીએ છીએ અને પોસ્ટ કરતાં પહેલાં બધી રવાનગી ગણીને ટિકિટના હિસાબ સાથે ફરીથી ચેક કરી લેવામાં આવે છે. અને છતાં અંકો ગુમ થયાની ફરિયાદો તો આવ્યા જ કરે છે. કોઈ અંક એવો નથી ગયો કે જેને વિષે ફરિયાદ ન આવી હોય. તો પછી ૬૦૦મો ખાસ અંક તો એમાંથી શાનો મુક્ત રહી શકે?

ટપાલ ખાતું રજિસ્ટર્ડ ન થઈ હોય તેવી વસ્તુની જવાબદારી સ્વીકારતું નથી. અમારે પક્ષે તો, અમારી પાસે જ્યાં સુધી અંકો સિલિક હોય છે ત્યાં સુધી ગ્રાહકોને ફરી મોકલવા યત્ન કરીએ છીએ; પણ હમણાંની કાગળની તંગીને લીધે ૬૦૦મા અંકની સંખ્યાની મર્યાદા પરિમિત છે; એટલે ગુમ થએલો એ અંક તો બિલકુલ ભરપાઈ કરી આપવાનું અમે માથે લઈ શકીએ તેમ નથી.

પણ ૬૦૦મા અંકની સલામતી માટે એક માર્ગ છે

આપનામાંના મોટા ભાગના ગ્રાહકોનાં લવાજમો ડિસેમ્બર આખરે, એટલે કે એ ૬૦૦મા અંક સાથે જ પૂરાં થતાં હશે; અને આપ જાન્યુઆરીનો અંક વી. પી.થી મંગાવીને લવાજમ ચાલુ રાખવાના જ હશો. આમ, જાન્યુઆરી અંક ઉપર તો આપ વી. પી.ના રજિસ્ટરનો ખર્ચ કરવાના જ છો. તો પછી એ જ ખર્ચ ડિસેમ્બર અંક (૬૦૦મા અંક) ઉપર કરી તેની સલામતી સાધી લો તો? એટલે—

(૧) આવતા વરસના લવાજમ માટે જાન્યુઆરીને બદલે આપે ડિસેમ્બરનો ૬૦૦મો અંક વી. પી.થી મંગાવવો. એ અંક વી. પી. હોવાથી આપને તે સલામત પહોંચાડવાની કાળજી પોસ્ટ ઑફિસ રાખવાની જ, કેમ કે એનાં નાણાં એને આપની પાસેથી મેળવવાનાં હશે; જ્યારે આપને પક્ષે તો માત્ર વી. પી. એક માસ વહેલું મંગાવવાનું થાય એટલું જ.

(૨) જેઓ એજન્ટો મારફત કે મની ઑર્ડરથી લવાજમ મોકલે છે, તેઓ પણ આ વખતે તો અંક સલામત મેળવવા માટે વી. પી.નો આ થોડો સરખો વધુ ખર્ચ કરે એવી અમારી ભલામણ છે. એ ખર્ચ ખરેખર લેખે લાગ્યો ગણાશે.

(૩) જેમનાં લવાજમ ડિસેમ્બર અંક સાથે પૂરાં થતાં નથી, પણ આવતા વરસના કોઈ વચગાળાને મહિને કે વર્ષ આખરે પૂરાં થાય છે તેમને યે અમારી ભલામણ છે કે તેઓ પણ આવતા વરસના બાકી રહેતા મહિનાઓનું ફાળે પડતું લવાજમ, કે તે પછીના વર્ષનું લવાજમ ભરપાઈ કરાવી તેટલી રકમના વી. પી.થી જ ૬૦૦મો અંક મંગાવી લે અને તેની સલામતી સાધી લે.

૬૦૦મા અંકની આપની નકલ ચોકસાઈપૂર્વક આપના જ હાથમાં આવે એ માટેનો આ ઓછામાં ઓછો ખર્ચાળ અને વધુમાં વધુ સરળ માર્ગ છે. આપે માત્ર કરવાનું એટલું જ કે **આ અંક મળ્યે તરત જ આ સાથેનું કાર્ડ ભરીને આવતો અંક આપના નીકળતા હિસાબે વી. પી. કરવાનું અમને લખી જણાવવું.**

૬૦૦મો અંક ડિસેમ્બર આખર લગભગ બહાર પડશે. અમે ૩૧મી ડિસેમ્બરની છેલ્લી ટપાલ સુધી આપના પત્રની રાહ જોઈશું. અને જો કાંઈ ખબર નહિ આવ્યા હોય તો પછી ઈશ્વરને ભરોસે આપનો અંક સાદી ટપાલથી આપને પોસ્ટ કરી દઈશું.

વ્યવસ્થાપક 'કુમાર' તા. ________

વિ. ૬૦૦મો અંક સલામત મેળવવા માટેની તમારી યોજના અનુસાર એ અંક મને ઈ. ________ ના વર્ષ માટેનું રૂ. ૧૮નું લવાજમ વસૂલ લેવા માટેના વી.પી.થી મોકલશો.* / મારું લવાજમ ઈ. ૧૯૭૪ના ________ માસ સાથે પૂરું થતું હોઈ બાકીના ________ માસ માટેના લવાજમની રકમના વી.પી.થી મોકલશો.*

લિ.

નામ ________ ગ્રા. નં. ________

સરનામું ________

*જે લાગુ પડતું હોય તે રાખીને બાકીનું છેકી નાખવું



આ માસ (નવેમ્બર-ડિસેમ્બર)ના આકાશમાં-૮


ખગાશ્વનો ચોરસ તો જાણો છો ને?(જુઓ અંક ૫૮૫)આકાશમાં એટલો વિશાળ અન્ય કોઈ ચોરસ ન હોઈ એને શોધવો પડે તેમ નથી. આ ચોરસની અગ્નિએ ચીપિયા આકારે 'મીન' (Pisces) રાશિના બહુ ઝાંખા તારા વિસ્તરેલા છે. ખગાશ્વના ચોરસમાંથી ¼ 'પૂર્વા ભાદ્રપદા', 'ઉત્તરા ભાદ્રપદા' અને 'રેવતી' મળીને ૨¼ નક્ષત્રો આ મીન રાશિમાં ગણાય છે. રાશિચક્રની આ ૧૨મી અને છેલ્લી રાશિ. બે મીન, એટલે કે માછલીની એક જોડની તેના આકારમાં કલ્પના છે; જો કે તારાઓ જોતાં એ વિચાર પ્રયત્નપૂર્વક બેસાડવો પડે છે. હા, અહીંની એક નિહારિકા એન. જી. સી. ૨૫૪ના આકારમાં એ કલ્પના કંઈક બંધ બેસે છે ખરી.

મીનમાંના રેવતી નક્ષત્રનો મુખ્ય તારો વૈજયંતી. વરાહમિહિરના સમયમાં—ઈ. ૫૨૨ આસપાસમાં આ તારા પાસે વસંતસંપાત* થતો હતો. આજકાલ એ ઉત્તરા ભાદ્રપદામાં થાય છે.

મીન રાશિમાં સૂર્ય હોય ત્યારે દિવસો ટૂંકા હોય છે.

જ્યોતિષીઓના મત પ્રમાણે મીનમાં જન્મેલ વ્યક્તિ ગાયન-વાદનની જાણકાર, કવિ કે કલાકાર, નમ્ર, દયાળુ, લાગણીશીલ, એકાંકી સ્વભાવની ને ક્વચિત નિરુત્સાહી તથા ખિન્ન હોય છે. માઇકેલ ઍન્જલો, હૅન્ડેલ, જ્યૉર્જ વૉશિંગ્ટન, વિક્ટર હ્યુગો, આઇન્સ્ટાઈન, ઇલિઝાબેથ ટેલર, સ્વેતલાના સ્ટૅલિન વગેરે મીન-સૂર્ય વ્યક્તિઓ મનાય છે.

આ માસમાં મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ તથા અગસ્ત્યને જોવાનો લાભ મળે છે. તા. ૧૫ નવે. થી ૨૦ ડિસે. દરમિયાન બુધને સવારે પૂર્વાકાશમાં જોઈ શકાશે.



સંપાત

* ક્રાંતિવૃત્ત (સૂર્યનો આકાશીમાર્ગ) ને વિષુવવૃત્ત (ની કાલ્પનિક રેખાઓ) એકબીજાને સામસામા બે બિંદુમાં છેદે છે. (જુઓ આકૃતિ) એ પૈકીનું એક બિંદુ તે 'વસંતસંપાત'. માર્ચ માસની ૨૨મી તારીખે સૂર્ય આ બિંદુ પર આવે છે ત્યારે ખગોળની દૃષ્ટિએ દિવસ-રાતની લંબાઈ એક સરખી હોય છે. આ જ રીતે સપ્ટેમ્બરમાં 'શરદસંપાત' વખતે પણ રાતદિવસ સરખાં લાંબાં હોય છે. વસંતસંપાત પછી દિવસની લંબાઈ વધે છે, જ્યારે શરદસંપાત પછી ઘટે છે. વેદકાળમાં વસંતસંપાત મૃગશીર્ષ નક્ષત્રમાં થતો હોવાનો ઉલ્લેખ છે. વરાહમિહિરના કાળમાં રેવતી નક્ષત્રમાં થતો અને આજકાલ ઉ. ભાદ્રપદામાં. આ પરથી ગણતરી કરીને વિદ્વાનોએ વેદકાળને આજથી લગભગ ૫૮૦૦ વર્ષ પહેલાંનો માન્યો છે.

વસંતસંપાત દર વર્ષે ૨૦ મિનિટ વહેલો આવતો જાય છે. આ જ રીતે દક્ષિણાયન, શરદસંપાત અને ઉત્તરાયન પણ.

કુમાર કાર્યાલય લિમિ૦
૧૪૫૪ રાયપુર
AHMEDABAD 380 001
(INDIA)

અજંતાનાં કેટલાંક ઉપેક્ષિત શિલ્પો

લેખક : મધુસૂદન ઢાંકી



▷ **નાગરાજ**
અજંતાનું એક અતીવ સુંદર શિલ્પ: જાજ્વલ્યમાન રાજત્વ, સૌમ્ય, ધ્યાનમયી પણ પ્રભાવપ્રસારી મુખમુદ્રા સાથે સ્વસ્થ ઓજસયુક્ત ગરિમામંડિત અંગછટા પાતાલેન્દ્રના દૈવી ગૌરવને પૂર્ણતયા વર્ધક-પોષક છે.
(રેખાંકન: ર. મ. રા.)

વાકાટક સંપ્રદાયના ઉત્કૃષ્ટ અને એકમાત્ર અવશિષ્ટ કલા-કેન્દ્ર અજંતામાં પાંચમા શતકના ઉત્તરાર્ધમાં કેટલાક અલ્પ-સંખ્યક પણ ભારતીય કલાના સર્વોત્તમ નમૂના છે. ત્યાંના વિહારોની કોઈકોઈ બુદ્ધ-પ્રતિમાઓ, ૧૯મી ચૈત્ય ગુફાના મોરાના ભાગના બૌદ્ધ પાર્ષદોની અને આજુબાજુની ભીંતના ખત્તકોની પેલી જગવિખ્યાત ‘નાગરાજ’ અને ‘મૈત્રેય બુદ્ધ’ની મૂર્તિઓ, તથા ૧૬મી ગુફાના સ્તંભશીર્ષોનાં તળિયે કંડારેલ ગાંધર્વ અને વિદ્યાધર યુગલોને આ પરમ કોટિમાં મૂકી શકાય.

ભારતીય વિદ્વાનોને નિસ્બત છે ત્યાં સુધી તો, અજંતા કે પછી ભારતના કોઈ પણ અન્ય પ્રાચીન શિલ્પધામનાં કલા-ઇતિહાસ ઠરાવવાને કે તેની રૂપમાધુરીનું રસદર્શન કરવાને બદલે તેમનું ધ્યાન કેવળ પ્રતિમા-વૈધાનિક અને સ્થાપત્યના અંગ-ઉપાંગોનાં સ્થૂલ દૃષ્ટિએ વર્ણન કરવા સિવાય વિશેષ આગળ વધ્યાંનાં દૃષ્ટાંતો ઘણાં ઓછાં છે. દૃષ્ટિશીલ સંશોધન અને સર્જનાત્મક લેખન તેમની મર્યાદાની બહાર રહેતાં હોવાના અનેક દાખલાઓ છે. રચનાત્મકતા, દૃષ્ટ્યાત્મકતા, એ લક્ષણો આજે તો કેવળ પરિશ્રમી પાશ્ચાત્ય વિદ્વાનોના લેખનમાં જ જોવા મળે છે અને આ ક્ષેત્રના ભારતીય વિદ્વદ્વર્યો મોટે ભાગે તો તેમના અભિપ્રાયોનું અવતરણ, યા લૂલી ભાષામાં પુનરુચ્ચારણ કરવામાં, અને ઉપરચોટિયાં સંકલનો કરવામાં જ સાર્થક્ય માની સંતોષ લે છે. અજંતાની ગુફાઓનાં કલા-ઇતિહાસ અને શિલ્પકલા પર આજે જ્યારે પુનર્વિચારણા થઈ રહી છે, ઘણાં નવાં તથ્યો પ્રકાશમાં આવી રહ્યાં છે અને નવા પ્રમેયો સૂઝી રહ્યા છે, સ્થપાઈ રહ્યા છે ત્યારે તેના ઉપલક્ષમાં ત્યાંની કેટલીક ઉપેક્ષિત પ્રતિમાઓ તરફ અહીં ધ્યાન દોરવા વિચાર્યું છે. આ લક્ષ પુરાતત્ત્વની દૃષ્ટિએ આકર્ષવાનો પ્રયત્ન નથી, પણ કલા ઇતિહાસ અને રસાનુભૂતિના ફલક પૂરતું સીમિત છે તેવી સ્પષ્ટતા કરીને આગળ વધીએ.

આમાં સૌથી પહેલાં લઈશું ત્યાં કુંડ પાસેની ગુફા નં. ૧૫ ને ૧૬ના સંધિના ખડક પર કોરેલી નાગરાજની મૂર્તિ (પૂંઠા પર તથા આ લેખને મથાળે) વાકાટકયુગની અહીંની ગુફાઓમાં ૧૫-૧૬મી ગુફાઓ પ્રમાણમાં જૂની, લગભગ ઈ. સ. ૪૬૦ ૪૭૫ના ગાળામાં ખોદાઈ હોવાનો અંદાજ છે.[1] આ પ્રતિમા પ્રસ્તુત ગુફાઓની હદની બહાર એક ‘કુટિ’ કરી તેની અંદર આવી જાય તેવી રીતે ગોપવેલ સ્થિતિમાં કોરેલી જોવા મળે છે.

પ્રતિમાની દક્ષિણ ભુજા અને પગ ખંડિત છે અને મુખાકૃતિ પણ ઘસાએલી છે. એ જ પ્રમાણે નાગછત્રમાં નવ પૈકીની પાંચ ફણાઓ ઊડી ગઈ છે. આટલી દુરાવસ્થામાં પણ આ પ્રતિમા રૂપનિર્માણનું એક ઉત્તમોત્તમ રત્ન છે તેમ તત્કાળ જણાઈ આવે છે. અજંતાની ૧૯મી ગુફાના ઉપલક્ષમાં કોરેલા પેલા વિશ્વવિખ્યાત નાગેન્દ્ર (જુઓ સાથેનું ચિત્ર) કરતાં આ નાગરાજની અભિવ્યંજના ને શૈલીમાં કેટલોક ફર્ક છે. પેલામાં સૌભદ્ર ને સુમધુર દેવત્વ તેમ જ સુલલિત અંગભંગિ અને તેને અનુરૂપ આસનમુદ્રાદિ કોરેલાં છે. ત્યાં ટાંકણું અનુપમ લાવણ્ય અને સુકુમારતા સર્જવા પાછળ પ્રવૃત્ત બન્યું છે: જ્યારે અહીંના મહારાજ લીલાસનમાં આસીન દૃષ્ટાંતમાં જાજ્વલ્યમાન રાજત્વ, પાતાલેન્દ્રનો દેવરાજશો ઠસ્સો અને સૌમ્ય, ધ્યાનમયી પણ પ્રભાવપ્રસારી મુખમુદ્રાની સાથે જ સ્વસ્થ, ઓજસભરી, ગરિમામંડિત અંગછટા પણ વ્યક્ત થાય છે. પ્રતિમાનો સાદો પણ સપ્રમાણ કિરીટ, વાળની આછેરી લટો અને ઝીણેરું આભામંડળ નાગરાજના દૈવી ગૌરવના પૂર્ણતયા વર્ધક-પોષક બની રહે છે.

ભુજંગેન્દ્રની નિઃસીમ પ્રતિભા અને પ્રભા રેલાવતા આ બિંબની શૈલી અને ભંગિ, મુખાકૃતિ અને આભૂષણો અજંતાની અન્ય પ્રતિમાઓથી ભિન્ન છે. વસ્તુતયા છઠ્ઠા શતકના મધ્યભાગમાં દખ્ખણમાં પાંગરેલ કળચૂરી કલાનાં કેટલાંક તત્ત્વો ધરાવતું, અને એ રીતે જોઈએ તો પ્રસ્તુત કલાનું આ અગ્રચારી કહી શકાય તેવું દૃષ્ટાંત છે. મુંબાઈ પાસેની સમુદ્રવર્તી ઘારાપુરીની ગુફાનાં વિખ્યાત રૂપશિલ્પોનું આ અમુક અંશે પુરોગામી દૃષ્ટાંત હોય તેમ લાગે છે. અજંતામાં ગુફાઓથી બહાર અલગ રહેલી આ મૂર્તિના કાળનો નિશ્ચય કરવો આમ તો કઠિન છે, પણ ઈ. સ. ૪૭૫ આસપાસ તેને મૂકીએ તો કળચૂરિ કલાના ઉદયની સ્વીકૃત મિતિ કરતાં તે અર્ધી સદી જેટલું પુરાણું દૃષ્ટાંત માની શકાય.

હવે લઈએ બીજું દૃષ્ટાંત (ચિત્ર ૨), જેમાં ગગનમંડળમાં વિચરી રહેલ ચામરધારી ‘કુમાર’ કે ‘બાલવિદ્યાધર’ કે પછી ‘ભારપુત્રક’ નજરે પડે છે. ૨૧મી ગુફાની દ્વારશાખામાં, રૂપશાખા અને અંદરની અનલંકૃત શાખાની સંધિના ગાળે, ઉપરના ભાગે આ આકાશચારી બટુક ચામરધરનું રૂપ અંકિત થયું છે. એકાવલી અને સાંકડી હાંસડી, ને શિરે રત્નજડિત મુકુટ ધારણ કરેલ, તેમ જ સુંદર સુકુમાર બાળકને હોય તેવાં મોટેરાં મુખ પર શિશુ-સહજ નિર્દોષપણાની સાથે ધ્યાની-બુદ્ધના જેવી પ્રગાઢ પ્રશાંતિ અને પ્રસન્નતા ઝળકી રહી છે. વાકાટક કલાનાં શ્રેષ્ઠ શિલ્પોમાં આ બાલ ચામરધરનું પણ સ્થાન છે. અજંતાની રૂપકલા પર લખનારાઓ, આ શિલ્પ પ્રમાણમાં નાનું હોઈ, તેની નોંધ લેવાનું ચૂકી ગયા લાગે છે. અજંતામાં ૨૧ થી ૨૭ ક્રમની ગુફાઓ ક્રમશઃ પાંચમા શતકનાં અંતિમ વર્ષોથી લઈ છઠ્ઠી સદીના આરંભનાં વર્ષો સુધીમાં ખોદાઈ હોવાનો છેલ્લામાં છેલ્લો ક્યાસ છે, એ જોતાં આ શૈશવી વાહિકનો તક્ષણ-કાળ ૪૯૦ થી ૫૦૦ના ગાળામાં મૂકવો જોઈએ. (જુઓ આ અંકની આર્ટપ્લેટ)

આ પછી લઈએ ગુહા નં. ૨૬—જે ‘ચૈત્યગૃહ’ છે તે—ની અંદરના ‘સ્તૂપ’ પરની પ્રતિમાઓ. આ ગુહા ને એની સમીપવર્તી ગુહાઓનો કાળ એક સમયે છઠ્ઠાથી લઈ આઠમા શતક સુધીનો મનાતો હતો. ત્યાર બાદ તેને પાંચમા શતકના અન્તભાગે મૂકવાનું સૂચન થયું, અને હવે છઠ્ઠા શતકમાં ક્યારેક—એક મતે તેના પહેલા ચરણમાં અને બીજા મતે તેના ચરણમાં—મુકાય છે. (શૈલીના સૂક્ષ્મ પરીક્ષણ દ્વારા તેનો સમય ઈ. સ. ૫૨૫ પછી મૂકી શકાય એમ તો લાગતું નથી.)

સંદર્ભસૂચિત સ્તૂપની વર્તુળાકાર, સ્તંભખચિત જંઘામાં સ્તંભાન્તરે,



નાગરાજ અને નાગમહિષી
અજંતાની ૧૯મી ગુફાના આંગણુમાંના એક મોટા ગોખમાંનું વિખ્યાત શિલ્પ. સૌભદ્ર અને સુમધુર દેવત્વ તેમજ સુલલિત અંગભંગિ તથા તેને અનુરૂપ આસનમુદ્રાદિના શિલ્પાંકન વડે શિલ્પીએ અહીં પથ્થરમાં અનુપમ લાવણ્ય અને સુકુમારતાભર્યું લલિત સુંદર સર્જન કર્યું છે.

ગાળેગાળે, બુદ્ધની તેમજ ચામરધરો, પ્રતિહારો ઇત્યાદિની પ્રતિમાઓ કંડારી છે, જે સ્તૂપને શોભનસમૃદ્ધ કરવા ઉપરાંત વિશેષઅર્થપૂર્ણ બતાવી રહે છે. (ચિત્ર નં. ૩ જુઓ આ અંકની આર્ટ પ્લેટ) અધિષ્ઠાન પરની ભિત્તીમાં આવી ત્રણ પ્રતિમાઓ દર્શાવતા સ્તૂપના એક ખંડનું દશ્ય રજૂ થયું છે. તેમાં મધ્યમાં મુકુલના સમૂહથી ઓપતા વચ્ચેના વિશાળ કમલ પર બુદ્ધની વરદ મુદ્રાંકિત ઊભી પ્રતિમા જોઈ શકાય છે. પ્રતિમાનું યૌવનાન્વિત, માર્દવપૂર્ણ અને ધ્યાનસ્થ સ્વરૂપમાન મુખ, તેમ જ દેહની સપ્રમાણતા તેને અહીંની આ પૂર્વે ખોદાએલ વાકાટકયુગની ગુહાઓનાં શિલ્પની સમકક્ષ લાવી મૂકે છે, તો બીજી બાજુ ઔરંગાબાદની પ્રાચીનતર મહાથાન ગુફાઓનાં શ્રેષ્ઠ શિલ્પોની મુખાકૃતિ ને દેહલીલા સાથેની સમતા બતાવે છે. ચિદાનંદમાં લીન, સર્વ ઐહિક વ્યાપારોને અતિક્રમી સ્થિરોભૂત થએલા બુદ્ધની શાંતિમુદ્રા બૌદ્ધદર્શનનાં, બુદ્ધની કરુણા અને વિશ્વમૈત્રીના આદર્શનાં ઉત્તમોત્તમ પ્રતીકોમાંનું એક બની રહે છે.

આજુબાજુના ખત્તકોમાં ઊભેલાં પાર્ષદરૂપોમાં પ્રેક્ષકની જમણી બાજુએ ઊભેલ પાર્ષદનું મુખ, કેડ પર મૂકેલો હાથ ઈત્યાદિ દખ્ખણમાં થોડાં જ વર્ષો બાદ દેખા દેનાર કળચૂરિ રંગઢંગ અને આકૃતિઓનાં એંધાણ દર્શાવે છે. એ જ પ્રમાણે ઉપર કંડારાએલ શોભનમેખલાઓમાં સૌથી નીચેની 'સાગરતરંગ' કે 'ઊર્મિવેલ' પણ અનુ-વાકાટક યુગની ઇલોરાની ગુફાઓની સમદર્શી વેલોનું સ્મરણ કરાવે છે, અને એથી કળચૂરિ-કલાના ભણકાર જગાવી જાય છે.

અને છેલ્લે જોઈએ આ જ સ્તૂપની એક અન્ય અનુચારી પ્રતિમા. તે છે સ્તૂપની પશ્ચિમ બાજુની ચામરધરની ખડી પ્રતિમા. (ચિત્ર નં. ૪) અમિતાભબુદ્ધને જટામુકુટમાં ધારણ કરતી ચૌરીધર મૈત્રેયની આ પાતળી પ્રતિમાનું મુખ કંઈક અંશે ધાતુપ્રતિમાને હોય તેવું છે. પગ સહેજ લંબિત હોવા છતાં અને ડાબા હાથનો પંજો તેમજ જમણા પગનો ઘૂંટી-ભાગ હજુ અપૂર્ણ રીતે કંડારેલ હોવા છતાં, તેના કંડારનાર શિલ્પીનો માનવદેહનો સુરૂપ વિભાવ રજૂ કરી જાય છે.

અજંતામાં આ ચૈત્યગુફાને કાટખૂણે કોરેલ (પણ હવે તો અર્ધભગ્ન) ગુહા નં. ૨૭ની કલા અજંતાનો આથમતો દિન દર્શાવી રહે છે. છેલ્લાં બે ચિત્રો અજંતાની સંધ્યાથી સહેજ પૂર્વનાં છે અને વાકાટક યુગના અંત પછીના પણ સંક્રાંતિકાળના સૂચક તેમજ કલાપૂર્ણ નમૂનાઓ છે.

પાદટીપ

૧. See 'Ajanta to Ellora' *Marg* Vol. xx No. 2 March 1967. કુમાર કાર્યાલય પ્રકાશિત 'અજંતાના કલામંડપો'માં શ્રી રવિશંકર રાવળે પણ આ પ્રતિમાનું એક સુંદર રેખાંકન આપ્યું છે, જેની નાની પ્રતિકૃતિ આ લેખને મથાળે જોશો. □

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ ત્રીજો: ૩ · નવજાગૃતિની વસંત

સ્પેન્સર, સિડની અને બીજા

સોળમા સૈકામાં અંગ્રેજી કવિતાને ઉચ્ચસ્તરે લઈ જવામાં વ્યાટ અને સરેએ પ્રારંભિક પણ મહત્ત્વની કામગીરી બજાવી. અંગ્રેજી કવિતામાં નવું ચેતન પ્રગટવા માંડયું. એમની પછી પણ બીજા કવિઓએ આ દિશામાં આછાપાતળા પ્રયત્નો કર્યા. આ બધા પ્રયાસોની પાછળ નવજાગૃતિ-કાળના ઈટાલી અને ફ્રાન્સના સાહિત્યની પ્રેરણા હતી. અંગ્રેજી કવિતા નવાં ઊંચાં ઉડ્ડયન માટે પાંખો ફફડાવી રહી હતી. કોઈ પ્રતિભાસંપન્ન કવિના અવતરણ માટે અંગ્રેજી સાહિત્ય પ્રતીક્ષા કરી રહ્યું હતું. આ ઉત્સાહ માત્ર સાહિત્ય પૂરતો મર્યાદિત ન હતો. સમગ્ર રાષ્ટ્રમાં ચેતનાનો જુવાળ આવ્યો હતો. નવજાગૃતિનો એ વસંતકાળ હતો. માનવીની અને નવી દુનિયાની નવેસરથી શોધ થઈ રહી હતી. હૉકિન્સ અને ફ્રાન્સિસ ડ્રેઈક જેવા સાહસિકો દરિયો ખેડીને દૂર દેશાવર જઈ આવ્યા હતા. દરિયાપારના દેશોની રોમાંચક કથાઓ સાંભળીને અંગ્રેજ પ્રજા સાહસોત્સુક બની રહી હતી. 'જ્હૉન હૉકિન્સ, રિચર્ડ એડન તેમ જ રિચર્ડ હકલૂઈત્ જેવા સમર્થ નાવિકોએ દરિયાઈ પ્રવાસનાં પુસ્તકો રચ્યાં હતાં. અંગ્રેજ પ્રજા આ સાગરકથા સાંભળી રોમાંચિત થઈ ઊઠી. એ રોમાંચ એમને માટે નવો ન હતો. એમના ઍંગ્લો સૅક્સન પૂર્વજોની સાગરખેલછાનો પરિચય 'બ્યોવુલ્ફ'થી મળતો જ રહ્યો હતો.

ઈ. ૧૫૫૮માં રાણી એલિઝાબેથ ઈંગ્લૅન્ડની ગાદી પર આવી. એની પહેલાં રાણી મેરીએ ઝનૂનપૂર્વક કૅથૉલિક ધર્મના પ્રચાર અને પોપની સત્તાની સ્થાપના માટે પ્રજા પર અમાનુષી સિતમ ગુજારેલો. પ્રજાના મોટા ભાગને કૅથૉલિક ધર્મ પ્રત્યે નફરત થઈ ગએલી. પરિણામે પ્રૉટેસ્ટંટનો ઉદય થવા માંડયો. રાણી એલિઝાબેથના રાજ્યારોહણ પછી ધર્મની બાબતમાં પણ પ્રજામાં નવી જાગૃતિ આવી. જૂનાં અનિષ્ટો સામે પડકાર ઊભો થયો. સ્પેન સાથે ઈંગ્લૅન્ડની શત્રુતા વધતી જતી હતી. કૅથૉલિક ધર્મની અને પોપની સત્તાની ઇંગ્લૅન્ડમાં અવગણના થવાના બહાને ફિલિપ ઇંગ્લૅન્ડને શિક્ષા કરવા ઉત્સુક હતો. પોપના આશીર્વાદ પામીને તેણે 'અજેય કાફલા' સાથે ઇંગ્લૅન્ડ પર ચડાઈ કરી (૧૫૮૮). પરંતુ ઈંગ્લૅન્ડના હૉકિન્સ, ડ્રેઈક ને રૅલે જેવા કુશળ સાહસિક નાવિકોના પુરુષાર્થે ને કુદરતની પ્રતિકૂળતાએ સ્પેનના નૌકાકાફલાને છિન્નભિન્ન કરી નાખ્યો. આ યુદ્ધમાં ઈંગ્લૅન્ડના જુદાજુદા ધર્મ-સંપ્રદાયના લોકો પોતાના ભેદભાવ ભૂલીને એક દેશ–એક પ્રજા–બની ગયા. ઈંગ્લૅન્ડે આ વિજયથી 'સમુદ્રની રાણી'નું ગૌરવ પ્રાપ્ત કર્યું.

એડમન્ડ સ્પેન્સર: (૧૫૫૨–૧૫૯૯)

ઇંગ્લૅન્ડની સમગ્ર પ્રજાનું ચૈતન્ય આમ હિલોળે ચડેલું તેવે સમયે જ–અંગ્રેજી સાહિત્યની આવશ્યક પળોમાં–ઈ. ૧૫૫૨માં સ્પેન્સરનો એની જ ભાવસભર પંક્તિ ટાંકીએ તો, 'Merry London my, most kindly nurse'—લંડનમાં જન્મ થયો ગરીબ વિદ્યાર્થી તરીકે. તેણે પ્રાથમિક–માધ્યમિક શિક્ષણ લઇને કેમ્બ્રિજમાં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, અને ૧૫૭૬માં એમ.એ.ની ડિગ્રી મેળવી.

શિક્ષણ પૂરું કર્યા પછી તેની પાસે નહોતો પૈસો કે નહોતી ભાવિ વિષેની કોઈ યોજના. પણ એક મિત્ર–હાર્વેની સલાહથી તે લંડનમાં લેસ્ટરના ઉમરાવ (Earl of Leicester)ને મળ્યો. ત્યાં તે ઠરીઠામ થયો અને ફિલિપ સિડની સાથે મૈત્રીનાં બીજ પણ ત્યાં જ રોપાયાં જે મૈત્રી સમય વીતતાં ગાઢ બની રહી. સાંસ્કૃતિક ઘટનાઓનો જીવંત સ્પર્શ સ્પેન્સર અનુભવવા માંડયો. કવિ થવા માટેની તેની આકાંક્ષા સળવળવા માંડી. વાતાવરણે તેને વેગ આપ્યો.

ધ શેફર્ડ્ઝ કૅલેન્ડર

તેણે અંગ્રેજી કવિતા પર પ્રભાવ પાડનારી કૃતિ 'ધ શેફર્ડ્ઝ કૅલેન્ડર' (The Shepherd's Calender) રચી, ઈ. ૧૫૭૯. અને એક નવા પ્રતિભાશીલ કવિના આગમનનો ચમકાર કાવ્યરસિક વર્ગે અનુભવ્યો. એ કૃતિ પર વારી જઇને એક વિવેચક ડ્રેઈટને ઉદ્‌ગાર કર્યો: 'સ્પેન્સરે માત્ર આ કૃતિ રચી હોત તો ય તેની ગણના અમરોમાં થઈ શકત.'[1]

આ કૃતિમાં સ્પેન્સરે વર્ષની વિવિધ ઋતુના બાર માસને અનુલક્ષીને ગ્રામજીવનનાં ઊર્મિકો (Eclogues) રચ્યાં છે. આ પ્રકારનાં ગીતોનું મૂળ સિસિલીના લોકસાહિત્યમાં વિવેચકોએ જોયું છે. થીઓક્રીટસ (Theocritus), વર્જિલ (Virgil) ઇત્યાદિ કવિઓએ આ ગીતપ્રકાર ખેડયો હતો. સ્પેન્સરે આ સ્વરૂપની રચના કરી તે સમયે ઈટાલીમાં, ફ્રાન્સમાં અને મધ્યકાળના ઈંગ્લૅન્ડમાં લૅટિનમાં રચાએલાં આવાં ગીતો હાથવગાં હતાં. પરંતુ સ્પેન્સરે જે આયોજન કર્યું છે તેમાં તેની કલ્પના પ્રગટ થાય છે. ગોવાળોને તેણે ગીતોની સ્પર્ધા કરતા દર્શાવીને સમગ્ર કૃતિમાં ગ્રામજીવનનાં (Pastoral) ગીતો (ગોપકાવ્યો)નું વિપુલ વૈવિધ્ય સાધ્યું છે. એ ગીતોમાં પરોવાએલો દોર આજના વાચકને પાતળો અને કૃત્રિમ લાગે તો પણ એના યુગમાં તો આ નવીન પ્રકારની રચનાને પ્રજાએ વિસ્મય ને આનંદથી વધાવી લીધી હતી. એમાં સ્પેન્સરે પ્રશિષ્ટ કૃતિઓમાંથી, પ્લેટોની વિચારધારામાંથી, નવજાગૃતિ કાળના ફ્રેન્ચ–ઈટાલીના સાહિત્યમાંથી, મધ્યકાલીન પરંપરામાંથી અને તત્કાલીન યુરોપિયન સંસ્કૃતિના પ્રવાહમાંથી મબલખ સામગ્રી લીધી છે–જો કે અહીં તે આંશિકરૂપે પ્રગટ થઈ છે; પણ એ સર્વ સામગ્રીનો ઉત્તમ વિનિયોગ થયો છે 'ફેઈરી ક્વીન'માં. 'કૅલેન્ડર'માં સ્પેન્સરે ગીતસ્વરૂપનું જ નહિ, પદાવલિનું અને પંક્તિરચનાનું પણ અપૂર્વ વૈવિધ્ય સિદ્ધ કર્યું છે. વિવેચકોએ આ કૃતિમાં વસ્તુ કરતાં શૈલીનું 'મૅટર' કરતાં 'મૅનર'નું જ આકર્ષણ અનુભવ્યું છે.

સ્પેન્સરે આ 'કૅલેન્ડર'માં મુખ્યત્વે પ્રેમ, ધર્મ અને કવિતા, એ ત્રણ વિષયો નિરૂપ્યા છે. જાન્યુઆરી માસના ઊર્મિગીતમાં કોલિન કલાઉટ (Colin Clout) નામના ગોપના (વાસ્તવમાં એ પાત્ર તે કવિ સ્પેન્સર પોતે જ) રોઝૅલિન્ડ પ્રત્યેના પ્રેમનું અને પ્રેયસીએ કરેલા ઈન્કારને કારણે પ્રેમની વિફલતાનું ગાન છે. નવેમ્બરના ઊર્મિકમાં એક કુલીન સન્નારી–ડીડોના મૃત્યુ પાછળનો વિલાપ છે. ફ્રેન્ચ કવિ મૅરૉટે (Marot) સૅવૉયની રાણી વિષે કરુણપ્રશસ્તિ રચેલી તેનો એ અનુવાદ છે. પણ એ અનુવાદમાં પોતાની કલ્પનાનો વિનિયોગ કરીને મૂળ ફ્રેંચ કૃતિ કરતાં ય તેણે વિશેષ કલા એમાં સિદ્ધ કરી છે. કેટલાક વિદ્વાનોના મતે ઑક્ટોબરનું ગીત બધાં કરતાં વિશિષ્ટ છે. તેમાં અંગ્રેજી ભાષામાં પ્રથમ વાર ઉચ્ચ કવિતા વિષેનો આદર્શ પ્રગટ થયો છે. એમાં કુડી (Cuddie)ના પાત્ર દ્વારા કવિ વિષેની સંપૂર્ણ ભાવના તેણે વ્યક્ત કરી છે. એ પાત્ર આરંભમાં તો કવિતા તિરસ્કૃત બની છે તેનો ખેદ વ્યક્ત કરે છે, તેનાં કારણો વર્ણવે છે અને પછી ઉમેરે છે–માત્ર સુસંસ્કૃત કાળમાં નહિ, જંગલી પ્રજાજીવનમાં પણ કવિતાનો આદર થયો છે. એ એવી ઉત્તમ કળા છે— અથવા ના, એ કળા નહિ, ઈશ્વરી ભેટ છે, શ્રમ અને સ્વાધ્યાયથી તે પ્રાપ્ત થતી નથી, અલબત્ત એ બંનેથી તે કેળવી શકાય છે ખરી. ઈશ્વરી–દિવ્ય-

---

૧ સાક્ષર દોલતરામ પંડયાએ ગોવર્ધનરામ રચિત 'સ્નેહમુદ્રા' વિષે આવા જ અહોભાવયુક્ત ઉદ્‌ગાર કરેલા તે અહીં સ્મરવા યોગ્ય છે.

પ્રેરણા અને પ્રજ્ઞા વડે કવિ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.[૨] સ્પેન્સરના મિત્ર ફિલિપ સિડનીએ 'કવિતાનો બચાવ' (Defence of Poetry) માં જે દલીલ કરી છે તેનો સાર આમાં છે. સમગ્ર કૃતિમાંના પદાવલિના સંગીત તેમજ ચિત્રસમૃદ્ધિ એ બંનેએ સહૃદયોને મુગ્ધ કર્યા છે. પરંતુ કૃતિની નોંધપાત્ર વિશેષતા તો એ છે કે પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન યુરોપની વિચારધારામાંથી સ્પેન્સરે ખૂબ પ્રેરણાસામગ્રી લીધી હોવા છતાં કૃતિનું પોત રાષ્ટ્રીય છે.

ઈંગ્લૅન્ડમાં લેસ્ટરના ઉમરાવ પોતાને કોઈ ઊંચી પદવી પર મૂકી આપશે એવી સ્પેન્સરને આશા હતી, પણ તે ફળી નહિ. એવામાં આયર્લૅન્ડમાં તેને એક ઉમરાવે મોટા સ્થાનની જવાબદારી સોંપવાની ઇચ્છા બતાવી. સ્પેન્સરની ઇચ્છા મોઝીલું લંડન (મેરી લંડન) છોડવાની બિલકુલ નહિ. પરંતુ ફરી તરત વતન ફરાશે એવી આશાથી તે ડબ્લિન ગયો. ત્યાં તેણે સારી એવી ભૌતિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી. તેના મિત્રોએ તેની કવિપ્રતિભાને સંકોરી–જગતને એની કવિત્વશક્તિની જાણ થાય તે માટે પ્રેરણા આપી, સ્પેન્સરે એની મહાન કૃતિ 'ફેઈરી ક્વીન'નો અહીં આરંભ કર્યો અને આયર્લૅન્ડની મુલાકાતે આવેલો સર વૉલ્ટર રૅલે સ્પેન્સરના મુખે એ રચાતી કૃતિના ખંડોનું શ્રવણ કરી તેના પર વારી ગયો.

રૅલેએ પણ પોતાની કૃતિ સ્પેન્સરને સંભળાવી. બંને આ નિમિત્તે તેઓ ગાઢ મિત્રો બની ગયા. સ્પેન્સરે રૅલેના આગ્રહથી જ 'ફેઈરી ક્વીન'ની અપૂર્ણ કૃતિ પ્રકાશિત કરી; અને તેના દબાણથી જ તે રાણી એલિઝાબેથની મુલાકાતે ઇંગ્લૅન્ડમાં આવ્યો. (તેણે 'ફેઈરી ક્વીન'નો પ્રસિદ્ધ ભાગ રાણીને અર્પણ કર્યો હતો.) રાણીએ તેનો સારો આદરસત્કાર કર્યો, અને વર્ષે પચાસ પૌંડનું વર્ષાસન બાંધી આપ્યું. બર્ગલે નામના ઉમરાવને કવિઓ રાજ્યમાં ઊંચી પદવી પામે તે પસંદ ન હતું. તેણે વચમાં અવરોધ ના નાખ્યો હોત તો સ્પેન્સર કંઈક વધુ પામ્યો હોત. ગમે તેમ પણ વર્ષાસનની રકમથી સ્પેન્સરનું દળદર ફીટે તેમ ન હતું. તે લંડનનો વિયોગ અનુભવતો પાછો પોતાના જૂના સ્થાને આયર્લૅન્ડ ગયો. અને 'ફેઈરી ક્વીન'ની રચનામાં પરોવાઈ ગયો.

ફેઈરી ક્વીન

ચોવીસ ભાગમાં રચના ધારેલી મહાકાવ્યરૂપ કૃતિના માત્ર છ ખંડ સ્પેન્સર રચી શક્યો. તેમાંના પહેલા ત્રણ ૧૫૯૦માં અને છેલ્લા ત્રણ ૧૫૯૬માં પ્રસિદ્ધ થયા. આ કૃતિ માટેનો નમૂનો તેને એરીઓસ્ટો (Ariosto) કૃત ઑર્લૅન્ડો ફ્યુરીઓસો (Orlando Furiuso)માં મળેલો. તેની પાછળ તેનાં વીસ વર્ષનો શ્રમ હતો. મહાકાવ્ય થવા માટે રચાએલી આ કૃતિ અપૂર્ણ રહેવાથી સ્પેન્સરની કવિપ્રતિભાનો પૂર્ણ ખયાલ મેળવવો મુશ્કેલ બને, કૃતિ સમજવામાં પણ તકલીફ પડે એ સ્વાભાવિક છે. તેમ છતાં જે કંઈ ખંડ પ્રાપ્ત છે તે પણ સ્પેન્સરને તત્કાલીન કવિઓમાં સર્વોચ્ચ સ્થાને સ્થાપી આપે છે. એમાં તેણે પ્રાચીન શિષ્ટ કૃતિઓથી માંડીને છેક તેના યુગમાં વિકસિત સમગ્ર યુરોપીઅન સંસ્કૃતિના પ્રવાહની અસરો પ્રગટ કરી છે; એમાં પ્લેટોની કાવ્યભાવના છે, ઍરિસ્ટોટલનું નીતિશાસ્ત્ર છે, મધ્યકાલીન રોમાન્સ–રૂપક છે, ફ્રેંચ અને ઇટાલીના સાહિત્યની સમૃદ્ધિ છે અને માનવતાવાદ પણ છે; અને એલિઝાબેથ યુગમાં ઉદ્ભવેલી–વિકસેલી દેશભક્તિના સૂર અને તત્કાલીન રાજકીય-સામાજિક પરિસ્થિતિનાં વિવેચન પણ છે. આ સર્વ સમૃદ્ધિનું અધૂરી રહેલી કૃતિમાં અંશતઃ નિરૂપણ પણ સ્પેન્સરની મહાકવિ તરીકેની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

'ફેઈરી ક્વીન' પાછળનું કવિનું પ્રયોજન મનુષ્યના ઉત્તમ ગુણો ખીલવવાનું છે. એના જ શબ્દોમાં : 'to fashion a gentleman or noble person in virtuous and gentle discipline.' પણ

૨ 'કાવ્યપ્રકાશ'માં મમ્મટના વિચારો સાથે સરખાવો.

શ્રવણ

વાતનો પ્રારંભ પૂર્વ બંગાળના એક નાનકડા ગામની ગલીના નાકા પરથી થયો. રસ્તો ઓળંગતાં ઓળંગતાં એક વયોવૃદ્ધ માણસ બેભાન થઈ ગયો અને એક ઍમ્બ્યુલન્સમાં એને ઑસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં એની સ્થિતિ ગંભીર હતી. અમુક ક્ષણો ભાનમાં આવી થોડોક લવારો કરી ફરી પાછો તે બેભાન બની જતો. જ્યારે ભાનમાં આવતો ત્યારે તે તેના દીકરાનું નામ રટતો હતો.

ખૂબ જ વંચાએલી અને ચોળાએલી ચબરખી પરથી ત્યાંની નર્સે એટલું શોધી કાઢયું કે તેનો દીકરો સૈયદ મુસ્તફા ઢાકાના નૌકાદળમાં ઑફિસર હતો. બીજાં કોઈ સગાંસંબંધી હોય એવું લાગતું નહોતું.

ઑસ્પિટલમાંથી કોઈએ ઢાકાની રેડ ક્રૉસ સોસાઅટીને ટેલિફોન કર્યો અને ગમે તેમ કરી આ વૃદ્ધના દીકરાને ઢાકામાં સંદેશો પહોંચાડવામાં આવ્યો. વૃદ્ધ જીવન-મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતો હતો, એથી બને એટલી ત્વરાથી રેડક્રૉસનો એક ઑફિસર આ દીકરાની શોધ માટે જાતે ગયો. અનેક પ્રયત્નો પછી આ સૈયદ મુસ્તફાને નજીકના એરપોર્ટ પર પહોંચાડવામાં આવ્યો, જેથી તે વેળાસર તેના પિતા પાસે પહોંચી શકે.

લગભગ સાંજે સૈયદ મુસ્તફા તેના પિતા પાસે ઑસ્પિટલે પહોંચ્યો. એક નર્સ આ થાકયાપાકયા યુવાનને વૃદ્ધના બિછાના પાસે લઈ ગઈ.

'આ તમારો દીકરો આવી ગયો.' નર્સે અનેક વાર આ શબ્દો બોલી ત્યારે માંડ દર્દી એની આંખો જરાક ખોલી શક્યો. આંખો પર મૃત્યુની ઝાંખપ પથરાઈ ગઈ હતી. નૌકાદળના ગણવેશમાં પાસે ઊભેલા યુવાનનો હાથ તેણે પોતાના હાથમાં લીધો. ખૂબ પ્રેમપૂર્વક દીકરાને મળવાની આખરી ઇચ્છા પૂરી થયાનો આનંદ તે માણી રહ્યો. યુવાનના હાથ પણ વાચાળ બન્યા. દીકરાના હાથોની ઉષ્માથી વૃદ્ધનું મુખારવિંદ પુલકિત થઈ ગયું. એની આંખોમાં શ્રાવણ-ભાદરવો વહેવા માંડયા. નર્સ એક ખુરસી લઈ આવી અને યુવાને તો જાણે રાત માથે લીધી.

ઑસ્પિટલમાં રાત લાંબી હોય છે. આખી રાત ઝાંખા દીવાના પ્રકાશમાં દર્દીના બિછાના પાસે એ યુવાન બેસી રહ્યો — વૃદ્ધના આખે શરીરે હાથ ફેરવતો ફેરવતો, હેતના શબ્દો વેરતો. વૃદ્ધ એક પણ શબ્દ બોલ્યા વિના દીકરાનો હાથ પકડી પડી રહ્યો. વચ્ચેવચ્ચે નર્સ આવી યુવાનને સૂવાની ભલામણ કરતી, પણ યુવાન તો તેની આજુબાજુની સમગ્ર દુનિયાથી સુપરિચિત હોય તેમ સસ્મિત તેની ભલામણ નકારતો રહ્યો.

સવાર થતાં દર્દીનું પ્રાણપંખેરું ઊડી ગયું. સૈયદ મુસ્તફા વૃદ્ધના હાથને વ્યવસ્થિત બિછાનામાં ગોઠવી નર્સ પાસે ગયો અને નર્સને વૃદ્ધના મૃત્યુની જાણ કરી. નર્સે તેને એક સિગારેટ આપી તે તેણે તરત સળગાવી — ઑસ્પિટલમાં આવ્યા બાદની એ પહેલી સિગારેટ હતી.

થોડા સમય પછી નર્સ તેની પાસે આવી—તેને દિલાસાના બે'ક શબ્દો કહેવા; પણ યુવાને તેને અધવચ્ચે જ અટકાવી: 'કોણ હતા એ વૃદ્ધ?'

'કેમ? એ તમારા પિતા નહોતા?'

'ના. એ મારા પિતા નહોતા. મેં તો એમને પહેલી જ વાર જોયા.'

'પણ, તો હું તમને એની પાસે પહેલી વાર લઈ ગઈ ત્યારે તમે મને કેમ એ વાત ન કરી?'

'મને ખાતરી તો થએલી જ કે કાંઈ આંધળે બહેરું કુટાય છે, પણ મને એ ય ખાતરી હતી કે એને દીકરાની જરૂર હતી, અને એનો દીકરો મળે એમ હતું નહિ. એક જ નામની બે વ્યક્તિને કારણે આવી ભૂલ થઈ જાય, પણ અકસ્માતે થએલી ભૂલને ભૂલ જ કેમ માનવી? મેં તરત જ નક્કી કર્યું કે હું જ એનો દીકરો. એથી આખી રાત હું એની પાસે રહ્યો.'

(રૉય પૉ, પકીની 'નાઈટ વૉચ'ને આધારે) રૂપાંતર: મેઘનાદ હ. ભટ્ટ

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા · ઉમરેઠ) ની સલાહ

૧ ખાધા પછી ઊંઘ કેમ આવે છે? એનાથી કામમાં ખલેલ પણ થાય છે, આનો શો ઉપાય?

ઉ. ખાધા પછી ઊંઘ ચડવાનાં મુખ્ય કારણો : (૧) ભૂખની સંવેદનાની તૃપ્તિ, (૨) માંસપેશીઓની અશ્રાંતિ, (૩) બાહ્ય ઉત્તેજનાનો અભાવ, (૪) આસપાસનું વધેલું ઉષ્મામાન અને (૫) ખાધા પછી લોહી અલ્કલી થવાથી તેમાં શર્કરા ઘટતાં ઊંઘનું ધારણ વળે છે. આનો ઉપાય એ જ કે ભારે ખોરાક ઓછો ખાવો અને પેટ થોડું ઊણું રાખવું. જમીને થોડા આમતેમ આંટા મારવાથી પણ ઊંઘ ટાળી શકાય છે. ભૂખને લીધે જાગૃતિ અને કાર્યશીલતા રહે છે એ ભૂખ સંતોષાતાં માંસપેશીઓ અશ્રાંત થઈ ઊંઘ આવે છે. તદ્દન નાનું બાળક ધાવવાના ક્રમ મુજબ ત્રણ ચાર કલાકે જાગે એ સિવાય દિવસનો ૨/૩ ભાગ ઊંઘે જ છે. મોટાં બાળકો ને મોટેરાંઓ શરીરના થાક પ્રમાણે ઊંઘે–જાગે છે. વૃદ્ધાવસ્થામાં નીરસતા અને ઉત્તેજનાના અભાવથી વ્યક્તિ ઊંઘણશી બને છે.

૨ પગમાં ઘણીવાર કળતર ફાટચૂસ થાય છે. આનું કારણ અને ઉપાય?

ઉ. વય અને જાતિ પ્રમાણે પગમાં ફાટચૂસ થવાનાં કારણો છે. મોટી વયે રક્તવાહિનીઓ કઠણ થઈ લોહીનું ભ્રમણ બરાબર ન થવાથી પગ ફાટે એ સામાન્ય છે. યુવાન વયે લાંબો સમય ઊભા રહેવું પડે કે વધારે ચાલવું પડે ત્યારે પગની ફાટચૂસ થાય જ છે. સગર્ભાવસ્થાના છેલ્લા મહિનાઓમાં શિરાઓમાં રક્તાભિસરણ બરાબર ન થવાથી ને હૉર્મોનના ફેરફારોથી સ્ત્રીઓના પગ કળે છે. વળી, કોઈ પણ વયે ઠંડી લાગવાથી, પાચનના બગાડાથી કે ખોરાકની ભૂલોથી પગ કળે છે. દારૂના વ્યસનથી કે આયસોનિયાઝાઈડ ઔષધના સેવનના ઝેરથી જ્ઞાનતંતુમાં સોજો આવીને પણ પગ કળે છે. રાંઝણમાં તો આ પીડા ત્રાસજનક બની રહે છે. ડાયાબીટિસમાં પણ પગે કળતર થવી સામાન્ય છે. એટલે પગની કળતરના ખરા કારણ અનુસાર એની દવા હોઈ શકે. ડાયઝેપામ અને ક્વીનાઈન કે નિબાકવીન તથા વિટામિન બી કૉમ્પ્લેક્સ–ખાસ કરીને રીબોફ્લેવિનની બે ત્રણ ગોળીઓ ફાયદો કરે છે.

૩ ખીલના ડાઘ ને નિશાની દૂર કરવાનો કોઈ ઉપાય ખરો?

ઉ. ખીલ એ કંઈ કાયમની પીડા નથી, પણ એથી ચહેરો બગડવાના ભયે તરુણોને તેના પ્રત્યે ઘૃણા રહે છે, અને ખીલ કાઢવાના પ્રયત્નોમાં ગાલ પર તેના ઊંડા ઘા પાડે છે. ચહેરા પર એના જો કાળા ડાઘ રહ્યા હોય તો ચણાના લોટમાં દહીં, દૂધ ને લીંબુનો રસ મેળવી ધીમા હાથે ઘસવું ને થોડો વખત રહેવા દઈ પછી હૂંફાળા પાણીથી ધોઈ નાખવું. વિટામિન 'એ'ની 'એક્વાસોલ' નામની કૅપ્સ્યુલ એકાદ માસ લેવાથી પણ સારો ફાયદો થાય છે.

ખીલ ચૂંટી ચૂંટીને ચહેરા પર ખાડા પાડી દીધા હોય તો તેના માટે 'ડરમોઍબ્રેઝિયા' નામક પ્લાસ્ટિક શસ્ત્રક્રિયા પણ છે. એમાં ગાલની ચામડીને ઘસીને સુંવાળી બનાવાય છે.

૪ ગુહ્યાંગ પર વારંવાર ખજવાળ આવે છે ને ત્યાં ઝીણીઝીણી ફોલ્લીઓ પણ થાય છે. આનો ઉપાય ખરો?

ઉ. ફૂગના ચેપથી આમ હોઈ શકે. ચામડી અને આંતરત્વચા ઉપર ગરમી, પરસેવો અને ભીનાશને કારણે ઘણા પ્રકારની ફૂગના ચેપ લાગે છે. સામાન્યતઃ ઉનાળામાં તેનો ઉપદ્રવ વધુ હોય છે. મેદવૃદ્ધિ અને ડાયાબીટિસમાં પણ ફૂગનો ચેપ વધારે લાગે છે. બહુ બેસી રહેવું પડે તેવો ધંધો કે પુષ્કળ પરસેવો થતો હોય ત્યારે ફૂગનો ચેપ લાગવા સંભવ છે. શરીર જાડું હોય તો વજન ઉતારવાથી પણ ચેપ સામે રક્ષણ મળે છે. ફૂગના રોગમાં મુખ્યત્વે દાદર છે. કમર ઉપર પણ એ થાય છે. ફૂગનો ચેપ 'ધોબીઝ ઈચ' નામે ઓળખાય છે.

'ફંગેક્સ' ને 'મલ્ટિફંગીન' નામના મલમ આના પર અસરકારક છે. ખૂબ પરસેવો થતો હોય એવા ભાગમાં આ મલમ કે 'માયકોડર્મ' પાવડર લગાડવાથી ફૂગના ચેપથી રક્ષણ મળવા સાથે રોગ પણ મટે છે.

૫ પચ્ચીસ વર્ષની વયે પણ મને દાઢી-મૂછ ઊગ્યાં નથી. આનું કારણ તથા ઉપાય જણાવશો?

ઉ. શુક્રગ્રંથિઓના ટેસ્ટોસ્ટેરોન અને અન્ય હૉર્મોનના સ્રાવની અસરમાં પુરુષની લાક્ષણિકતાઓ વિકાસ પામે છે. બાળપણમાં નિષ્ક્રિય રહેતી શુક્રગ્રંથિઓ જો તારુણ્યમાં ક્રિયાશીલ ન બને તો એ લાક્ષણિકતાઓ અપ્રકટ જ રહે છે. આ માટે દાક્તરી તપાસ વધુ સલાહભરી છે.

૬ મારી વય ૨૦ વર્ષની છે. પણ ઘરમાં ઉઘાડી છાતીએ ફરતાં શરમ આવે એવો મારી છાતીનો વિકાસ થએલો છે. આનો કંઈ ઉપાય ખરો?

ઉ. પ્રથમ તો એ છાતીનો વિકાસ છે કે જાડા શરીરમાં છાતી પર એકઠી થએલી ચરબીનું કારણ છે એ નક્કી થવું જોઈએ. તરુણાવસ્થામાં થોડા પ્રમાણમાં આ સ્થિતિ અસામાન્ય નથી. શુક્રગ્રંથિ ક્રિયાશીલ બનવાના આરંભમાં તરુણની છાતી અંશતઃ વૃદ્ધિ પામે છે. વ્યક્તિગત રીતે તેનું પ્રમાણ ઓછુંવત્તું હોઈ શકે. પુરુષમાં સ્ત્રીદેહ જેવા છાતીના વિકાસની સ્થિતિને 'ગાયનેકોમેસ્ટિયા' કહે છે. શુક્રગ્રંથિઓના ઈસ્ટ્રોજન સ્રાવના વધુકા પ્રમાણથી, વૃષણના પાણી ભરાએલા સોજાથી કે એડ્રીનલ ગ્રંથિની વધુ પડતી કામગીરીથી તથા કોર્ટિકૉસ્ટેરોઈડ્સ કે એવાં અન્ય ઔષધો લેવાથી અથવા ગુહ્યાંગના અપૂર્ણ કે અવ્યવસ્થિત વિકાસથી આમ બની શકે છે. એટલે એનાં કારણની તપાસ કરાવીને ઉપાય કરવાથી વૃદ્ધિ અટકે છે. જો કે પુરુષની છાતીની વૃદ્ધિ એ સ્ત્રીત્વનું કે નામર્દાઈનું લક્ષણ નથી. પણ વધી ચૂકેલી છાતી માટે શસ્ત્રક્રિયા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

એ સાથે ઇંગ્લૅન્ડની અને ત્યાંની રાણી એલિઝાબેથની ગૌરવગાથા ગાવાનું પણ તેને ઈષ્ટ છે. બાહ્ય દૃષ્ટિએ કાવ્ય-પરિસૃષ્ટિમાં સરદારોનાં સાહસ અને સ્નેહની કથામાળા છે. અને એ કથામાળાએ રૂપાળાં રૂપકોનું આવરણ ધર્યું છે. પહેલા જ ભાગથી આ રૂપક શૈલીનો પરિચય થવા માંડે છે. રેડક્રૉસ નામે એક સરદાર, પવિત્રતાનો પ્રતિનિધિ છે, તે યુના (Una)ના સહવાસમાં-યુના સત્યની દેવી છે–અનેકવિધ સાહસોમાં ઝંપલાવે છે. આ રૂપકમાં કવિએ પવિત્રતા સિદ્ધ કરવા માટે ભૂલ, દંભ, ખોટી શ્રદ્ધા ઇત્યાદિનો કેવો પ્રતિકાર કરવો પડે તે દર્શાવવાનું પ્રયોજન તાક્યું છે. જોકે એનાં રૂપકોમાં ક્લિષ્ટતા અથવા સંદિગ્ધતા વાચકને મૂંઝવે ખરાં. સરદાર રેડક્રૉસ પવિત્રતાના પ્રતીકરૂપ હોય તે સાથે દુનિયાનો સંસારીજન (Every man) પણ હોય. એક તરફ એ સદ્‌ગુણનો પ્રતિનિધિ હોય અને પાછો એ સદ્‌ગુણની શોધમાં નીકળતો હોય. રાજા આર્થર ઐતિહાસિક વ્યક્તિ તરીકે ઉપસ્થિત હોય અને મહત્તાના પ્રતીકરૂપે પણ રજૂ થતો હોય. આર્તેગલ ન્યાયના પ્રતિનિધિ તરીકે અને આયર્લૅન્ડના ઉમરાવ તરીકે પણ હોય! આમ સ્પેન્સરનાં પાત્રો એક કરતાં વધુ પ્રયોજન માટે રચાય છે અને વાયવ્ય બની જાય છે. રૂપકકાર પાસે જે કેન્દ્ર વિચાર, આયોજન જોઇએ તેનો સ્પેન્સરમાં અભાવ છે. પરિણામે વાચક રૂપકોની ભુલભુલામણીમાં અટવાયા જ કરે છે એ એના સૌંદર્યથી મુગ્ધ બને છે ખરો, પણ કશું નક્કર પામવાનું મુશ્કેલ હોય છે.

સ્પેન્સરની સાચી સિદ્ધિ ચિત્રાલેખનમાં છે. એમાં શબ્દસંગીત

સાથ આપે છે. વિવેચક લગવીએ કહ્યું છે તેમ 'The Faerie Queene is essentially a picture-gallery.' વ્યક્તિનાં, દૃશ્યોનાં વિગતપૂર્ણ ચિત્રો આલેખવામાં તે અભૂતપૂર્વ છે. એની ચિત્રાત્મકતા ભાવકના ચિત્તની કલ્પનાને પ્રવૃત્ત કરી અનાયાસે એને રૂપસૃષ્ટિમાં ખેંચી જાય છે. એ સૃષ્ટિમાં સદૈવ વિસ્મય જ વસે છે અને વૈચિત્ર્ય રાજ્ય કરે છે. આ કાવ્યને તેણે પહેલાં 'ચિત્રમાળા' (Pageants) એવું શીર્ષક આપવા ધારેલું. કાવ્યની પ્રકૃતિ જોતાં તે સવિશેષ ઉચિત લાગે. કાવ્યના આરંભના અંશમાં રૂપક અને નીતિવિચાર વિષે કવિ જાગ્રત છે, પણ પછીના ખંડોમાં મહદંશે ચિત્રોની સમૃદ્ધિ જ આકર્ષણનું કેન્દ્ર બને છે. તેણે ગંભીર ઉપદેશકનો સ્વાંગ સજવાનો પ્રયત્ન કર્યો પણ અંતે તો ભૂલીને વર્ણસંગીત અને ચિત્રાત્મકતામાં જ સરી ગયો. જાદુગરના મહેલમાં કામદેવ વિષયક રૂપક ભજવાય છે. એનું નિરૂપણ સ્પેન્સરે છટાથી કર્યું છે, પણ તેમાંની વસ્તુની-રૂપકની અસંગતતા તેના ધ્યાનમાં આવતી જ નથી. રૂપકનું પ્રયોજન કામદેવ પોતાના શિકારોને કેવી રીતે પજવે છે તે દર્શાવવાનું છે. પરંતુ એક સુંદર યુવતીનો પ્રેમ પ્રાપ્ત કરવા જાદુગર કામદેવને આદેશપૂર્વક આમંત્રે છે અને કામદેવ તેની સેવામાં ઉપસ્થિત થઈ જાય છે. કવિનો રસ છે ચિત્રના આલેખનમાં. ઔચિત્ય તેની દૃષ્ટિ બહાર રહી જાય છે. તેમ છતાં બ્રીતોમર્ત (Britomart) જેવી નાયિકાના ચિત્રણમાં સ્પેન્સરે પોતાની સમગ્ર કલા ઠાલવી છે. ત્રણ ખંડ સુધી એ સુશીલતાના પ્રતીક રૂપ નારીનાં સાહસો વિસ્તરે છે. એ રણચંડી અજેય છે. એની દૃષ્ટિ માત્રથી શૂરવીર યોદ્ધાઓ પણ ધૂળ ચાટતા થઈ જાય છે...અને છતાં તેનામાં પણ પ્રબળ પ્રેમોર્મિ ઊછળે છે, હૃદયની વાત પ્રગટ ન કરવા ખૂબ મથે છે પણ અંતે આવેગ આગળ ઝૂકે છે. સ્પેન્સરે આ વ્યક્તિચિત્રમાં ત્રીજું પરિમાણ બરાબર ઉપસાવ્યું છે અને એ જ કારણે આ નાયિકા અમૂર્ત પાત્ર મટી સજીવ પાત્ર બની રહે છે. સ્પેન્સરની ચિત્રકલાનો એક બીજો સમર્થ નમૂનો પહેલા ખંડમાં સરદાર નાઈટક્રૉસ રાક્ષસનો ઘાત કરે છે તેના નિરૂપણમાં છે. રાક્ષસ પડચો. એનો બોજો ઊચકવા માટે અસમર્થ ધરતી પણ અમળાઈ ઊઠી. સમુદ્રના તરંગોએ જેના પાયા ખોદી નાખ્યા છે તેવી ભેખડની જેમ તે ધરતી પર તૂટી પડચો :

So down he fell, that th'earth him underneath
Did groan, as feeble so great load to lift;
So down he fell, as an huge rocky clift,
Whose false foundation waves have washed away.

'ફેઈરી ક્વીન'નાં રૂપકો અને ચિત્રોની વચમાં અવારનવાર સ્પેન્સરે દેશભક્તિનો સૂર પણ છેડચો છે. અંગ્રેજ પ્રજાનો ઇતિહાસ, પ્રદેશોની ભૂગોળ, ગ્રામપ્રદેશોની પૌરાણિક કથાઓ, પ્રજાનાં સાહસો ઇત્યાદિને પણ તેણે ગૂંથી લીધાં છે અને એ સર્વ લક્ષમાં લઇને ડેવિડ ડેચીઝ નોંધે છે : પરી સૃષ્ટિની પશ્ચાદ્ભૂ હોવા છતાં, વર્ણનોનું શ્રૃંખલાપણું છતાં, ફેઈરી ક્વીન એ ખચિત અંગ્રેજી મહાકાવ્ય છે. સ્પેન્સરે આ કૃતિમાં સૌંદર્યની–ઇંદ્રિયગમ્ય સૌંદર્યની અદ્‌ભુત આરાધના કરી છે. કીટ્સ જેવાની કલ્પના પણ આ કૃતિના સૌંદર્યથી પ્રદીપ્ત થઈ ઊઠી...'A thing of beauty is a joy for ever'નો કીટ્સમુખે ઉદ્‌ગાર નીકળે તો શું આશ્ચર્ય ?

લઘુકથા

આંસુ

અરવિન્દ ગજ્જર

ગૌરીના વરે આકાશપાતાળ એક કર્યાં પણ ક્યાં ય નોકરી મળતી ન હતી. 'બેઠાબેઠા રોટલા ખાય છે...ક્યાં ય નોકરીનું કરતો નથી.' જેવા સાસુસસરાના બોલ ખમીખમીને એ હારી ગઈ હતી, અને બત્રીસ વરસે ય પોતે નિઃસંતાન હતી એનો ડંખ એને કોર્યા કરતો. 'બે બાળકો બસ'નું બોર્ડ દેખી એ ભડકે બળતી. કુટુંબનિયોજનવાળાને એ ધિક્કારતી. "કૃષ્ણ એ દેવકીનું આઠમું સંતાન ન'તા? ને આ મૂઆ? 'ઓછાં બાળ જય ગોપાળ! ઓછાં બાળ જય ગોપાળ!' નખ્ખોદિયા!" એનું ચાલે તો એ લોકોનું મૂળ ઉખેડીને ફેંકી દેવાના ઘણા યે મનોરથ એણે કરેલા. એ ખાતાના માણસનો એ છાંયો ય ન લેતી. પણ એ બધું મનમાં. બીજાને એનો અણસારે ય ન આવવા દેતી, પતિને પણ નહિ.

'મીના, તું કૉલેજમાં ભણે છે, તે તને નોકરી મળશે? આ અમારે જોને, કેટલાં વલખાં મારે છે!' ગૌરી સાડી પર થીગડું ગોઠવતાં ગોઠવતાં વાતે ચડી, અને મીનાને બહુ દિવસથી પૂછવાનું પુછાઈ ગયું.

'નસીબ ન હોય તો ન પણ મળે. જયંતીભાઈ જેવું યે થાય.' મીનાના અવાજમાં હતાશા હતી.

'ખરું હોં. આ અમારે નોકરી વગર કંઠે પ્રાણ આવે છે.' ગૌરીને આજે મનની વાત કહેવાઈ જવાનો ભય પેઠો. 'જેવીતેવી બે પૈસાની યે નોકરી હાથ લાગી હોત તો ઠીક થાત'...એની પાંપણ ભીની થવા આવી. સોય પરોવવામાં આંસુ આડાં આવ્યાં. 'ને બે પૈસા આવે તો મારે દવા પણ...' ત્યાં તો ચપચપ કરતું કોઈ દાદર ચઢયું. વાત અટકી પડી.

'ઓહો, આ તો જયંતીભાઈ!'

'હા મીના, આજે ખાઓ પેંડા...જો આ ઑર્ડર'–'ફીલ્ડ વર્કર!' જયંતીભાઈએ મીના સામે કાગળ ધરી દીધો. ગૌરી 'પેંડા' પરથી તરત પામી ગઈ. એનાથી ખુશી જીરવાઈ નહિ, અભાન રીત અર્ધું દેવાએલું થીગડું ઉખેડી નાખ્યું. મીનાએ ગૌરીની આંખોમાંથી બે મિનિટ પહેલાંનાં આંસું ગુમ થએલાં જોયાં. આંખો પટપટતી જોઈ.

'તે હેં, ફીલ્ડવર્કર એટલે શેની નોકરી?' ગૌરીથી પુછાઈ ગયું.

'એટલી ખબર ના પડી?' મીના બોલી પડી : 'આ નથી આવતા પેલા "બે બાળકો બસ"વાળા...?!'

પતિ પાસેથી લઈ લીધેલી થેલી ગૌરીના હાથમાંથી સરી પડી, અને એ ઢગલો થઈ ગઈ. ગૌરીની આંખમાં બે મિનિટ પહેલાંનાં આસું ફરી મીના જોઈ રહી. □

મિલ્ટન અને વર્ડ્ઝવર્થ પણ તેની પ્રતિભાથી મુગ્ધ બની ગએલા. મિલ્ટને તેને પહેલા અંગ્રેજ મહાકવિ–'Sage and serious spenser' તરીકે બિરદાવ્યો અને વર્ડ્ઝવર્થને મન—

Sweet Spenser, moving through his clouded heaven
With the moon's beauty and the moon's soft pace.

અભ્રાચ્છાદિત સ્વર્ગમાંથી ચંદ્રની જેમ લલિત મંદ પગલે ગતિ કરતો મધુર સ્પેન્સર! (ચાલુ)

અડાસનો ઐતિહાસિક ગોળીબાર (એક ઐતિહાસિક સંશોધન)

'અડાસના ગોળીબાર' અંગે જે કાંઈ સાહિત્ય, માહિતી, ફોટાઓ, નોંધ કે ડાયરી કે અન્ય વિગતો જે કોઈની પાસે ઉપલબ્ધ હોય તેમણે 'યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, પો. બો. નં. ૫૧, મિલ રોડ, નડિયાદ'નો સત્વરે સંપર્ક સાધવો યા પત્રવ્યવહાર કરવો.

ચિત્રકાર જયંતીલાલ ઠાકર

અર્ધી સદી પહેલાં જ્યારે ગુજરાતની કલા-પ્રવૃત્તિ નહિવત્ હતી ત્યારે મુંબાઈમાં સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં અને કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં કેટલાક આદર્શવાદી વિદ્યાર્થીઓ કલાની સાધનાકરતા હતા. 'વીસમી સદી' દ્વારા સ્વ. હાજીમહમદે અને એમના અવસાન બાદ તેમાંથી પ્રેરણા ઝીલી ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળે 'કુમાર' દ્વારા ગુજરાતને કલાનું રસપાન કરાંવ્યું ત્યારથી ગુજરાતમાં કલાકારોનો સારો એવો પરિપાક ફાલ્યો અને અનેક કલાકારોએ પોતાની પ્રતિભા વડે કલાક્ષેત્રે ગુજરાતનું નામ ઉજ્જવળ કર્યું.



આ દરમિયાન આપણા દેશમાં કલાનો બે માર્ગે વિકાસ થયો. એક કલ્પનાદર્શી, જે રીતે શાંતિનિકેતનમાં થયું ને દેશભરમાં તેનો પ્રભાવ પણ પ્રસર્યો. બીજો માર્ગ પશ્ચિમી અભિગમનો.જેમાં યુરોપી કલાશિક્ષણને અનુસરીને જેમાં મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટનો ફાળો મોટો હતો. આજના ઘણા નામી ગુજરાતી કલાકારોએ ત્યાં તાલીમ લીધેલી. એમાંના એક જયંતીલાલ કાશીરામ ઠાકર.

ડુંગરાઉ વનરાજિથી સભર પ્રકૃતિ સૌન્દર્યવાળા ઈડર રાજ્યના એક નાનકડા ગામ બ્રહ્મપુરીમાં એમનો જન્મ. બચપણ પણ ત્યાં જ વીત્યું.ઔદીચ્યબ્રાહ્મણહોઈ સ્વાભાવિકરીતે જ વિદ્યાવ્યાસંગી પિતા મુંબાઈમાં મસ્જિદબંદર વિસ્તારમાંએક શિક્ષણ-સંસ્થા ચલાવતા એટલે વતનમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી જયંતીલાલ પણ મુંબાઈ જઈ ત્યાંના કોટ વિસ્તારની ભાટિયા હાઈસ્કૂલમાં દાખલ થયા. પણ ચિત્ર સિવાય અન્ય કોઈ વિષયમાં જીવ ચોંટતો નહિ. એમાં વળી એમના ચિત્રશિક્ષક શ્રી કે. જી. ચવાણ દૃશ્યચિત્રાલેખનના સિદ્ધહસ્ત ચિત્રકાર. એમણે જયંતીલાલની શક્તિ પારખી. પોતે જ્યાં જ્યાં દૃશ્યચિત્રો દોરવા જાય ત્યાં એમને પણ સાથે રાખે. સ્વાભાવિક રીતે જે એમની પ્રીતિ પણ દૃશ્યાલેખનો પ્રતિ ઢળી અને મૅટ્રિકમાં પહોંચતાં સુધીમાં તો સરલ દૃશ્યચિત્રો કરતા થઈ ગયા. ચિત્રકળાના નાદે મૅટ્રિકમાં એમની ગાડી ખટકી. પિતા તો આ નાદ છોડાવી એમને કૉલેજનો અભ્યાસ કરાવી કોઈ સારા ધંધામાં રોકવા ઇચ્છતા હતા, પણ જયંતીલાલે તો સ્કૂલ ઑાવ આર્ટમાં જ જવા હઠ લીધી ને છેવટ એમના મોટા ભાઈના તથા શ્રી ચવાણના આગ્રહથી પિતાએ પોતાનો આગ્રહ છોડયો.

કલાશાળામાં એમની શક્તિ ખીલી ઊઠી. વાસ્તવદર્શી ચિત્રાલેખનમાં ને પોર્ટ્રેટ પેઇન્ટિંગમાં એમણે નિપુણતા દાખવી અને ૧૯૩૫માં ઉચ્ચકક્ષામાં રહી ડિપ્લોમા મેળવ્યો. દરમિયાન મુંબાઈ ઉપરાંત દિલ્હી, આગ્રા, ફત્તેહપુર સિક્રી, મથુરા, બનારસ, ઉદેપુર, અજંતા-ઇલોરા, કાલા, ભાજા એમ અનેક સ્થળે ફરી સંખ્યાબંધ ચિત્રો કર્યાં ને મુંબાઈ તેમજ સિમલાનાં પ્રદર્શનોમાંથી પારિતોષિકો પણ મેળવ્યાં.

ડિપ્લોમા મેળવ્યા પછી વ્યાવસાયિક રીતે ચિત્રકળામાં પડવું એ તે કાળમાં આવકની દૃષ્ટિએ તો આંધળું સાહસ કરવા બરાબર જ હતું, એટલે ડી. ટી. સી.ની પરીક્ષા આપીને ચિત્રશિક્ષક બન્યા. અને બજારગેઈટ હાઈસ્કૂલ, એસ્પ્લેનેડ, અને છેવટ શેઠ ગોકુલદાસ તેજપાલ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક બન્યા, જ્યાં આજે પણ તેઓ ચાલુ છે.

દેશના સ્વાતંત્ર્ય પછી ગુજરાતના વિખ્યાત શિલ્પી શ્રી કાન્તિલાલ કાપડિયાના સહકારથી એમણે 'સ્ટૂડિયો શિલ્પ-ભારતી'ની સ્થાપના કરી ચિત્રકામ સાથે શિલ્પમાં પણ હાથ કેળવ્યો. અને અનેક વ્યક્તિઓની આરસની તેમજ કાંસાની પ્રતિમાઓ બનાવી. મુંબાઈ મ્યુનિ. કૉર્પોરેશનના સભાગૃહમાં મુકાએલી, અમરેલી, સિદ્ધપુર, કપડવણજ, લીલાપુર વગેરે સ્થળોની ગાંધીજીની પ્રતિમાઓ એમના આ સ્ટૂડિયોનું સર્જન છે. આ ઉપરાંત, પ્રાચીન ભારતની અનેક વિખ્યાત શિલ્પકૃતિઓની નાની પ્રતિકૃતિઓ કરીને આમ જનતા માટે લભ્ય બનાવીને એ કલાનો આસ્વાદ પણ પ્રસર્યો. આ ઉપરાંત, કેટલાક મ્યુરલ પણ એમણે ચીતર્યાં.



વડોદરાંના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના મુખ્ય કાર્યાલયના પ્રાંગણમાં મુકાએલું આ શિલ્પ ત્યાંના લલિતકલા સંકાયના શિલ્પકલા વિભાગના નિવૃત્ત અધ્યક્ષ અને ગુજરાતના ખ્યાતનામ શિલ્પી શ્રી કાંતિલાલ કાપડિયાનું સર્જન છે. આ વિશ્વવિદ્યાલય સાથેના પોતાના સંબંધની એક યાદ રૂપે કરેલા આ શિલ્પમાં એમણે જ્ઞાનવિજ્ઞાનની વિવિધ શાખાના પ્રતીક રૂપે મૂકેલા ચોરસ અંડાકારોને ઊર્ધ્વગામી સર્પિલ વળાંક આપીને જ્ઞાનની નિરંતર વૃદ્ધિ સૂચવવા સાથે તેની ટોચે શાંતિદૂત પારાવાતને મૂકીને જ્ઞાનવિજ્ઞાનના મંગલ પ્રયોજનની અને વેરેઝાના શ્વેત શુભ્ર રંગ વડે શિક્ષણ અને જ્ઞાનની નિર્મળતાની ભાવના વ્યક્ત કરી છે. □

આજે તો તેઓ સાઠી વટાવી ગયા છે, પણ હજી યે એમનું કાર્ય ચાલુ જ છે. જ્ઞાતિ અને સમાજનાં કાર્યોમાં પણ તેઓ એટલા જ ઉત્સાહથી ભાગ લે છે. —કાંતિલાલ કાપડિયા

'પરણ્યાં એટલે
પ્યારાં લાડી,
ચાલો આપણે
ઘેર રે.'

ચિત્રકાર
જયંતીલાલ ઠાકર



મેથી

છાલો-પાલો-મરી-મસાલો (૧૫) લેખક · માધવ મો. ચૌધરી

મેથીપાક, શિયાળામાં ખાધેલો કે શાળામાં ખાધેલો, જલ્દી ભુલાતો નથી. કેમ કે બંને કડવા લાગે છે. આપણે તો અહીં દાળશાકના વઘારથી માંડી વાતનાશક મેથીપાક સુધીમાં અનેક ઉપયોગમાં આવતી ઘરઘરની જાણીતી મેથીના જ ગુણ જોઈએ.

મેથીના છોડ-મેથીની ભાજી રૂપે વેચાતા સૌએ જોયા છે. એની એક રાતી મેથી નામની વગડાઉ જાત પણ થાય છે, પણ એ ઓછી ગુણકારી છે. ઘોડાના ચારા માટે એ સારી છે. મેથીનો છોડ પાકટ થતાં શીંગો આવે છે ને તેમાંના દાણા એ મેથી.

મેથીનાં પાન-ભાજી રુચિકર ને પથ્ય છે. અન્ય શાકમાં ભેળા તરીકે પણ એની ભાજી વપરાય છે. મૂઠિયાં ગોટા વગેરેમાંનો તેનો વપરાશ પણ જાણીતો છે. મેથીનાં પાનમાં લોહી સુધારવાનો ગુણ છે. એનો કડવો સ્વાદ કેટલાકને નથી ગમતો, પણ એની રુચિ કેળવવા જેવી છે. એકલા મેથીદાણાનું કે મગ સાથે ભેળવીને પણ તેનું શાક બનાવાય છે.

મેથી વા પર શ્રેષ્ઠ ગણાય છે. એમાં એક પ્રકારનું તેલ અને ફૉસ્ફરિક ઍસિડ હોવાથી વાતનાડીઓ પર તેનો પ્રભાવ રહે છે. વળી, મેથીમાં આફરો ને ઉદરશૂળ દૂર કરવાનો ગુણ છે. એ વાજીકર પણ ગણાય છે. પ્રસૂતિ પછી સ્ત્રીઓની નબળાઈ, બદહજમી, અજીર્ણ અને ગર્ભાશયના સંકોચન માટે એ વાપરવા યોગ્ય છે.

સુશ્રુત મેથીને પિત્ત ઘટાડી લોહી સુધારનાર, વાતનાશક, પૌષ્ટિક, સ્તન્ય એટલે કે ધાવણ વધારનાર ગણે છે. મેથી ઉષ્ણ, કડવી, દીપક અને વાતકર છે. એની ભાજી પિત્તવર્ધક, દીપક, લઘુ, રસકાળે કડવી, રુક્ષ, મલાવષ્ટંભક, હૃદ્ય અને બલ્યકર છે. મોટાં પાનવાળી મેથીની ભાજીને રુક્ષ મલ-મૂત્ર અવરોધક છે. સૂતિકારોગી સ્ત્રીઓ, વાતરોગીઓ અને કફરોગીઓને એ પથ્યરૂપે અપાય છે.

મેથી ખાવા માટે શિયાળો વધુ અનુકૂળ છે. વાતવ્યાધિ પણ આ ઋતુમાં વધુ ઉગ્ર બને છે. ત્યારે મેથીપાક કે મેથીના લાડુ હિતકર છે. પણ એક વાર ચાલુ કર્યા પછી દર શિયાળે વાતરોગીઓને એ ખાધા પછી જ આરામ રહે છે.

એક શેર મેથી ઝીણી દળી, તેનાથી બમણું ઘી અને બાર ગણું દૂધ મેળવી ધીમા તાપે એને ઉકાળીને મધ જેવું ઘટ્ટ કરીને તેમાં ત્રણ ગણી સાકર નાખીને બનાવેલો મેથીપાક સવારે અઢીથી ચાર તોલા જેટલો ખાવાથી સર્વ પ્રકારના વાતરોગો મટીને શરીર પુષ્ટ થઈ વીર્યવૃદ્ધિ થાય છે.

ગોળ-ઘીના પાયામાં, ઘીમાં શેકેલી મેથીનો લોટ નાખીને સુખડી જેવું બનાવી તેના લાડુ વાળીને રોજ સવારે એકએક ખાવાથી એકાદ અઠવાડિયામાં વાથી જકડાઈ ગએલાં અંગ છૂટાં પડી કળતર મટે છે.

વીસ તોલા દૂધમાં ત્રણ તોલા મેથીનો લોટ રાતભર પલાળી રાખી સવારે ગરમ કરેલા ઘીમાં નાખી, હલાવીને એકરસ કરી તેમાં રાતી શેરડીનો બે તોલા ગોળ ભેળવીને પ્રસૂતા સ્ત્રી એકવીસ દિવસ સુધી ખાય તો એથી છૂટથી ધાવણ આવે છે.

રોજ સવારે દોઢ-બે તોલા મેથી ફાકી જવાથી વાતવ્યાધિ દૂર થાય છે. મેથી અને સૂંઠનું ચૂર્ણ ચારચાર માસા સવાર-સાંજ ગોળમાં મેળવીને ખાવાથી જીર્ણ આમવાત મટે છે. ગોળ સાથે કે પાણીમાં સવાર-સાંજ મેથીનું ચૂર્ણ લેવાથી મલાવરોધ દૂર થવા સાથે યકૃત બળવાન બને છે. પિત્ત પ્રકૃતિવાળાને પણ કબજિયાતમાં મેથીનું શાક લાભ કરે છે. મેથીનું ચૂર્ણ ચારચાર તોલા સવારસાંજ મઠામાં મેળવીને લેવાથી જીર્ણ આમાતિસાર મટે છે. મેથીનો લોટ દહીંમાં કાલવીને ખાવાથી મરડો મટે છે.

મેથીનું ચૂર્ણ પાવલી ભાર થોડા ઘી-ગોળ સાથે મેળવી સવારસાંજ ખાવા સાથે મેથીના લોટની પોટલી બનાવી યોનિમાં ધારણ કરવાથી પ્રદર રોગમાં ફાયદો થાય છે.

મેથી અને સવાને સરખે ભાગે લઈ, તાવડી પર શેકી, અધકચરાં ખાંડીને રોજ અર્ધોઅર્ધો તોલો લેવાથી વાયુ, મોળ, આફરો, ઉબકા, ખાટા ગચરકા, ને વધુ પડતા ઓડકાર મટે છે.

મેથીની ભાજીના રસમાં કાળીદ્રાક્ષ ચોળીને પીવાથી મરડો મટે છે. મેથીની ભાજી અર્શરોગમાં પણ ગુણકારી છે.

બહુમૂત્રતામાં મેથીની ભાજીનો દસ તોલા રસ કાઢી તેમાં દોઢ માસો કાથો અને ત્રણ માસા સાકર મેળવીને પીવાથી ફાયદો થાય છે.

એકાદ માસ સુધી દોઢથી બે તોલા મેથીને રાતભર પાણીમાં પલાળી રાખી, સવારે તેને ખૂબ મસળી એ પાણી ગાળીને પીતા રહેવાથી પેશાબમાં જતી સાકર ઘટી જાય છે. મધુમેહ–ડાયાબીટિસના રોગીઓ માટે આ પ્રયોગ ઘણો સસ્તો, સાદો અને અસરકારક જણાયો છે.

મેથીની સૂકી ભાજી ઠંડા પાણીમાં પલાળી રાખી, સારી પેઠે પલળ્યા પછી ખૂબ મસળીને એ પાણી ગાળી લઈ તેમાં થોડું મધ મેળવીને પીવાથી તડકાથી લાગેલી લૂમાં શાંતિ મળે છે. મેથીના દાણા કે તેનાં પાનને બારીક વાટીને કરેલા લેપથી વ્રણનો દાહ અને સોજો મટે છે. □

શતરંજના વિશ્વવિજેતાઓ : સ્માય્સ્લૉવ

ડૉ. મિખાઈલ બૉટવીનિકને ૧૯૫૭માં હરાવીને ફક્ત એક વર્ષ માટે વિશ્વવિજેતા રહેનાર વાસિલી સ્માય્સ્લૉવ ઈ. ૧૯૪૮માં વિશ્વના એક સૌથી સારા ખેલાડી ગણાતા. એ વર્ષે વિશ્વવિજેતા પદ માટે રમાએલ ટુર્નામેન્ટમાં બૉટવીનિક પછી બીજો નંબર તેમણે મેળવ્યો હતો.

તેઓને ૧૯૫૪માં વિશ્વવિજેતા પદ માટે આહ્વાન મૅચ રમવા મળી. આપણે અગાઉ જોયું છે તેમ એ રમતમાં બન્નેનાં ૧૨–૧૨ પોઈન્ટ થતાં બૉટવીનિક Status Quo નિયમ પ્રમાણે વિશ્વવિજેતા રહ્યા. ૧૯૫૭માં ફરી તેમણે તે તક મેળવી અને ૧૨½–૯½ થી મૅચ જીતી વિશ્વવિજેતાપદ મેળવ્યું. બીજે જ વર્ષે વળતી મેચમાં ૧૦½–૧૨½ થી તેઓ એ પદ હાર્યા.

આપણે એમની ૧૯૫૪ની મૅચની ૧૪મી રમત જોઇએ. આ નોંધ બૉટવીનિકની પોતાની નોંધના આધારે તૈયાર કરી છે.

સફેદ મહોરાં બૉટવીનિકનાં અને કાળાં સ્માય્સ્લૉવનાં છે.

1 P–Q4, N–KB3; 2 P–QB4, P–KN3; 3 P–KN3, B–N2; 4 B–N2, 0–0; 5 N–QB3, P–Q3; 6 N–B3, QN–Q2; 7 0–0, P–K4, 8 P–K4, P–B3; 9 B–K3.

અહીં સાધારણ રીતે બૉટવીનિક 9 P–Q5 રમતા. છતાં આ ચાલથી સ્માય્સ્લૉવને જરાયે આશ્ચર્ય ન થયું. એ પૂરા તૈયાર હતા એ એમના ઊંડા અભ્યાસની સાબિતી રૂપ છે. 9..., N–N5; 10 B–N5, Q–N3; 11 P–KR3, P×P! ઘોડાની પીછેહઠ કરવા કરતાં સારી ચાલ છે.

12 N-QR4, Q–R3; 13 P×N, P–N4. ઘોડાનો ભોગ આપ્યો હતો તે પાછો મળે છે એટલું જ નહિ, પણ કાળાની સ્થિતિ સુધરે છે. 14 N×QP, P×N; 15 N×P, Q×N; 16 P×K5 Q×P; 17 B×R, N×P.

સફેદને ફક્ત ઘોડા અને પ્યાદાના બદલામાં હાથી મળ્યો છે, પણ તેની સ્થિતિ નબળી છે.

18 R–B1, Q–N5; 19 P–R3, Q×

ભગવાન પરશુરામ

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ ૧૩

લેખક અને ફોટોગ્રાફર
નરોત્તમ પલાણ



જમદગ્નિ અને રેણુકાના પુત્ર, ભારતવર્ષમાં એકવીસવાર ક્ષત્રિઓનો સંહાર કરનાર, બ્રહ્મતેજની જ્વલંત મૂર્તિ ભગવાન પરશુરામ સૌને પરિચિત છે. ઋગ્વેદમાં આવતો 'રામ ભાર્ગવ'નો ઉલ્લેખ ઘણા વિદ્વાનો પરશુરામનો હોવાનું માને છે. કાત્યાયન પોતાની 'સર્વાનુક્રમણી'માં એને વૈદિક મંત્રોના દ્રષ્ટા તરીકે ઓળખાવે છે. પરશુરામ અને કાર્તવીર્યનું યુદ્ધ અથર્વવેદ તેમજ મહાભારત શાંતિપર્વમાં વર્ણવાયું છે. ઈ. સ.ની આજુબાજુથી એટલે કે પુરાણોના સર્જનકાળથી પરશુરામ વિષ્ણુના અવતાર તરીકે નિરૂપણ પામે છે. માનવતાના વિકાસસિદ્ધાંત મુજબ નૃસિંહાવતારની અર્ધ પશુતા અને અર્ધ માનવતા વિકસિત થઈને પરશુરામમાં 'પૂર્ણ માનવ' સુધી પહોંચે છે, પણ તેના વ્યવહારમાં અને પ્રકૃતિમાં સંહારવૃત્તિ તથા ઉગ્રતા રહેલાં હોઈ 'રામ' એવા વધારે વિકસિત સ્વરૂપથી તે પરાજિત થાય છે.

જમદગ્નિ અને પરશુરામના આશ્રમો નર્મદાતટે હોવાનું બ્રહ્માંડ પુરાણ (૨-૨૩-૨૯) નોંધે છે. સૌરાષ્ટ્રમાં પ્રચલિત દંતકથા મુજબ જામનગર જિલ્લાના રાણ ગામે જમદગ્નિનો આશ્રમ મનાય છે. ભારતના પશ્ચિમ કિનારા સાથે—ખાસ કરીને ગુજરાત સાથે પરશુરામને વિશેષ સંબંધ હતો. એક વખત આખા પશ્ચિમ કિનારે ચાલતો 'પરશુરામ શક' આજે માત્ર કેરળમાં જ ચાલુ છે. અમુક વિદ્વાનો પરશુરામને ઐતિહાસિક વ્યક્તિ સિદ્ધ કરે છે. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ વિદ્વાન શ્રી ત્ર્યંબક કાળે પોતાના 'પુરાણ નિરીક્ષણ' ગ્રંથમાં ઈ. સ. પૂર્વે ૧૫૯૮માં પરશુરામનો જન્મ ગણાવે છે. વેદ, રામાયણ, મહાભારત અને છેક પુરાણ સુધીના લાંબા કાળમાં પરશુરામની હયાતીનું ઔચિત્ય સાચવવા 'સપ્ત ચિરંજીવી'ઓમાં તેમની ગણના થએલી છે.

અવતાર તરીકે પરશુરામનો આછોપાતળો પૂજાવિધિ ચાલ્યો હોય તેનાં ઇંગિતો મહારાષ્ટ્રમાં આવેલા માહૂર ગામના માતૃતીર્થમાં, ઉત્તર પ્રદેશમાં મેરઠ પાસે હિંડણ નદીને કાંઠે, મુંબાઈ પાસે સોપારા ગામમાં, પૂર્વઘાટના મહેન્દ્ર નામક શિખર ઉપર, રાજસ્થાનમાં કોટા પાસે ચર્મવતીને કિનારે, અને નર્મદાતીરે 'પરશુરામ તીર્થ'માં પ્રાપ્ત થાય છે. આવાં સ્થળોમાં ક્યાંક મૂર્તિનું તો ક્યાંક પાદુકાનું પૂજાઅર્ચન કરવામાં આવે છે. 'પરશુરામ કલ્પસૂત્ર' અને 'પરશુરામ-પ્રતાપ' જેવા ગ્રંથો પરશુરામનો સ્વતંત્ર સંપ્રદાય હોવાની વાત પણ કરી જાય છે.

પરશુરામનું મૂર્તિવિધાન અનેક ગ્રંથોમાં મળે છે. સામાન્યતઃ જટામંડળવાળા, પરશુધારી, સમભંગ ઊભી મૂર્તિમાં પરશુરામ સર્જાયા હોય છે. અગ્નિપુરાણ (૪૯-૫૦) ધનુષ, બાણ, પરશું, ખડ્ગધારી પરશુરામનું મૂર્તિવિધાન આપે છે.'સમરાંગણસૂત્ર'માં ચાર અથવા આઠ હાથ બતાવવાનો નિર્દેશ પણ છે. વૈષ્ણવ પુરાણોને આધારે લખાએલા 'પ્રતિમા-વિજ્ઞાન'માં ડૉ.ઈન્દુમતી મિશ્ર'શિલ્પકલાની પરંપરામાં બે હાથવાળા તથા ચાર હાથવાળા પરશુરામ' શિલ્પિત થતા હોવાનું નોંધે છે. (પૃ. ૨૧૨)

ગુજરાતમાંથી પ્રાપ્ત પરશુરામમૂર્તિઓની નોંધ લેતાં સ્વ.કનૈયાલાલ દવે નોંધે છે કે 'પરશુરામની એક પ્રાચીન પ્રતિમા અમરેલી નજીક ગોહિલવાડ ટીંબાના ખોદકામમાંથી મળી આવી છે.' આ પ્રતિમા ત્રીજા-ચોથા સૈકાની હોવાનું સૂચન પણ તેઓ કરે છે. આ ઉપરાંત અમદાવાદ નજીક આશા ભીલના ટીંબા ઉપરથી અને અનેક સ્થળોએ દશાવતારના પટ્ટાઓમાં પરશુરામમૂર્તિ પ્રાપ્ત થાય છે.

ભાવનગર જિલ્લાના શિહોર ગામના બ્રહ્મકુંડમાં આવેલી પરશુરામની એક વિશિષ્ટ મૂર્તિ આ સાથે આપી છે. સામાન્યરીતે સ્થિત જોવા મળતી મૂર્તિઓને બદલે અહીં 'ગતિ' દર્શાવાએલી છે. મસ્તક ઉપર જટામંડલ, એક હાથમાં પરશુ અને બીજા હાથમાં ધનુષ તથા પીઠ ઉપર બાણ સહિતનું ભાથું જોવા મળે છે. એક હાથ અને પરશુ સ્પષ્ટ છે જ્યારે બીજો હાથ અને ધનુષ ખંડિત થએલાં જોઈ શકાય છે. દાઢી સહિતનું મુખારવિંદ, કચ્છ અને ગળામાં માળા (રુદ્રાક્ષ?) તથા મૂર્તિની સમગ્ર રેખાઓ આ મૂર્તિને બારમી સદીની ઠરાવી આપે છે.


સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી પ્રાપ્ત આ પ્રકારની આ વિરલ મૂર્તિ મૂર્તિકલા પરત્વે તેમજ ધર્મસંપ્રદાયોના ઇતિહાસની દૃષ્ટિએ વિશિષ્ટ લાગે છે. આવી પરશુરામની સ્વતંત્ર મૂર્તિઓ ગુજરાતમાં જોવા મળતી નથી. □

PN; 20 Q×RP, B–N2! અહીં 20..., B×P; 21 Q×Pથી સફેદને કંઈક રાહત રહેત. રમાએલ ચાલ પછી (જુઓ આકૃતિ) સફેદ 21 R–N1, N–B6ch; 22 K–R1, Q×R; 23 R×Q, B×B; 24 B–K7 ની ગણતરી કરી હતી, પણ કાળો 22 ..., B×B રમી શકે છે તે તેમના ખયાલ બહાર ગયું હતું. તેથી આ ચાલ તેમને આશ્ચર્યમય લાગી અને તે માટે એ તૈયાર ન હતા.

21 B×B, Q×B; 22 R–B3થી તેમને તેના KB3 પર કાબૂ મળત અને N–B6ch થી બચી શકત, પણ તે ચાલ ત્યારે ન સૂઝતાં ડૉ. બોટવીનિક એની ભૂલ ભરેલી ચાલ રમ્યા જેનો સ્માય્સ્લૉવે તુરત લાભ લીધો.

21 R–N1 ?, N–B6ch; 22 K–R1

સ્માય્સ્લૉવ



બોટવીનિક (20...,'B–N2! પછીની સ્થિતિ)

B×B!; 23 R×Q, N×Bdis.ch; 24 K–R2, N–B6ch; 25 K–R3, B×R.

હવે કાળા પાસે વજીરના બદલામાં ત્રણ મહોરાં અને એક પ્યાદું છે. તે ઉપરાંત, સફેદના રાજાની સ્થિતિને લીધે તે થોડી ચાલમાં જીતી શકે તેમ છે.

26 Q×P, B–K5; 27 P–R4, K–N2; 28 R–Q1, B×K4; 29 Q–K7, R–QB1; 30 P–R5, R–B7.

હવે તે 31..., R×P અને 32..., R–R7થી મ્હાતની ધમકી આપે છે.

31 K–N2, N–Q5 dis.ch; 32 K–B1, B–B6; 33 R–N1, N–B3; 34 Resigns.

સુરેશ મોદી

સાહિત્યસંપર્ક

શબ્દકથા: અધોટી

'અધોટી' શબ્દનો કોશમાં આપેલો એક અર્થ છે: ઉકાળીને ઉતારેલો પણ નહિ ઠારેલો શેરડીનો રસ. આ જ અર્થનો સહેજ વિસ્તાર થતાં, શેરડીના રસમાં આદુ નાખી ઉકાળીને કરેલો પદાર્થ પણ અધોટી કહેવાય છે.

'અધોટી' ઉપરથી બનેલા 'અધોટિયું'નો અર્થ 'શેરડીના રસની અરધી કોઠી' એવો આપેલો છે, અને 'અધોટિયું કાઢવું' એટલે 'શેરડીના રસથી ભરેલી કોઠીને અરધી કરવી' એમ નોંધેલું છે. પણ આ અર્થો સમર્થન માગી લે છે. 'અધોટિયું' એટલે 'શેરડીના રસની કોઠી' કે 'તે રસ રાખવાનું પાત્ર'—એવો અર્થ થાય તે સ્વાભાવિક છે. પણ 'અધોટી'માં રહેલા 'અધ' અંશને કોઠીના અર્ધ ભાગ સાથે કશો સંબંધ નથી. તેનો સંબંધ રસને ઉકાળવાની ક્રિયા સાથે છે.

'અધોટી'ના મૂળમાં પ્રાકૃત 'અધ' અને 'આવટ્ટ' એ રૂપો રહેલાં છે. 'અદ્ધ' એટલે અરધું: 'આવટ્ટ' એટલે ઉકાળવું. હિંદી 'ઔટના' અને ગુજરાતી 'આવટવું' (અજંપો થવો, મૂંઝાવું) તેમાંથી ઊતરી આવ્યા છે. અરધો ઉકાળેલો રસ તે 'અધોટી'. બારમીતેરમી શતાબ્દી લગભગના 'સંદેશરાસક' નામના અપભ્રંશ સંદેશકાવ્યમાં શિશિરઋતુના વર્ણનમાં છે:

મત્તમુક્ક સંઠવિઙ વિવહગંધુક્કરિસુ,
પિજ્જઈ અદ્ધાવટ્ટઙ રસિયહિ ઇક્ખુરસુ.

એટલે કે રસિકો સુગંધોથી મઘમઘતો અરધો ઉકાળેલો શેરડીનો રસ પીધે રાખે છે—અધોટી પીતાં ધરાતા જ નથી. અહીં 'અદ્ધાવટ્ટઙ ઇક્ખુરસુ' (એટલે કે અર્ધો ઉકાળલો ઇક્ષુરસ) એવો પ્રયોગ છે. તે ઉપરથી 'અધોટી' બનેલો છે. આમ અરધાનો સંબંધ રસને ઉકાળવાની માત્રા સાથે છે; રસ ભરવાની કોઠીની સાથે અરધાનો સંબંધ બંધબેસતો નથી. જે પ્રદેશમાં 'અધોટી' અને 'અધોટિયું' હાલ પ્રચલિત હોય ત્યાંથી કોઈ આ શબ્દોના ચોક્કસ અર્થ શા છે તે કહી શકે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પુસ્તકો

અશ્વત્થામા: શ્રી મધુ રાયનાં પાંચ એકાંકીઓનો આ પ્રથમ સંગ્રહ એમના પ્રયોગશીલ વલણની ગવાહી પૂરે છે. નાટકના વિષય કરતાં એના નિર્વહનમાં એમને વધુ રસ પડે છે. એમનાં આ એકાંકીઓમાં નાટ્યકાર તરીકેની એમની સૂક્ષ્મ તખ્તાસૂઝ પ્રગટ થયા વગર રહી નથી. રજૂઆતની નવી નવી તરાહ, ધ્વનિ-પ્રકાશનો સહેતુક ઉપયોગ અને માર્મિક ચોટદાર સંવાદો કૃતિઓને આકર્ષક બનાવે છે, તો પ્રેમના કેન્દ્રની આસપાસ પ્રદક્ષિણા કરતી આ (અશ્વત્થામા સિવાયની) કૃતિઓ એકવિધતાનો ક્લેશ પણ જન્માવે છે.

પાત્રને અનુરૂપ સંવાદો અને ભાષાશૈલી પ્રયોજી લેખક વાતાવરણની વાસ્તવિકતા પ્રગટ કરવામાં સફળ થયા છે, પણ માત્ર સંવાદો પરના વધુપડતા ઝોકને લઇને ક્રિયાવેગ શિથિલ પડતો પણ જણાય છે. અશ્વત્થામા સિવાય બીજાં નાટકોમાં thematic value ઓછી છે (કદાચ એ સભાનતાથી જ શીર્ષકની પસંદગી પણ થઈ હશે?), તો નાટ્ય સંવિધાનની કલાત્મક ખૂબીઓ એનું જમા પાસું છે.

પાત્રના માનસના ગોપિત પ્રવાહોને ગોચર કરવામાં નાટકકારને અત્યંત ઉત્સાહ છે, ને તે માટે આધુનિક પશ્ચિમી નાટ્યલઢણોનો એઓ ભરપટે ઉપયોગ કરી જાણે છે. આમ કરવા જતાં એઓ એક આગવું ચબરાકિયું ગદ્ય પણ ઊપસાવી શક્યા છે. એથી પણ વિશેષ એમની સર્જકતા કૌંસમાં કોળી રહે છે. પ્રત્યેક નાટિકાનાં કૌંસસ્થ લખાણોમાં એમની સર્જકતા, સંવેદના, કટાક્ષધાર વાચક (પ્રેક્ષક નહિ) જરૂર આસ્વાદી શકશે. એમની આ વિશેષતા રહી છે.

આ બધાં જ એકાંકીઓ લગભગ ૩૦ મિનિટના સમય ગાળામાં ભજવાઈ શકાય તેવાં હોઈ પ્રયોગલક્ષી નાટકરસિયાઓ અને દિગ્દર્શકોને આકર્ષી જાય તેવાં છે. (વોરા ઍન્ડ કં. ગાંધીરોડ, અમદાવાદ કાચું; પૃ. ૯૯; રૂ. ૩–૫૦)

અહીં તો: શ્રી વિજય શાસ્ત્રીના આ વાર્તાસંગ્રહમાંની ચોવીસે વાર્તાઓ લંબાઈની દૃષ્ટિએ જરૂર ટૂંકી વાર્તાઓ છે પણ ટૂંકી વાર્તાની કલાની દૃષ્ટિએ તે એટલી જ ટૂંકી પડે છે. 'અહીં તો', 'મોતીરામ વતી', 'પતિગૃહે' જેવી વાર્તાઓમાં પા શેર દૂધમાં પોણો શેર પાણી ભળ્યાનો તાસીરો થવા પામ્યો છે. લેખકમાં ક્યારેક વાર્તાક્ષમ ક્ષણ પકડવાની દૃષ્ટિ છે, પણ એમાંથી વાર્તા નિપજાવવાની ફાવટની તાણ વર્તાયા કરે છે. 'અહીં તો' જેવી દોઢ પાનાની વાર્તામાં પ્રણયની વિફલતાનો અંતસ્તાપ રજૂ કરવાની સ્વગતોક્તિ જેવી નિરૂપણરીતિનો લેખકે આશ્રય લઈ તેને કાવ્યાભાસી બનાવવા જતાં, એ નથી તો વાર્તા રહી કે નથી રહી કાવ્ય. આકારની દૃષ્ટિએ વાર્તાકારે પ્રયોગશીલતાનું વલણ દાખવ્યું છે, પણ વાર્તાની પ્રયોગસિદ્ધિ સાંપડતી અનુભવી શકાતી નથી. આવી વાર્તાઓના સંગ્રહ વચ્ચે 'હું અને—' જેવી વાર્તામાં કંઈક આશ્વાસન મળે છે. (સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૮૮૭. મોટી દેસાઈપોળ, સૂરત-૧; પાકું પૂઠું પૃ. ૧૭૩; રૂ. ૫)

સાહસની સૃષ્ટિ: કિશોરોને રોમાંચક આનંદ પૂરો પાડતી અને તેમનામાં રહેલા ખમીરને પોષતી ત્રણ ખંડમાં વહેંચાએલી આ સાહસકથાઓના લેખક છે યશવંત મહેતા. બહુધા સત્ય ઘટનાને આધારે તો ક્યારે ક્યારેક કલ્પનાને આધારે રોચક શૈલીમાં લખાએલી આ સચિત્ર વાર્તાઓ કિશોરોને વાંચવી જરૂર ગમશે. (પ્રત્યેકનું કાચું પૂઠું; પ્રત્યેકનાં પાનાં ૧૧૨; પ્રત્યેકની કિં. રૂ. ૨; પ્રકાશક: પ્રકાશ સાહિત્ય ભંડાર, વટવા માર્ગ, સૂર્યનગર, મણિનગર, અમદાવાદ-૮)

શ્રેષ્ઠ શિકારકથાઓ ભાગ ૧–૨: જંગલી પ્રાણીઓને નાયકો બનાવતી આ સચિત્ર સાહસિક શિકારકથાઓ કિશોરોને પ્રેરણાત્મક વાચન પૂરું પાડે તેવી છે. (લે. પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ; પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; ભાગ ૧ના પૃ. ૧૯૧; રૂ. ૪-૦૦, ભાગ ૨નાં પૃ. ૧૭૫; રૂ. ૩–૫૦)

જ્ઞાન-વિજ્ઞાનમાળા: વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનની તૃષા જાગે અને શ્રદ્ધેય રીતે પોષાય તે હેતુથી વિજ્ઞાનવિષયક સામાન્ય માહિતી આપતી આ પુસ્તકમાળામાં નીચેનાં ત્રણ પુસ્તકો પ્રગટ થયાં છે: (૧) **વિજ્ઞાન સૌરભ:** છાત્રોપયોગી વિજ્ઞાન વિષયક લેખોના આ સંગ્રહના લેખક છે ડૉ. એન. એમ. શાહ (કાચું પૂઠું; પૃ. ૧૭૩; રૂ. ૩–૫૦) (૨) **રોકેટની સંશોધનકથા:** રોકેટના સંશોધન અને પ્રગતિનો સામાન્ય ખયાલ આપતી વિદ્યાર્થીભોગ્ય આ પુસ્તિકાના લેખક છે ભવાન ગજ્જર. (કાચું પૂઠું; પૃ. ૧૦૬; રૂ. ૨)

વિજ્ઞાનની વાતો: અગાઉ 'અખંડ આનંદ' માસિકમાં આવી ગએલા, વિજ્ઞાન વિષયક ઈતર વાચન પૂરું પાડતા આ લેખોના લેખક છે બંસીધર ગાંધી. (કાચું પૂઠું; પૃ. ૧૪૩; રૂ. ૩ પ્રકા. ઉપર મુજબ)

શિક્ષકપોથી: ધો. ૮ થી ૧૦ સુધીનો નવો અભ્યાસક્રમ આવી રહ્યો છે, તેમાં ગણિત અને વિજ્ઞાનના ક્ષેત્રે જગતમાં જે નવી નવી પ્રગતિઓ થતી રહી છે તેને આવરી લેવામાં આવી છે. આ નૂતન જ્ઞાનની શિક્ષકોને માહિતી મળી રહે તે આશયથી નીચે પ્રમાણે માર્ગદર્શક પુસ્તિકાઓ બહાર પાડવામાં આવી છે. **જીવવિજ્ઞાન** (કાચું પૂઠું; પૃ. ૩૨; રૂ. ૧),

રસાયણશાસ્ત્ર (કાચું; પૃ. ૩૫; રૂ. ૧), **ભૌતિકવિજ્ઞાન** કાચું; પૃ. ૬૨; રૂ. ૨-૨૫), બીજગણિત (કાચું; પૃ. ૯૬ રૂ. ૩), **ભૂમિતિ** (કાચું; પૃ. ૭૧; રૂ. ૨-૫૦) 'વિજ્ઞાન-દર્શન' પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧)

વ્યંગાવલોકન: સમાજ, રાજકારણ, શિક્ષણ વગેરે ક્ષેત્રોની ક્ષતિઓ અને દંભો પર હાસ્યકારની કાતિલ નજર ફરી વળતી હોય છે. તે પોતાના હાસ્યના શસ્ત્ર દ્વારા આ દંભો પર પ્રહારો કરી તોડવાનો પ્રયાસ કરતો હોય છે. આ પુસ્તકમાં પણ આમ વિવિધ ક્ષેત્રને હાસ્યનું લક્ષ બનાવતી નાનીમોટી ૨૯ કટાક્ષિકાઓ લેખકે રજૂ કરી છે. ઉપમા-રૂપકો અને ચબરાકિયાં શૈલીથી લેખકે હાસ્ય નિષ્પન્ન કરવાનો પ્રયાસ કર્યો છે, પણ કટાક્ષો બહુધા ઉપરછલ્લા જ રહી ગયા છે. (લે. નિરંજન ત્રિવેદી; પ્રકા. રૂપાલી પ્રકાશન, ૮૦ ગિરધરનગર, અમદાવાદ-૪; પાકું પૂઠું; પૃ. ૧૦૦; રૂ. ૩)

એ પનોતું એક વર્ષ: રશિયાના સામ્યવાદી સમ્રાટ સ્તાલિનની પુત્રી સ્વેતલાના પોતાના મૃત પતિ બ્રજેશસિંહનાં અસ્થિ ગંગામાં પધરાવવા માટે ઈ. ૧૯૬૬ના ડિસેમ્બરમાં ભારત આવી અને ૧૯૬૭ના ડિસેમ્બરમાં કોઈ ડિટેક્ટિવ કથાની નાયિકાની જેમ છટકીને અમેરિકા ચાલી ગઈ તે રોમાંચક પ્રસંગો, તથા ભારતીય પતિ બ્રજેશસિંહના પરિચય, પ્રણય અને પરિણયના કાવ્યાત્મક પ્રસંગોવાળી મૂળ અંગ્રેજીમાં લખાએલી આત્મકથા 'Only one Year'નો આ લેખિકાના શબ્દોમાં 'આંશિક' પરિચય કરાવતો અનુવાદ છે. સ્વેતલાનાએ પિતાની ક્રૂરતા ખુલ્લી રીતે અહીં પ્રગટ કરી સામ્યવાદી સાણસામાં સપડાએલી પ્રજાની હૈયાવરાળને ઉત્કટ રીતે વાચા આપી છે. ત્યાંની પ્રજાનાં સાહિત્ય, સમાજ, દવાખાનાં, સાંસારિક જીવન વગેરે વિષેની માહિતીથી સભર એવી આ આત્મકથા સામ્યવાદના મૃગજળ સમા સ્વર્ગસુખ પરથી પરદો ઉઠાવી સત્યદર્શન કરાવી દૂર રહે રહે એ 'વાદ'નાં શમણાંમાં રાચતા લોકોની પણ ઊંઘ ઉડાડી દે તેવી છે. ભારત પ્રત્યેનું સ્વેતલાનાનું અજબ આકર્ષણ આબાદ રીતે અહીં પ્રતિબિંબિત થએલું જોવા મળશે. (અનુવાદક: સુભદ્રા ગાંધી પ્રકા. વિશ્વમાનવ ટ્રસ્ટ, રામજીમંદિરની પોળ, રાવપુરા વડોદરા પાકું પૂઠું, પૃ. ૪૦૪, રૂ. ૧૦-૦૦)

પાથેય: સામ્યવાદની વિવિધ તરાહોથી રંગાએલા ભોગીલાલ ગાંધીને મહાત્મા ગાંધીની વિચારસરણી પણ સતત વિમર્શમય રાખતી હતી. પરિણામે એમની શ્રદ્ધા ગાંધીજીની વિચારધારા પ્રત્યે દૃઢ થવા લાગી. આ સંદર્ભમાં એ વિચારધારાએ એમને જે જીવનપાથેય, વિ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શાંતિકુમાર ભટ્ટ

'મુંબઈ સમાચાર-સાપ્તાહિક'ના ઈ. ૧૯૪૮થી તંત્રી. જન્મ : અમદાવાદમાં, તા. ૧૯-૩-૧૯૨૧. સંસ્કૃત સાથે એમ. એ., તથા એલએલ. બી. ૧૯૪૬થી '૪૮ મુંબાઈ રાજ્યના 'ડિરેક્ટોરેટ ઑવ પબ્લિસિટી'માં પ્રાદેશિક ભાષાના સહાયક. 'યોગદર્શન ઍકૅડેમી'ના ડિરેક્ટર, બિહારના 'ઈન્ટરનૅશનલ યોગ કન્વેન્શન'ના સભ્ય. અખિલ ભારતીય યોગ બોર્ડની વીમેન્સ કમિટી, ડિવાઈન પાવર રીસર્ચ સોસાએટી અને બૉમ્બે સબર્બન સ્ટડી સર્કલના ઉપપ્રમુખ. આદિ શંકરાચાર્યના 'સૌન્દર્ય લહરી' પરના સંસ્કૃત લખાણ બદલ શંકરાચાર્ય દ્વારા 'સાહિત્યરત્ન'નું બિરુદ પામનાર. 'ઑલ ઇંડિયા ચિલ્ડ્રન્સ એસોસીએશન'ના પ્રમુખ. બ્રિટિશ સરકારના આમંત્રણથી પત્રકાર તરીકે ઈ. સ. ૧૯૭૦માં બ્રિટનની મુલાકાત લીધેલી. ભારતમાં ટેલિવિઝન પર યોગ વિષે સપ્રયોગ કૉમેન્ટરી આપવા ઉપરાંત બ્રિટનમાં પણ એ વિષે પ્રવચનો આપ્યાં છે, કાર્યક્રમોની ગુણવત્તા અંગે 'ઑલ ઈંડિયા રેડિયો'ને એમણે અહેવાલ પણ આપ્યો છે. છેલ્લા અઢી દાયકાથી અવારનવાર રેડિયો પર વાર્તાલાપો આપતા રહ્યા છે.

૧ તંત્રી હોવાને નાતે કયા તંત્રી તરફ આપને સવિશેષ માન છે?

ઉ. 'બ્લિટ્ઝ'ના તંત્રી શ્રી કરંજિયા માટે. પોતે માનેલા સત્યને નીડરતાથી રજૂ કરવાની એમનામાં નૈતિક હિંમત અને આગવી આકર્ષક શૈલી છે.

૨ તંત્રીમાં કયા ગુણો હોવા જોઈએ?

ઉ. વિવિધ વિષયોનું ઊંડું જ્ઞાન, પ્રજા પ્રત્યેની વફાદારીની ઊંડી ભાવના, તેજસ્વી શૈલી અને કામ લેવાની આવડત.

૩ યોગમાં આપને ઊંડો રસ છે. યોગથી થતા લાભો ટૂંકમાં કહેશો?

ઉ. યોગ દ્વારા શારીરિક અને માનસિક આરોગ્ય પ્રાપ્ત થઈ શકે છે ને જીવનભર ટકી શકે છે. વળી આધ્યાત્મિક સાધનામાં ઝડપથી આગળ વધી શકાય છે. કેટલાંક આસનો રોગમુક્તિ માટે છે. કેટલાંક ધ્યાનયોગ ને આરોગ્ય જાળવવા માટે છે.

૪ સાચું ધ્યાન કોને કહેવાય?

ઉ. સાચા ધ્યાનમાં સાધક વિષય સાથે પોતાના મનને સંપૂર્ણ તદ્રૂપ કરી ધ્યેયમય બને છે. વળી તેનાથી મન નીરોગી ને સ્વસ્થ થાય છે.

૫ શંકરાચાર્યના એક પુસ્તકનો તમે અનુવાદ કર્યો છે. શંકરાચાર્યની મહત્તા કહેશો?

ઉ. એમનું તત્ત્વજ્ઞાન મને માનસિક વ્યાયામ કે માનસિક મોજશૉખ જેવું જ નહિ, પણ પ્રત્યેક પળે જીવવા જેવું લાગ્યું છે. 'શિવોહં' કહેનાર વ્યક્તિએ ભગવાન જેવી જ પ્રવૃત્તિઓ કરવી જોઈએ અને સર્વમાં આત્મા માનનારે સો ટકા સમાજવાદી બનવું જોઈએ.

૬ આપના પ્રિય કવિ? લેખક? પુસ્તક? પાત્ર? અને શૉખ?

ઉ. કવિ 'કાન્ત'. લેખકોમાં ગોવર્ધનરામ. પુસ્તકોમાં 'રામકૃષ્ણ વચનામૃત'. પાત્રમાં મારા પૂર્વજ વસિષ્ઠ ઋષિ. શૉખ યોગ; ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોના વાચનનો.

૭ જીવનમાં આપ ખરેખર સુખી છો?

ઉ. હા; પરમાત્માના સાન્નિધ્યનો મને સતત અનુભવ થાય છે.

૮ આપને મન જિંદગી એટલે?

ઉ. પરમાત્માના પ્રેમનું દર્શન અને અનુભવ.

૯ ધાર્મિક સ્થળો આપને વધુ ગમે છે. કયું સ્થળ વધુ પ્રિય લાગ્યું?

ઉ. સોમનાથ મને ખૂબ જ પ્રિય છે. ત્યાં જતાં જ, મનમાં અદ્ભુત શાંતિ અને પ્રસન્નતા અનુભવાય છે.

૧૦ 'મુંબઈ સામાચાર-સાપ્તાહિક'ના પ્રથમ પાને જે નવલિકા આપો છો એના લખાણમાં ખાસ શાની અપેક્ષા રાખો છો?

ઉ. બને ત્યાં સુધી નવા લેખકની નવલિકા હું પસંદ કરું છું. અને એમાં પ્રસંગ ને પાત્રોની કંઈક નવીનતા તથા પ્રેરણાદાયક તત્ત્વની હું જરૂર આશા રાખું છું.

૧૧ આપના જીવનઘડતરમાં નોંધપાત્ર ફાળો કોનો કોનો?

ઉ. મોટો ફાળો મારી માતાનો છે. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ અને સત્ય સાંઈબાબાનાં પુસ્તકો ઉપરાંત પત્નીનો પ્રેમપૂર્ણ સેવાભાવ ને 'સમાચાર'માં સ્વ. સોરાબજી કાપડિયાનું પ્રેમાળ માર્ગદર્શન એ સૌ મારા માર્ગસૂચક સ્તંભો છે.

શાન્તિકુમાર જ. ભટ્ટ.

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય
[૫૦]
કરાવનાર · જલન માતરી


અહમદ ઈબ્રાહીમ 'મસ્ત' મંગેરા

આલીપોરની માધ્યમિક શાળાના આચાર્ય શ્રી અહમદ ઈબ્રાહીમ મંગેરા લગભગ છેલ્લાં સોળ વર્ષથી પોતાની શક્તિ મુજબ ગુજરાતી ગઝલની સેવા કરી રહ્યા છે ગઝલકાર તરીકે એમનું તખલ્લુસ 'મસ્ત' છે, એટલે 'મસ્ત મંગેરા'ના નામથી ઓળખાય છે.

તાલુકે ચીખલી જિલ્લે વલસાડના કાંગવાઈ ગામે તા. ૨-૫-૧૯૩૪ના રોજ એમનો જન્મ. બી. કૉમ., એલએલ. બી., એમ. એડ્.ની ઉપાધિ ધરાવે છે. મુસ્લિમ સમાજનાં સામયિકોમાં એમની કૃતિઓ અવારનવાર પ્રગટ થતી રહે છે. ગઝલકાર હોવા ઉપરાંત, વાર્તાકાર પણ છે. એમની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ 'સરવાળો' તેમજ એક ગઝલસંગ્રહ પણ ટૂંક સમયમાં પ્રગટ થવાની તૈયારીમાં છે.

હમે ખબર હય કે હમ હય ચિરાગે આખરે શબ,
હમારે બાદ અંધેરા નહિ, ઉજાલા હય.

પથ્થર પર લકીર જેવા ઊર્દૂ ભાષાના આ શેરને પોતાની ગઝલમાં પોતાની રીતે ગૂંથી, પોતાની જાતને પાછલી રાતના સિતારા ગણી, પ્રાતઃની રોશની તરીકે ગણાવતા 'મસ્ત'ના શે'રોને માણીએ:

પ્રશ્ન એ છે કાફલો ક્યાંથી જશે મંઝિલ ઉપર?
આમ વારંવાર જો રસ્તાઓ બદલે રાહબર!

સમીર, પ્રાતઃના છેડો-ન, તારલાઓને-
કે મારી એમને મરહૂમ રાતનું દુઃખ છે!!

અમારી સાથ નથી જેમને કશી નિસ્બત,
કરે છે વાત અમારી એ વાતનું દુઃખ છે!!

કહી ના શક્યો જો મુખેથી વ્યથાઓ
તો વાચા હૃદયની મેં આંખોને અર્પી;
હૃદયનો બધો ભેદ પણ અશ્રુ રૂપે
પ્રગટ થઈ જવાના પ્રયત્નો કરે છે.

મને ગર્વ છે કે આ મારી તપસ્યા
સમયને ય મુજ પંથ દોરી જવાની!
હું એવો પ્રવાસી નથી કે જે વૃત્તિ
ધરાવે સમય સાથમાં ચાલવાની.

અસર 'ગઈકાલ'ની વર્તાય છે આજેય એમાં પણ
કેઆવી'આજ'તેપણઆખરે'ગઈકાલ'પરથઇને!

મને સુખચેન દેવાની શું એવી જિંદગી મારી?
કોઈનાપરજ્યાંઅવલંબેખુશીમારી,ગમીમારી!

પ્રભાવ રૂપનો પણ 'મસ્ત' કંઈ હતો એવો,
વિરહથી પણ વધુ વ્યાકુળ અમે મિલનમાં રહ્યા!

મહત્ત્વ એટલું દીધું અમે હરીફોને,
પવન હતા જે ક્ષણિક આમતેમથી વાયા.
અમોને ગર્વ છે તો 'મસ્ત' એ જ બાબત પર
અમે—અમારા વિચારો નથી જ વેચાયા.

જેને કહો છો આપ હકીકત એ વાત પર
ભૂતકાળ થૈ છવાઈ જવાનો છે અંધકાર.
શ્રદ્ધાના તેજથી જ જીવન ઝળહળી જશે,
આખર તો 'મસ્ત' દૂર થવાનો છે અંધકાર.

કહે છે વ્યથા પોતપોતાની સર્વે
અહીં કોણે કોની કહો સાંભળી છે?

ચેન પડશે ન તુજને હસવાથી
મિત્ર! દુઃખથી રડે છે તું નાહક;
દુઃખ સદાકાળ, દુઃખ નથી રે'તું
દુઃખનો અંજામ પણ છે સુખદાયક.

હજાર આશાઓ ફળી એની છો નિરાશામાં,
છતાં હૃદય તો નથી ત્યાગતું ખુશીની મમત.
પરંપરા છે ભૂલોની આ જિંદગી તો પણ,
રમે છે દીપને લઈ આંધીઓની સાથ રમત!

શએર છે જેવો મગજમાં તેવો કાગળ પર નથી,
છીપ છે એવી કે જેમાં ચિહ્નો ગૌહરનાં નથી.
જે રીતે ભૂગોળના એ કાગદી નકશા ઉપર
છે સમંદર કિન્તુ તોફાનો સમંદરનાં નથી.

કંઈ નથી એમાં ભિન્નતા કે ભેદ
બેઉ બાજુ છે એક સૃષ્ટિની!
શાએરી રૂપ છે વિચારોનું,
રૂપ પણ શાએરી છે દૃષ્ટિની!

એ ઈબાદત કરે છે એવી કે,
જાણે દાતાને ભીખ આપે છે!
આમ નહિ કિન્તુ આમ કર માલિક,
શી દુઆઓમાં શીખ આપે છે!!

ચારપાથેય બંધાવ્યું તે આ પુસ્તકના ૧૭ લેખોમાં પ્રતીત થાય છે. વળી, આ છણાવટમાં લેખકની સૂક્ષ્મ વિચારશક્તિ, સચ્ચાઈ અને નિષ્ઠાનાં પણ દર્શન થાય છે.(પ્રકા. વિશ્વમાનવ ટ્રસ્ટ; પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ-૧; પાકું પૂઠું; પૃ. ૨૯૬; રૂ.૭-૫૦)

લોકની ભીંત્યુંને આજ મારે ભાંગવી: ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જયંતી નિમિત્તે લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં મનુભાઈ પંચોળીએ આપેલાં ત્રણ વ્યાખ્યાનો અહીં ચાર પ્રકરણમાં સમાવી લેવામાં આવ્યાં છે. પાંચમું પ્રકરણ વર્તમાન સમાજવ્યવસ્થાના સંદર્ભમાં લોકસાહિત્યની—લોકકવિતાની વિચારણા રજૂ કરે છે. લેખકે અહીં રોચક શૈલીમાં લોકસાહિત્યમાં પ્રતિબિંબિત સમાજની તેમજ જીવનમૂલ્યોની ચર્ચા કરી છે. આ વિમર્શમાં લેખકનું દૃષ્ટિબિંદુ અછતું રહેતું નથી. મેઘાણીને લોકસાહિત્યના સંપાદક તરીકે એમણે ઉચિત જયંતી-અર્ઘ્ય આપ્યો છે. (પ્રકા. લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર; કાચું પૂઠું, પૃ.૮૩, રૂ. ૧-૨૫)

આત્મનિરીક્ષણ: સ્વ. મેઘાણીએ પોતાના કાવ્યસંગ્રહો, નવલિકાસંગ્રહો અને લોકકથાસંગ્રહોની પ્રસ્તાવનામાં તે તે સાહિત્યપ્રકારના પોતાના સર્જન વિષે જે આત્મનિરીક્ષણ કર્યું છે તેને અહીં સંકલિત કરીને મૂક્યું છે. છેલ્લા 'હું પહાડનું બાળક' પ્રકરણમાં એમના આત્મકથાત્મક અંશો રજૂ કરવામાં આવ્યા છે. આમ, મેઘાણીની કવિ, નવલિકાકાર અને લોકકથા-લેખક તરીકેની સર્જનપ્રક્રિયા અને વિભાવનામાં તેમજ આત્મચરિત્રમાં એકસાથે અવગાહન કરવાની તક સાંપડી રહે છે. (પ્રકા૦ ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૭૫, પૈસા)

શ્રી અરવિંદાયન: (હિંદી) મહર્ષિ અરવિંદના જન્મથી મોક્ષકાળ સુધીની જીવનરેખા ને પોંડિચેરી આશ્રમની જે વિકાસરેખા આમાં અપાઈ છે તે જિજ્ઞાસુ વાચકને રસપ્રદ થઈ પડશે. મૂળ ગુજરાતીમાં પંડિતરાવ રાવળે લખેલા પુસ્તકનો કુ. ધર્મા ભટ્ટે કરેલો હિંદી અનુવાદ (પ્રકાશન વિભાગ,પતિયાળા હાઉસ, નવી દિલ્હી; કાચું પૂઠું; પૃ. ૮૦; રૂ. ૪)


રોજિંદો આયુર્વેદ: આયુર્વેદનું મહત્ત્વ સમજાવી દિનચર્યા, જીવનચર્યા, શરીર-રક્ષા, આન્તર-બાહ્ય શુદ્ધિ, રોજિંદાં દ્રવ્યો, રોજિંદાં ઔષધ, રોજિંદા રોગો વગેરેની સરળ શૈલીમાં લોકોપયોગી ચર્ચા આ પુસ્તકમાં (લે. શોભન; પ્રકા૦ આયુ ક્લિનિક, સ્પેક્ટ્રમ-૧,સલાપસ રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૩.)

તુલસી: આયુર્વેદની દૃષ્ટિએ તુલસીનું માહાત્મ્ય અને તેના ઉપયોગોની પદ્ધતિસર ચર્ચા કરતી લઘુ પુસ્તિકા. (લેખક-પ્ર૦ ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૨૩, ૫૦ પૈસા) **ધી.પ.**

પચ્ચીસ વર્ષ પહેલાં



નવેમ્બર ૧૯૪૮ · સળંગઅંક ૨૮૯




કોઈ પણ વસ્તુ કે દૃશ્ય, જેવાં દેખાય છે તેવાં જ આબેહૂબ નહિં. પણ એના દર્શનથી મનપટ પર જે છાપ પડે છે તે ઉતારી બતાવવી એ પ્રકારનું કલાવિધાન, પ્રાચીન કાળની માફક, આ યુગમાં પણ જે પ્રવર્તવા માંડ્યું છે તેનાં ઉદાહરણ તથા સમજણ અમે અવારનવાર આપતા રહ્યા છીએ. આ સાથેનું શકુન્તલાબહેન દેસાઈનું શિલ્પ એ પ્રકારના કલાસર્જનનો એક સુંદર નમૂનો છે. સાધારણતઃ એવા કલાપ્રકારમાં ઘણી વાર જે ચવિત્રાં રૂપો જોવા મળે છે તેવું, નજરને આંચકો આપનારું દર્શન આ શિલ્પનું નથી; પણ કલાકારની મનોસૃષ્ટિમાં નર્તકીના રૂપની જે એક મધુર છાપ પડી છે તેના માધુર્યનાં જ માત્ર તત્ત્વોને સાદી રીતે એમાં ઉતારી બતાવ્યાં છે. એમાં ચહેરાનાં આંખ-મોં-નાક, હાથ કે પગનાં આંગળાં, કે વાળની સેંથી ઉતારી બતાવી નથી; કંચુકીનો નિર્દેશ પણ કર્યો નથી; ચણિયાના ઘેરની કરચલીઓ પણ વેગ દર્શાવવા માટે જરૂરી તેટલી જ દર્શાવી છે.

એમાં તો નૃત્ય વેળા નર્તકીના દેહે જે લોલહિલોળ લીધો, એની ડોક જે નમણી અદામાં ઢળી, એના દેહના વેગ અને વળાંકાએ કટિભંગ આગળથી બે સામસામી દિશાઓમાં લાવણ્યભરી રેખાઓમાં ગતિનું જે કાવ્ય રચ્યું તેની પ્રવાહિતાને પથ્થરમાં સ્થિર કરવાનો પ્રયત્ન કર્યો છે. ચહેરો, અંબોડો અને વક્ષઃપ્રદેશ, ઉદર ને નિતંબ, ચણિયાનો ઘેર, કમાન રચતા હાથ, એ સ્થળોએ માધુર્યની જે લીલા રેલી રહી છે એનું માત્ર દર્શન કલાકારને કરાવવું છે. અને તે એણે સફળતાથી કરાવ્યું છે. એ કઈ નર્તકી હતી, ચહેરેમોરે કેવી હતી, એનાં વસ્ત્રોનાં રંગ ને વિગત કેવાં હતાં વગેરે સાથે દર્શકને કાંઈ નિસ્બત નથી. ચિત્તના ફલક પર જે ચોટદાર છાપ પાડે છે તે તો તેમાં રહેલું નૃત્યનું શાશ્વત તત્ત્વ. એ તત્ત્વ શિલ્પલેખાએ ઉતારી લીધું ને એને રસનું એક અક્ષયપાત્ર બનાવી દીધું. □

ટિકિટસંગ્રહ





'ઇન્ટરપોલ'ના નામે જાણીતા 'ઇન્ટર નેશનલ ક્રિમિનલ પોલીસ ઑર્ગેનિઝેશન'ની ૫૦મી જયંતી નિમિત્તે ભારતે ગયા ઑક્ટોબરની ૯મી તારીખે બહાર પાડેલી ખાસ ટિકિટ. તેના પર આ આંતરરાષ્ટ્રીય સંગઠનની ધ્યાનસંજ્ઞાનું આલેખન છે. બીજી ટિકિટ ગઈ સદીના એક સમાજ સુધારક અને શિક્ષણશાસ્ત્રી સૈયદ અહમદખાંની યાદમાં એમના જન્મદિન ૧૭મી ઑક્ટોબરે બહાર પડી. એમના સમયના દેશના બધા પ્રશ્નોનો ઉપાય છે તેમ સમજી એમણે અલીગઢમાં 'મોહમેદન ઍંગ્લો ઓરીએન્ટલ કૉલેજ' અને 'ઇંડિયન ઇન્સ્ટિટયૂટ ગૅઝેટ', 'તહજીબ ઉસ અખલાક', 'મોહમેદન સોશ્યલ રિફૉર્મર' વગેરે પાત્રો દ્વારા સમાજ–ખાસ કરીને મુસ્લિમ સમાજને સુધારવાના પ્રયાસો કરેલા.

(પ્રેષક : ડાહ્યાલાલ પરમાર · અમદાવાદ)

બ્રિટનની ટિકિટો

બ્રિટનનાં રાણી ઈલિઝાબેથ બીજાનાં પુત્રી પ્રિન્સેસ ઍન ઈલિઝાબેથ એલિસ લૂઈસનાં આ ૧૪મી નવેમ્બરે કૅપ્ટન માર્ક ઍન્થની પીટર ફિલિપ્સ સાથે લગ્ન થયાં. એ નિમિતે ૩।। પે. અને ૨૦ પે.ની બે ખાસ ટપાલટિકિટો બહાર પડી (જમણી-બાજુ). બંને પર રાજકુટુંબના સંબંધી લૉર્ડ લિચફીલ્ડે લીધેલી આ યુગલની એક છબિ છે જે અનુક્રમે વાયોલેટ અને આછા તપખીરી રંગમાં છપાએલી છે. ખૂણા પર રાણીના મહોરાની રૂપેરી છાપ છે. આ પ્રસંગે તૈયાર કરેલી રદ્દીકરણની ત્રણ ખાસ છાપમાં પતિપત્નીના નામના પ્રથમાક્ષરો A અને Mનું સાદું છતાં સુંદર સંયોજન કરેલું છે. એ તો સૌને ખબર હશે કે ત્યાં રદ્દીકરણની છાપ યાંત્રિક રીતે આપમેળે લાગી શકે તેવી વ્યવસ્થા છે, પણ આ રદ્દીકરણ હાથેથી કરવામાં આવશે. ¶ પ્રિન્સેસ ઍનનો જન્મ ૧૫ ઑગસ્ટ ૧૯૫૦માં અને કૅપ્ટન માર્કનો જન્મ ૨૨મી સપ્ટેમ્બર ૧૯૪૮માં થએલો. રાજકુમારી ઘોડેસવારીમાં નિષ્ણાત હોવા ઉપરાંત, તરવાનો, પોતાની મોટરકાર ચલાવવાનો તથા પોશાકોનો રસ ધરાવે છે. કૅપ્ટન માર્ક પણ 'ક્વીન્સ ડ્રૅગૂન ગાર્ડસ'માં હોવા ઉપરાંત ઘોડેસવારીમાં નિષ્ણાત છે અને એ માટે ૧૯૭૨માં મ્યુનિખમાં ઑલિમ્પિક હરીફાઈમાં એમણે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

બ્રિટનની આ વર્ષની ક્રિસ્ટમસની ટિકિટો પર ત્યાંના જાણીતા ડિઝાઈનર ડેવિડ જેન્ટલમૅન ફરી એકવાર આવ્યા છે (જુઓ નીચે). આ ટિકિટો પર એકએક સાથે છપાએલી ત્રણત્રણ પે.ની પાંચ ટિકિટોની એક માળામાં 'ફીસ્ટ ઑવ સ્ટીફન'ના વસ્તુવાળા કૅરોલ (નાતાલના આનંદ ગીત)ના કથા-પ્રસંગો અનુક્રમે આપ્યા છે. જ્યારે છઠ્ઠી એક અલગ ૩।। પે.ની ટિકિટ પર એ કથાનાં ત્રણ પાત્રો—કિંગ વેન્સેસ્લાસ, તેનો અનુચર અને ગરીબ ખેડૂત સ્ટીફનનું આલેખન છે. આ નિમિત્તે પણ હાથે છાપવાની રદ્દીકરણની બે ખાસ છાપ તૈયાર થઈ છે જે જમણી બાજુ દર્શાવી છે. ટિકિટોના આલેખનમાં ઈ. ૧૯૬૨થી ખ્યાતિ પામેલા ડેવિડ જેન્ટલમૅનની કરેલ આ ટિકિટો પણ એમની લાક્ષણિકતા સાથે નવ રંગની છપાઇમાં એટલી જ સુંદર બની છે. **—રમણિકલાલ સોલંકી—લંડન**





મથાળે પ્રિન્સેસ ઍનના લગ્ન નિમિત્તની ખાસ ટિકિટ. તેની બંને બાજુ પ્રેષક શ્રી રમણિકલાલ સોલંકીએ 'કુમાર' માટે ખાસ મેળવેલા, આ ટિકિટના ડિઝાઈનર કૉલિસ કલૅમેન્ટ્સ તથા એડવર્ડ હ્યુજિસના હસ્તાક્ષરો પણ આપ્યા છે. તેની નીચે આ ટિકિટો માટેની તથા નીચે ક્રિસ્ટમસ-ટિકિટો માટેની ખાસ રદ્દીકરણની છાપ.







વૃક્ષ-વેલ-પરિચય-૧૫ · અરીઠો




અરીઠાં તો બહુ જાણીતાં છે. એમાં રહેલા સૅપોનિન નામના તત્ત્વના કારણે એનાથી મેલ કપાય છે છતાં સાબુની જેમ એ નુકસાનકારક નથી. આ અરીઠાંનું ઝાડ તે અરીઠો (યા અરીઠી). મૂળ તો એ ચીન તરફનું વૃક્ષ ગણાય છે, પણ હિમાલયમાં ચારેક હજાર ફૂટની ઊંચાઈથી માંડી છેક દક્ષિણ ભારત સુધીના વરસાદ અને ભેજવાળા પ્રદેશોમાં એ ઊગે છે. મધ્યમ કદના આ વૃક્ષની છાલ લીસી જેવી ને ભૂખરી. પાન લાંબી તીરખી પર પાંચ-સાતની જોડમાં, ઉપરથી લીસાં ને અંદરની બાજુએ રુંવાટીવાળાં. પાનખર આવતાં પાકીને પીળાં થઈ ખરી પડે. ફરી વસંતમાં નવાં ફૂટે ને ચોમાસું ઊતરતાં ડાળને છેડે ઝૂમખામાં છૂટાંછૂટાં નાનાં, રુંવાટીવાળાં સફેદ ફૂલ બેસે.

ફળ અંદરથી બે કે ત્રણ ભાગમાં, માવાદાર. તાજાં હોય ત્યારે રુંવાટીવાળાં થાય છે. એ જ અરીઠાં. અંદરનાં વટાણા જેવડાં ને કઠણ કવચવાળાં બીજ કાઢી લઇને તાજાં કે સૂકાં અરીઠાંને પાણીમાં મસળતાં ફીણ વળે છે. આ પાણી રેશમી કે ગરમ કપડાં તથા માથાના વાળ ધોવામાં વપરાય છે. અરીઠાંથી ધોએલા કાપડ પર ચડાવાતો રંગ વધુ તેજદાર બને છે. અરીઠાંના બીજમાંથી નીકળતું ચરબી જેવું તેલ સાબુ બનાવવામાં વપરાય-છે.

બીજને ઊગતાં ત્રણચાર માસથી એકાદ વર્ષ લાગે છે. અરીઠાંના વૃક્ષનો વિકાસ પણ ધીમો.

અરીઠાં તીક્ષ્ણ, ઉષ્ણ, વિષઘ્ન અને વામક મનાતાં હોઈ આયુર્વેદિક તેમજ યુનાની ઔષધોમાં દમ, ખાંસી, વાઈનાં દર્દો, પક્ષાઘાત વગેરે માટે પણ એ વપરાય છે.



અફસોસને આસન કદી જો આપશું, જે રહ્યું થોડું ય તે લૂટી જશે;
જો ગુમાવ્યાની ગણત્રીમાં પડયા, ફૂલ ઊઘડતું ય એ ચૂંટી જશે.
આંખ સામે ઊગતો દિન રાખીએ, જે મળી સૌરભ જીવનમાં ચાખીએ,
કોણ જાણે છે હૃદય પીસી પ્રભુ રંગ અંગોમાં નવા ઘૂંટી જશે!

—મકરન્દ દવે

સાહિત્યના નોબેલ વિજેતા પૅટ્રિક વ્હાઈટ

તાજેતરમાં જાહેર થએલું ઈ. ૧૯૭૩નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મેળવનાર ઑસ્ટ્રેલિયન નવલકથાકાર પૅટ્રિક વ્હાઈટનું નામ સાહિત્યરસિકોમાં અજાણ્યું નથી. છતાં એને નોબેલ પારિતોષિક મળશે એવું કોઇએ ધાર્યું ન હતું. વિવેચકોએ એની નવલકથાઓને આજ સુધી બહુ મહત્ત્વ આપ્યું નથી. વળી, કેટલાક વિવેચકોનું તો માનવું છે કે ચાર્લ્સ મૉર્ગને ચાળીસ વર્ષ પહેલાં જે નવલકથાઓ લખી તેવી નવલકથાઓ વ્હાઈટ લખે છે. પણ વાસ્તવવાદી હોવા છતાં એ નવલકથાઓ એક પ્રકારનો જુદો જ આદર્શવાદ અને જુદી જ નીતિની ઝાંખી કરાવે છે તે ભૂલવું ન જોઇએ. માણસ મનમાં કે મનથી પાપ કરે તો પણ એને એ પાપનાં પરિણામો સહન કરવાં જ પડે છે એવો ધ્વનિ એની નવલકથાઓમાંથી નીકળે છે.

વ્હાઈટનો જન્મ ઈ. ૧૯૧૨માં ઈંગ્લૅંડમાં થએલો. એ છ મહિનાનો હતો ત્યારે એના પિતા, જે ઑસ્ટ્રેલિયામાં હતા ત્યાં એને લઈ ગયા. ત્યાંથી તેરમે વર્ષે એને ઈંગ્લૅંડ મોકલી ત્યાંની ચેલ્ટનહામ શાળામાં દાખલ કરેલો. ત્યાં ચાર વર્ષ અભ્યાસ કરી એ કેમ્બ્રિજની કિંગ્ઝ કૉલેજમાં ભાષાઓના વિશેષ અભ્યાસ માટે જોડાયો. અભ્યાસ પૂરો કરી લેખક થવાના નિશ્ચય સાથે એ લંડનમાં જ રહ્યો. ઈ. ૧૯૩૯માં એની પહેલી નવલકથા 'હૅપી વૅલી' બહાર પડી, અને ૧૯૪૧માં બહાર પડી 'ધ લિવિંગ ઍન્ડ ધ ડેડ' બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એણે મધ્ય પૂર્વના દેશો અને ગ્રીસમાં શાહી વિમાની દળના ઈન્ટેલિજન્સ ઑફિસર તરીકે કામ કર્યું. ઈ. ૧૯૫૫માં એની 'ધ ટ્રી આવ મૅન' નવલકથા પ્રગટ થઈ. ત્રણ મહિનામાં તો એની પાંચ આવૃત્તિઓએ એની લોકપ્રિયતા સિદ્ધ કરી દીધી. પછી 'વૅાસ' (૧૯૫૭), 'રાઈડર્સ ઈન ધ ચૅરિયટ' (૧૯૬૧), 'ધ સૉલિડ મૅન્ડેલા' (૧૯૬૬) અને 'ધ વિવિસેકટર' (૧૯૭૦) પ્રગટ થઈ. એમણે નવલિકાઓ પણ લખી છે અને એમનાં ઘણાં નાટકો ભજવાયાં પણ છે. ઈ. ૧૯૪૮થી એઓ ઑસ્ટ્રેલિયામાં જ રહે છે.

એમની નવલકથાઓમાં ઑસ્ટ્રેલિયાની ભૂમિ અને લોકોનું નિરૂપણ હોય છે. આજકાલની નવલકથાઓ જેવી તે ટૂંકી નથી. સાધારણ જે લોકોની ઉપેક્ષા થાય છે તેમનું મનોવિશ્લેષણ કરવામાં વ્હાઈટને ખૂબ રસ પડે છે. ઑસ્ટ્રેલિયાના અભણ ને ગુનાહિત લોકોની પાત્રસૃષ્ટિએ વિવેચકોને વ્હાઈટની તુલના હાર્ડી સાથે કરવા પ્રેર્યા છે. આજના જીવનની કરુણતા તેણે વેધક



રીતે નિરૂપી છે. બહારથી સુખી દેખાતા લોકો ભીતરથી કેવા ભાંગી પડેલા છે એ વિશ્લેષણ-દર્શન એણે વિશેષતાથી કરાવ્યું છે. 'ધ વિવિસેકટર'માં વ્હાઈટની કલાનાં બધાં અંગો પ્રકર્ષથી દેખાય છે. એ કૃતિ વાસ્તવદર્શી હોવાથી કોક વાર જુગુપ્સા પણ જગાડે છે. આજના જીવનમાં સૌંદર્ય કયાં ય દેખાતું નથી, ને કલાકારો સૌંદર્યનું નિર્માણ તો કરે છે પણ એમનાં જીવનમાં એ સૌંદર્ય ભાગ્યે જ પ્રગટાવી શકે છે, એવો ભાવ આ કથામાં નિરૂપાયો છે. સાડા છસો પૃષ્ઠોમાં પથરાએલી એ કૃતિમાં લેખકની સર્વજ્ઞતા બતાવતી તૃતીય પુરુષની કથનપદ્ધતિને

આ ૧૪મી નવેમ્બરે રાજધાનીમાં યોજાએલા આંતરરાષ્ટ્રીય ટપાલ-ટિકિટ પ્રદર્શન 'ઇન્ડિપેક્સ' નિમિત્તે ભારતે બહાર પાડેલી બહુરંગીછપાઈવાળી ત્રણ ખાસ ટપાલ-ટિકિટો. તેમાં ૨૦







પૈસાની ટિકિટ પર પ્રદર્શનની આંતરરાષ્ટ્રીયતાનું સૂચન છે. ૧ રૂપિયાની ટિકિટ પર સ્વતંત્ર ભારતની એક આરંભની ટિકિટની છાપમાં દેશના રાષ્ટ્રચિહ્નની સિંહ મુદ્રા છે સાથે ભારતીયતાનાં સૂચક આલેખન છે. ત્રીજી ૨ રૂપિયાની ટિકિટ પર રાષ્ટ્રીય પક્ષી મોરનું સુંદર ચિત્રણ છે.

ઉપયોગ કરવામાં આવ્યો છે ને તેથી એ જીવનની વિશાળતા બતાવી શકે છે.

લોકપ્રિય લેખક સાચો સાહિત્યકાર હોઈ શકે નહિ અથવા લોકપ્રિય—લોકભોગ્ય સાહિત્યમાં શ્રેષ્ઠતા દેખાય કે નહિ એ પ્રશ્ન વ્હાઈટની નવલકથાઓ વાંચતાં મનમાં જાગે ખરો. એની નવલકથાઓને જે કારણોસર લોકપ્રિયતા સાંપડી છે એ એની મહત્તાનાં કારણો નથી એવું કાળ પુરવાર કરશે એવું આજે તો લાગે છે; કેમ કે આજના નીતિવિરહિત વાતાવરણમાં વ્હાઈટની નવલકથાઓ કેટલાંક શાશ્વત નીતિતત્ત્વોની ઝાંખી કરાવી જાય છે, અને તેમ કરતાં આજના માનવોના જીવનની દારુણ કરુણતા અને આર્તતાનું વર્ણન તે કરે છે એ એક મહાન સિદ્ધિ ગણાવી જોઈએ. દુનિયાનું ઐશ્વર્ય મેળવવા માટેના પ્રયત્નોમાં સફળ થતો માનવી પોતાનો આત્મા ખોઈ બેસે તો એણે શું મેળવ્યું ગણાય? વ્હાઈટની નવલકથાઓ કોઇ નીતિમત્તાનો 'પ્રચાર' કરતી નથી છતાં એમના જીવનદર્શનમાં ન દેખાય એવી વિશ્વમાં અનુસ્યૂત નીતિનાં દર્શન તો થાય જ છે. પૅટ્રિકની કૃતિઓનું સાહિત્યિક મૂલ્યાંકન ને એનું સાહિત્યમાં શું સ્થાન એ વિષે એકવાક્યતા થઈ નથી ત્યાં જ નોબેલ પુરસ્કાર માટે એની પસંદગી સાનંદાશ્ચર્યનો વિષય ગણાવો જોઈએ. —વસંત જોષી



વધતી વસ્તી, કપાતાં જતાં જંગલો, રોગચાળા અને શિકારને કારણે દેશનાં જે વન્ય પ્રાણીઓની સંખ્યા ઘટી રહી છે, તેમાંથી ગૌર પણ બાકાત નથી. કેરળ, તામીલનાડુ, મહિસુર, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્રની પશ્ચિમ ટેકરીઓ, ઓરિસ્સા બિહાર, મધ્યપ્રદેશ, પ. બંગાળ અને આસામમાં જ્યાં એનાં ધણ જોવા મળતાં ત્યાં આજે બહુ અલ્પ સંખ્યામાં એ રહ્યાં છે. ઊંચું ઘાસ, વાંસ અને ટેકરીઓવાળાં જંગલોમાં એ વસે છે. એકાદ ટન જેટલી ભારે કાયાવાળાં આ ગૌર માઇલોનો વિસ્તાર બહુ આસાનીથી ખૂંદી શકે છે. અભયારણ્યોમાં પણ જો રોગચાળા સામે એમને રક્ષણ નહિ મળે તો એમની સ્થિતિ પણ ગિરના સિંહ જેવી થશે.

ગણિતગમ્મત

૭, ૯, ૧૨ એ ત્રણ સંખ્યાઓમાં કોઈ ખાસ ક્રમ જણાતો નથી, પરંતુ પહેલી સંખ્યા ૭ એ $૨^{૩}-૧^{૩}$ની બરાબર છે. બીજી સંખ્યા ૯ એ વર્ગ સંખ્યા છે એટલે કે $૯ = ૩^{૨}$ છે અને ત્રીજી સંખ્યા ૧૨ એ બે પાસપાસેની સંખ્યાનો ગુણાકાર છે ૧૨=૩×૪ છે.

હવે આ ત્રણ સંખ્યાઓમાં એવી ખૂબી છે કે એ ત્રણ પૈકી ગમે તે બે સંખ્યાના ગુણાકારને ત્રીજી સંખ્યા વડે ભાગવાથી હમેશ ૩ શેષ રહેશે.

જેમકે (૭×૯)÷૧૨=ભાગાકાર ૫ શેષ ૩
(૭×૧૨)÷૯=ભાગાકાર ૯ શેષ ૩
(૯×૧૨)÷૭=ભાગાકાર ૧૫ શેષ ૩

ત્રણ સંખ્યાનાં આવાં બીજાં જૂથ હોવાનો સંભવ છે. વાચકો આ બાબત વિચાર કરશે તો આનંદ આવશે. —એમ. એન. ખત્રી

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ (૧૯૫૪) ભારતમાંના ફ્રેંચ સંસ્થાનો–ચંદ્રનગર, પોંડિચેરી અને અમુક નાનકડી વસાહતો મુક્ત બની ભારતમાં ભળી ગયાં. ચંદ્રનગર કલકત્તાથી વીસેક માઈલ દૂર ઉત્તરે હૂગલી નદીની બાજુમાં ચારેક ચોરસ માઈલનું ટચૂકડું સંસ્થાન હતું. ત્યાં રાજભાષા ફ્રેંચ અને બ્રિટિશ નાણાંનું ચલણ હતું. ઈ. ૧૬૮૮માં ઔરંગઝેબે એ ફ્રેંચોને આપેલું. ૧૭૫૭માં ક્લાઇવે તે કબજે કરેલું પણ ૧૮૬૫માં તે પાછું ફ્રાંસને મળ્યું. મૂળ તદ્દન ગ્રામ-પ્રદેશ જેવા એ વિસ્તારને ગવર્નર ડુપ્લેએ વિકસાવીને સમૃદ્ધ બનાવેલું. અંગ્રેજો ત્યાં સહેલગાહે જતાં.

પોંડિચેરી તો શ્રી અરવિંદ ઘોષના આશ્રમ તથા હવે ઓરોવિલેની સ્થાપના પછી દુનિયાભરમાં ખ્યાત બન્યું છે, પણ જ્યારે ઈ. ૧૮૬૩માં જીંજીના સુબા શેરખાન પાસેથી ફ્રાંસ્વા માર્ટિન એ ૧૧૩ ચો. મા. જેટલો વિસ્તાર ખરીદ્યો ત્યારે તો એ પણ તદ્દન ગ્રામપ્રદેશ જેવો જ હતો. ૧૬૯૩માં વલંદા (ડચ) લોકોએ તે જીતી લીધેલું. ૧૬૯૭માં એ ફરી ફ્રાંસને મળ્યું. પછી અંગ્રેજો સાથે પણ અનેક અથડામણો ચાલતી રહી ને છેવટ ૧૮૦૬થી એ પુનઃ ફ્રાંસને મળ્યું. ૧૭૪૧ થી ૧૭૪૫ દરમિયાન ડુપ્લેએ તેનો ઉત્તમ વિકાસ સાધીને એક સુંદર શહેર તરીકે તેને વિકસાવ્યું જે ભારત પરની ફ્રેંચ હકૂમતની રાજધાની બન્યું હતું.

તા. ૩ (૧૬૧૮) ગુજરાતથી ઉજ્જૈન તરફ જતાં, જહાંગીરના રસાલામાં દાહોદ મુકામે બેગમ અર્જુમન્દ બાનુ મુમતાજ મહાલે શાહજહાંના ત્રીજા પુત્ર અબુલ ઝફર મુહીઉદ્દીન મુહમ્મદ ઔરંગઝેબને જન્મ આપ્યો. પુરોગામી શહેનશાહોની સરખામણીમાં અત્યંત કરકસરીઆ ચુસ્ત મુસલમાન પાદશાહ 'આલમગીર' તરીકે એ ખ્યાત હતો. ઈ. ૧૭૦૭ની ૩જી માર્ચે ૮૯ વર્ષની વયે અહમદનગરમાં એનું અવસાન થયું. એના પછી મુગલ સલ્તનતની જાહોજલાલી અને પ્રભાવ ઉત્તરોત્તર ઘટતાં જઈ છેવટ ૧૮૫૭માં એ રાજવંશનો છેલ્લો પાદશાહ બહાદુર ઝફર છેવટ અંગ્રેજોની કેદમાં રંગૂનમાં દેશપાર થઈ કેદી અવસ્થામાં ઈ. ૧૮૬૨ના આ જ માસની ૭મી તારીખે અવસાન પામ્યો હતો.

શેરશાહથી પરાસ્ત થઈ સહાય માટે રખડતો હુમાયુ ઈ. ૧૫૪૨માં સિંધમાં ઉમરકોટ પહોંચ્યો ત્યારે ત્યાં આ જ માસની ૨૩મી તારીખે (એક મત ૧૫ ઑક્ટો. કહે છે.) અકબરનો જન્મ થયો. ઈ. ૧૫૫૧માં ૧૯મી નવેમ્બરે ખૈબરઘાટમાં હુમાયુની છાવણી પર તેના ભાઈ હિંદાલે હલ્લો કરેલો ને તેમાં એ કામરાનના હાથે માર્યો ગયો. (બાબરને ચાર પુત્રો હતા. હુમાયુ, કામરાન, હિંદાલ અને અસ્કરી). અકબરનાં લગ્ન હિંદાલની પુત્રી રુકિયા સુલતાના સાથે થએલાં. હુમાયુના અવસાન પછી દિલ્હીની ગાદી પર દાવો કરનાર મહમ્મદશાહ આદિલ પણ એક હતો. એના એક હિંદુ પ્રધાન અને યુદ્ધકુશલ સેનાપતિ હેમુએ એ માટે ઈ. ૧૫૫૬ની આ જ માસની ૫મી તારીખે પાણીપતમાં મુગલો સામે યુદ્ધ કરેલું જેમાં આંખમાં તીર વાગતાં એ પડ્યો અને તેને અકબર સમક્ષ હાજર કરતાં બહેરામખાંના કહેવાથી અકબરે એ હિંદુનો વધ કરીને 'ગાઝી' પદ મેળવેલું.

તા. ૬ (૧૮૮૧) 'દે હાક, અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર...' જેવી વીરહાકથી અનન્યપણે ગુજરાતનો ખૂણેખૂણો ગજાવનાર તથા પોતાની વ્યાપક અને ગહન જીવનતત્ત્વદષ્ટિને વિશદ અને વરદ સ્વરૂપે પોતાના સાહિત્યમાં નિરૂપી જનાર પારસી કવિ અરદેશર ફરામજી ખબરદારનો દમણ મુકામે જન્મ. સ્વ. મલબારી પાસેથી કાવ્યદીક્ષા પામી, એમણે આરંભમાં દલપત શૈલીને અનુસરીને પછી મૌલિક કાવ્યરીતિ અપનાવી હતી. ૧૯ વર્ષની વયે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યરસિકા' પ્રકટ થયો. ૧૯૦૫માં 'વિલાસિકા'માં નવું પ્રસ્થાન સાધ્યું. ત્યાર બાદ રાષ્ટ્રભક્તિના જુવાળમાં વતન અને પ્રેમ-શૌર્ય નીતરતાં અનોખાં કાવ્યો રચ્યાં. જીવનના અનેક આઘાતોએ એમને અંતર્મુખ બનાવી ઉત્તરોત્તર વધુ આધ્યાત્માભિમુખ બનાવ્યા જેનું પ્રતિબિંબ એમનાં 'દર્શનિકા', 'કલિકા' વગેરેમાં વ્યક્ત થાય છે. એમના કાવ્યસર્જનમાં કલાના આડંબર રહિતની ભવ્ય સરલતા જોવા મળે છે. સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ અને મુંબાઈ સાહિત્ય પરિષદના અધિવેશનના તેઓ પ્રમુખ હતા.

એમના ૨૦ જેટલા કાવ્યગ્રંથો ઉપરાંત કાવ્યવિવેચના કરતો 'ગુજરાતી કવિતાની રચનાકલા'નો ગ્રંથ, 'અશો જરથુષ્ટ્રની ગાથા પર નવો પ્રકાશ' નામક ચિંતનસભર અભ્યાસપૂર્ણ સંશોધનગ્રંથ પણ ખ્યાત છે. જ્યોતિષ, ખગોળ, માનસશાસ્ત્ર, યોગવિદ્યા, વૈદક તથા સામાન્ય વિજ્ઞાનના પણ તેઓ રસિયા અને અભ્યાસી હતા.

તા. ૧૯ (૧૮૬૩) 'ગુલામીની નાબૂદી અને શાસિતોની અનુમતિ'ના પ્રશ્ન પર ખેડાએલા અમેરિકન આંતરવિગ્રહમાં ૧૮૬૩ની ૧–૩ જુલાઈએ વૉશિંગ્ટનથી ૭૦ માઈલ દૂર ગેટિસબર્ગ પાસે જે નિર્ણયાત્મક લડાઈમાં ઉત્તર પ્રાંતોએ દક્ષિણનાં રાજ્યો પર છેવટનો વિજય મેળવ્યો, તેમાં થએલી ભયંકર ખુવારીના કારણે એ યુદ્ધભૂમિને 'રાષ્ટ્રીય કબ્રસ્તાન' તરીકે સ્થાપવામાં આવી અને એનો અર્પણવિધિ કરતાં પ્રમુખ અબ્રાહમ લિંકને એક યુગવર્તી વ્યાખ્યાન આપ્યું. (જુઓ ચિત્રો) 'ગેટિસબર્ગ વ્યાખ્યાન' તરીકે એ અંગ્રેજી સાહિત્યમાં રત્નસમ વક્તવ્ય ગણાય છે. 'કોઈના યે પ્રત્યે દ્વેષ વિના અને સર્વપ્રત્યે સહૃદય સમભાવ'ની ભાવના પર રચાએલી અમેરિકન લોકશાહીને બિરદાવતાં માનવતાવાદી લિંકને કહેલું, આ મહાન યુદ્ધભૂમિ પર એ હુતાત્માઓની શાંતિ માટે રચાયેલા આ નાનકડા અંશ પરથી, એ ભાવનાને પૂર્ણ આદર્શ સાથે અર્પિત થએલાં એમનાં બલિદાનોમાંથી એમના શેષકાર્યની પરિપૂર્ણતાની ઝંખના સાથે વિશ્વાસ વ્યક્ત કરીએ, કે એમની આહુતિ વ્યર્થ નથી થઈ ગઈ, કે પરમાત્માના શિરછત્ર નીચે મુક્તિનો નવો જન્મ થશે; કે લોકોની, લોકો વડે ચાલતી ને લોકો માટેની સરકારનો આ પૃથ્વીતલ પરથી કદી નાશ થવાનો નથી.'

▽ વ્યાખ્યાન આપતા લિંકન



અતિ ભલા નહિ બોલના, અતિ ભલી નહિ ચૂપ,
અતિ ભલા નહિ બરસના, અતિ ભલી નહિ ધૂપ.


સંત ફ્રાંસિસ આંગણામાંના નાના બાગમાંથી નકામાં છોડઝાંખરાં સાફ કરતા હતા. કોઈએ ત્યારે પૂછ્યું કે, 'આપને અત્યારે જ ખબર પડે કે આજ સૂર્યાસ્ત પહેલાં મરણ પામવાના છો, તો આપ પહેલું કામ શું કરો?' સંતે જવાબ આપ્યો: 'આ ઝાંખરાં કાઢવાનું સૌપ્રથમ પતાવી લઉં.'

અનેકાર્થી શબ્દ: **મીન**=માછલું; બારમી છેલ્લી રાશિ; એ નામનો એક છંદ; સરાસરી રમતમાં દરેક પક્ષને ફળવાતું મેદાન; હદ; હાર કબૂલ કરવા માટે બોલાતો શબ્દ; પક્ષ અથવા બાજુ; બે; નિયમસર.

કહેવતોના અર્થ: 'આંગળાં ચાટ્યે પેટ ન ભરાય.'—લોભવૃત્તિથી ખોટી કરકસર કરનાર કે પૂરી કાર્યસિદ્ધિ માટે ઉપરછલ્લા પ્રયત્નો કરનારની નિષ્ફળતા દર્શાવવા માટે કેવું સચોટ ઉદાહરણ આ કહેવતમાં યોજાયું છે!

ગણિતગમ્મત

કોઈ પણ એક સંખ્યા ધારો. તેને ૯ વડે ગુણો. એ ગુણાકારને બીજી કોઇ પણ સંખ્યા વડે ગુણો, તેમાં ૪ ઉમેરો. જે આવે તેને ફરીથી ૩ વડે ગુણો. જે જવાબ આવે તેના અંકોનો સરવાળો કરતા જઈ એક આંકડો લાવો, જે આશ્ચર્યજનક આંકડો ૩ જ હશે! ઉદા. ૭×૯=૬૩×૪=૨૫૨+૪=૨૫૬×૩=૭૬૮: ૭+૬+૮=૨૧; ૨+૧=૩. —મ. ના. રાણા




અમેરિકાની મિસિસિપી અને મિસૂરી નદીઓનો મળીને ચાલતો નૌવ્યવહાર દુનિયામાં લાંબામાં લાંબો—૪૨૦૦ માઈલનો છે.



મોસંબીની છાલ ઝડપથી અને રસ ન ઢળે એવી સફાઈથી કાઢવાની યુક્તિ એ છે કે પહેલાં મોસંબીની મધ્યમાં ચપ્પુ વડે ગોળાકાર કાપ મૂકવો—પણ તે એ રીતે કે ફક્ત ઉપરની છાલ જ કપાય. પછી એ કાપામાં ચમચાનો પાછલો હાથો ખોસી છાલને સાવચેતીથી ઉખેડવી. આ રીતે એક બાજુનું અરધિયું ઉખેડયા પછી ચિત્રમાં બતાવેલી રીતે બીજું અરધિયું ઉખેડવું.

દૂધ પાણીવાળું છે કે નહિ તે તપાસવાની કસોટી એ છે કે તેમાં તદ્દન સ્વચ્છ સોય ડુબાડીને બહાર કાઢવી. જો તે તદ્દન ચોખ્ખા રૂપમાં જ બહાર આવે તો દૂધ પાણીવાળું જ સમજવું. પણ જો દૂધ ચોખ્ખું હશે તો થોડુંક તો સોયને ચોંટશે. વળી પાણીવાળું દૂધ વાસણને જ્યાં અડે છે તે કિનારી આગળ તેનો રંગ ભુરાશપડતો હોય છે.

ભારતમાં આજે લગભગ ૫૦ લાખ માણસો તીવ્ર માનસિક અ-સમતોલનથી પીડાય છે. બીજા ૫૦ લાખ જેટલા લોકોનો માનસિક વિકાસ સામાન્ય કરતાં યે ઊતરતી કક્ષાનો છે અને વીસેક લાખથી વધુ માણસો ફેફરા જેવા રોગનો ભોગ બનેલા છે.



કલાકણિકા: ઉત્તર સુદાનમાં મળેલો ચોથી-પાંચમી સદીનો 'કપોત-દીપ'. પ્રાચીન ગુજરાત-ભારતમાં તો આવા ખૂબ પ્રચલિત હતા.

અથાણું

ઉર્દૂના મહાકવિ મિર્ઝા ગાલિબને કેરી બહુ ભાવતી; પણ એમના એક મિત્ર હકીમને તે બિલકુલ ન ભાવતી. એક વાર ગાલિબ પોતાના ફળિયામાં બેસી કેરી ખાતા હતા ત્યાં મિત્ર હકીમ આવી ચડયા. એવામાં એક કુંભાર પોતાના ગધેડાને લઈ ત્યાંથી પસાર થયો. એના ગધેડાએ ત્યાં પડેલાં કેરીનાં છાતરાં સૂંઘીને છોડી દીધાં. આ જોઈ હકીમે ગાલિબને કહ્યું: 'જોયું? ગધેડા પણ કેરી નથી ખાતા?'

ગાલિબે કહ્યું: 'હા, ગધેડા જ નથી ખાતા!'

ભારતીય રાજપક્ષીઓ

·સ્રગ્ધરા·

પ્હોંચે ઉદ્‌ઘાટનાર્થે
નિત નિત સઘળે દેશને કોણકોણ,
વારે વારે ઊડન્તા,
મિષ લવ મળતાં પ્લેનપંથે વિદેશે;
રાજ્યે પ્રાધાન્ય ધારી
કદી ય ન નવરા ભારતી રાજપક્ષી
ઝાઝું આકાશમાર્ગે,
ક્વચિત ન છૂટકે ભૂમિમાર્ગે ફરન્તા.

નાના બાળકને લઈને પતિપત્ની સિનેમા જોવા ગયાં. અન્ય પ્રેક્ષકોને ડખલ ન થાય એ સારુ મૅનેજરે શરત કરી કે ચાલુ ખેલે જો બાળક રડે તો તેમણે ખેલ છોડી બહાર નીકળી જવું, જે માટે એમને ટિકિટના પૈસા પાછા મળી જશે.

ચિત્ર લગભગ પૂરું થવા આવ્યું ત્યારે પતિએ પૂછ્યું: 'કેમ, કેવું લાગ્યું?' 'કંઈ બહુ મઝા આવી નહિ.' પત્નીએ અભિપ્રાય આપ્યો. 'તો પછી બાબાને ચૂંટી ખણ.' પતિએ સૂચવ્યું.

'તમારી પાસે શરીરરચનાની બીજી નવી કોઈ ચોપડી નથી? આ તો વીસ વર્ષ પહેલાંની છે.' યુવાન વિદ્યાર્થીએ પૂછ્યું.

'હા, પણ આ ચોપડી પ્રકટ થયા પછી માણસના શરીરમાં કોઈ નવાં હાડકાં ઉમેરાયાં નથી.'

'વારુ, આખરે તમને મારી ગાડીમાં શાનો ખખડાટ થતો હતો એ જાણવા મળ્યું?'

આખી મોટરગાડી ખોલી બેઠેલા ગરાજમૅને જવાબ આપ્યો: 'હા કોઇકે ઍશ-ટ્રેમાં લખોટી નાખી દીધી હતી.'

'તે તમે પોલીસખાતામાં કેમ જોડાયા?'
'દાક્તરે મને રોજ કસરત કરવા કહેલું.'
'પણ એને ને પોલીસખાતાને શો સંબંધ?'
'કેમ? પોલીસ હોઉં તો કસરતના ટાઈમમાં યે મારો પગાર ચડે ને?'







આકાશચારી ચામરધર બટુક (ડાબી બાજુ): શિશુસહજ નિર્દોષપણાની સાથે ધ્યાની બુદ્ધના જેવા પ્રગાઢ પ્રસન્ન મુખભાવવાળો, અજંતાની ૨૧મી ગુફાની દ્વારશાખ પરનું આ શિલ્પ કદમાં નાનું હોવા છતાં ઈ. ૪૯૦ થી ૫૦૦ના ગાળાની વાકાટક શિલ્પકળાનું એક ઉત્તમ ઉદાહરણ છે. (વચ્ચે) ૨૬મી ગુફા, જે એક ચૈત્યગૃહ છે, તેની અંદરના સ્તૂપની સ્તંભખચિત જંઘામાં ગાળે-ગાળે કંડારેલી પ્રતિમાઓમાંની ત્રણ દર્શાવતો એક ખંડ. તેના મધ્યમાં વિશાલ કમલ પરની વરદ મુદ્રાંકિત બુદ્ધ પ્રતિમાનું યૌવનાન્વિત, માર્દવપૂર્ણ અને ધ્યાનસ્થ સ્વરૂપમાન મુખ તથા દેહની સપ્રમાણતા પ્રેક્ષણીય છે. એની જમણી બાજુના પાર્ષદનું મુખ અને કેડ પર મૂકેલો હાથ ઈત્યાદિ થોડાં જ વર્ષો પછીના કળચૂરિ રંગઢંગ ને આકૃતિઓનાં એંધાણ દર્શાવે છે. આ જ સ્તૂપની એક અન્ય અનુચારી પ્રતિમા જમણી બાજુ (છેડે) દર્શાવી છે. ચૌરીધર મૈત્રેયની આ પ્રતિમાનું મુખ કંઈક અંશે ધાતુપ્રતિમા સમું છે. તેના પગ સહેજ લંબિત અને ડાબા હાથનો પંજો તથા જમણા પગની ઘૂંટીના ભાગનું કંડારણ અપૂર્ણ હોવા છતાં તેના શિલ્પીનો માનવદેહનો સુરૂપ વિભાવ રજૂ કરે છે.

'અજંતાનાં કેટલાંક ઉપેક્ષિત શિલ્પો' વિષેના આ અંકમાંના શ્રી મધુસૂદન ઢાંકીના લેખમાં ઉલ્લેખાએલાં ચિત્ર નં. ૨, ૩ અને ૪